
વિજય અમરચંદ્રસૂરિ વિરચિત

# શ્રી વિભક્તિ વિચાર પ્રકરણ

(દ્રવ્યાનુયોગ-સભાવાનુવાદ)




સંપાદક

પૂ. આચાર્ય વિજય નરચંદ્ર સૂરિશ્વરજી મ. સા.

श्रीअमरचन्द्रसूरिविरचित

# श्री विभक्तिविचार प्रकरण

❖ **ભાવાનુવાદ** ❖

પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી માનવિજયજી ગણિવર

❖ **પૂર્વસંપાદક** ❖

પરમતારક ગુરુદેવ પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી
કાંતિવિજયજી ગણિવર

❖ **સંપાદક** ❖

પૂજ્યપાદ આ. ભ. શ્રીમદ્
વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

❖ **પ્રકાશક** ❖

પંન્યાસપ્રવરશ્રીકાંતિવિજયજીગણિવર
જૈન ગ્રંથમાળા
વઢવાણ શહેર

કૃતિ : શ્રી વિભક્તિવિચાર પ્રકરણ

પ્રકાશક : પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર
જૈનગ્રંથમાળા, વઢવાણ શહેર

આવૃત્તિ : દ્વિતીય નકલ : ૫૦૦

કિંમત : ૨૦.૦૦ વર્ષ : ૨૦૬૮ મૌનએકાદશી

(આ પુસ્તક જ્ઞાનખાતામાંથી પ્રકાશિત થયેલ હોવાથી ગૃહસ્થોએ સંપૂર્ણ મૂલ્ય જ્ઞાનખાતે જમા કરીને માલિકી કરવી.)

**પ્રાપ્તિસ્થાન**

૧ **દિપકભાઈ જી. દોશી**
કાપડના વેપારી
વઢવાણ શહેર (સૌ.) ૩૬૩૦૩૦

૨ **મયૂરભાઈ દવે**
મહારાષ્ટ્ર ભુવન જૈન જ્ઞાનભંડાર
તલેટી રોડ, પાલિતાણા

૩ **સોમાભાઈ એ. શાહ**
H/૫ સનરાઈઝ પાર્ક
ન્યુ ચૈતન્યનગર સામે
શાહીબાગ, અમદાવાદ

# સાદર સમર્પણ

જે

મહાત્મા

પોતે પચાસવર્ષથી

અખંડ ત્યાગપૂર્વક

ચારિત્રનું પાલન કરી રહ્યા છે.

અને ભવ્યજીવોને સંયમમાર્ગમાં

આકર્ષણ કરવાની પોતાની સ્વાભાવિક

અસાધારણ શક્તિના યોગે જેઓશ્રીએ આજ સુધીમાં

સંખ્યાબંધ આત્માઓને સંયમ-માર્ગમાં જોડી પ્રભુ-

માર્ગના ઉત્તમરીતિએ આરાધક બનાવ્યા છે, અને મારા જેવા

પામર આત્માનો પણ તેવી જ રીતે સંસારમાંથી ઉદ્ધાર કરી મને

રત્નત્રયીનો આરાધક બનાવ્યો છે, તે સચ્ચારિત્રચૂડામણિ

સિદ્ધાન્તમહોદધિ પરમારાધ્ય પૂજ્યપાદ પરમગુરુદેવ

**આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને**

મારી આ 'વિભક્તિવિચાર' પ્રકરણના

ભાવાર્થની નાની પુસ્તિકા સાદર-

ભાવે સમર્પણ કરી અલ્પાંશે

પણ કૃતજ્ઞતાને

અનુભવું છું.

આપનો શિશુ

**માન.**

# સમ્પાદકીય-વક્તવ્ય

**પ્રારમ્ભ ઈતિહાસ**–વિક્રમ સંવત ૨૦૦૬ના શેષકાલમાં પાટણ સ્થિરતા દરમ્યાન કેટલીક તાડપત્રીય હસ્તલિખિત પ્રતિઓની પ્રેસકોપી કરાવી. તેમાં પ્રસ્તુત **'વિભક્તિવિચાર'** પ્રકરણની પણ પ્રેસકોપી કરાવી લીધી. પ્રેસકોપી તૈયાર થયા બાદ પ્રતિ સાથે મેળવી લીધી, પરન્તુ અર્થાનુસન્ધાનની દૃષ્ટિએ વિચાર કરતાં તેમાં કેટલેક સ્થળે અશુદ્ધિઓ જણાવાથી એના પરિમાર્જન માટે પ્રત્યન્તરની શોધ કરતાં જેસલમેરના તાડપત્રીય સંગ્રહમાં તેની પ્રતિ હોવાનું જણાયું. તે વખતે સાહિત્યરસિક ઉદારચેતા પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની જેસલમેરમાં સંશોધનના કાર્ય માટે સ્થિરતા હતી. એટલે તેઓશ્રી ઉપર આ પ્રેસકોપી મોકલી આપી અને ત્યાંની પ્રતિ સાથે સંશોધિત કરીને પાઠભેદોની નોંધ કરી આપવા મેં તેઓશ્રીને વિનંતિ કરી. તેમણે પણ સંશોધનના પોતાના અનેકવિધ કાર્યોમાંથી સમય મેળવી મારી તે વિનંતિનો સહર્ષ સ્વીકાર કરી એ પ્રેસકોપીને મુદ્રણ યોગ્ય શણગારી મને મોકલી આપી. આટલું કાર્ય થયા બાદ મૂળ ગ્રન્થ તો લગભગ શુદ્ધપ્રાયઃ થઈ ગયો એમ મને લાગ્યું. ત્યારબાદ ગ્રન્થમાં અર્થબાહુલ્ય હોવા છતાં શબ્દસંક્ષેપ હોવાના કારણે સહુ કોઈ એનો લાભ નહિ લઈ શકે એમ માની ભાવાર્થ સાથે એનું મુદ્રણ કરાવવું ઉચિત લાગવાથી મેં મારા વડિલ ગુરુભ્રાતા પૂજ્ય પંન્યાસજી શ્રીમાન્ માનવિજયજી મહારાજને તેના ઉપર એક નાનકડો ભાવાર્થ લખી આપવા વિજ્ઞપ્તિ કરી. તેઓશ્રીએ પણ મારી તે વિજ્ઞપ્તિને માન આપી પોતાના પઠન-પાઠનના કાર્યમાંથી સમય કાઢી તે તે વિષયના અન્યાન્ય-ગ્રન્થોનું બારીકાઈથી અવલોકન કરી એક સુંદર ભાવાર્થ લખી

આપ્યો. ભાવાર્થ તૈયાર થયા બાદ મુદ્રણ માટે મહોદય પ્રેસમા શરૂઆત થઈ.

**પ્રસ્તુત સંસ્કરણની આવશ્યકતા –** આ પ્રકરણ હજી સુધી અમુદ્રિત હોવાથી અને અનેક વિષયોનો એના દ્વારા સંક્ષેપમાં બોધ થઇ શકે તેમ હોવાથી તેનું મુદ્રણ કરાવવામાં આવ્યું છે. ઉપકારી મહર્ષિઓએ રચેલા આવા તો અનેક મહામૂલા પ્રકરણો હસ્તલિખિત ભંડારોમાં વિદ્યમાન છે.

**સમ્પાદન સમ્બન્ધી –** આ ગ્રન્થના સમ્પાદનમાં મેં બે તાડપત્રીય પ્રતિઓનો ઉપયોગ કર્યો છે. બન્ને પ્રતિસ્થપાઠમાં અર્થાનુસન્ધાનની દૃષ્ટિએ જે પાઠ વધુ યોગ્ય લાગ્યો છે તેને મુખ્ય સ્થાન આપ્યું છે. અને જે પાઠ સર્વથા અશુદ્ધ નથી લાગ્યો તેને પાઠભેદ તરીકે નોંધ્યો છે. જે સ્થળોએ બન્ને પ્રતિઓનો પાઠ અશુદ્ધ લાગ્યો છે ત્યાં અર્થાનુસન્ધાનનો વિચાર કરી સુધારેલો પાઠ (   ) આવા ગોળ કોષ્ટકમાં મૂક્યો છે.

**પ્રકરણ પરિચય –** પ્રસ્તુત પ્રકરણની પ્રાકૃત ૧૪૧ ગાથાઓ છે, અને તે આર્યાછિન્દમાં રચેલું છે. એમાં લોકમાં રહેલા પદાર્થોનું ભેદ-પ્રભેદદ્વારા સંક્ષેપમાં વર્ણન કરવામાં આવેલું છે. જે અમોએ આપેલી વિષયસૂચિ વાંચી જવાથી જાણી શકાશે. મૂળ ગ્રન્થમાં જે જે સ્થળો સંક્ષેપમાં વર્ણવ્યા છે તે તે સ્થળોને પૂજ્ય પંન્યાસજી શ્રીમાન્ માનવિજયજી મહારાજે તે તે વિષયના અન્યાન્યગ્રન્થોની સહાય લઇ વિસ્તૃત કરી પ્રકરણના હાર્દને સમજવામાં સરળતા કરી આપી છે.

**પ્રકરણકારનો પરિચય –** પ્રસ્તુત પ્રકરણના રચયિતા શ્રીમદ્ અમરચન્દ્રસૂરિવર છે એતો અન્તિમ આર્યા ઉપરથી સુજ્ઞાત છે, પરંતુ તેઓશ્રીએ આ પ્રકરણ ક્યારે રચ્યું ? પોતે કયા ગચ્છના

હતા ? અને કોના શિષ્ય હતા ? એ બધું પ્રકરણના અન્તે અનુલ્લિખિત હોવાથી કહી શકાય તેમ નથી, તો પણ આ પ્રકરણ તાડપત્ર ઉપર મળતું હોવાથી એટલું કહી શકાય કે-૧૫મી સદી પહેલાની સદીમાં તેઓશ્રીની સત્તા હોવી જોઈએ, કારણકે તાડપત્રની પ્રતિઓ ૧૫ સદીના અન્ત સુધીની પ્રાયઃ મળે છે, પણ ત્યાર પછીની મળતી નથી. તેમાં પણ Aસંજ્ઞક પ્રતિની લીપી અને સ્થિતિ જોતાં એ પ્રતિ ૧૩ મી સદીની હોવાનું અનુમાન થઇ શકે છે. આથી પ્રસ્તુત-પ્રકરણના કર્તા ૧૩ મી સદીમાં થઇ ગયેલા આ નામના આચાર્યો પૈકી કોઇ હોવા જોઈએ. પરન્તુ એ બધું સાધન સામગ્રીના અભાવે કંઇ પણ નિર્ણીત ન થઈ શકવાથી લખી શકાયું નથી.

**પ્રતિપરિચય** — પ્રસ્તુત સંસ્કરણમાં મેં બે તાડપત્રીય હાથપ્રતિઓનો ઉપયોગ કર્યો છે.

૧. પાટણ-સંઘવીના પાડાની છે, જેની Aસંજ્ઞા રાખી છે.

૨. જેસલમેરતાડપત્રીય ભંડારની છે, જેની Bસંજ્ઞા રાખી છે.

A સંજ્ઞક પ્રતિનો તત્રત્ય જુનો ડા૦ નં. ૪૮ અને નવો ડા૦ નં. ૧૫૭/૧ છે. તેની પત્ર સંખ્યા ૧૫૪ છે. આ પ્રતિને અનેક સ્થળે ઉધઇએ જર્જરિત કરી ક્ષત-પ્રહત કરી નાંખી છે અને પત્ર ૫૩ થી ૫૭ સુધીના પાંચ પત્રોમાં તો જમણી બાજુનો લગભગ એક ષષ્ઠાંશ જેટલો ભાગ તો અલગ થઈ ગયેલો હોવાથી ગુમ થઈ ગયેલો છે. એ ભાગ ગ્રન્થપાલની બિનકાળજીથી કે ઉપયોગ કરનારાઓની બિનકાળજીથી ગુમ થયેલો છે તે અમે કહી શકતા નથી, પરન્તુ આવું તો કેટલીય મહામૂલી પ્રતિઓ માટે બન્યું હશે તે તો જ્યારે ભંડારોની પ્રત્યેક પ્રતિઓ ઝીણવટથી તપાસવામાં આવે ત્યારે જ પ્રમાણિકપણે કહી શકાય.

પ્રસ્તુત પ્રતિના ડાભડા ઉપર *द्वादश कथा* એવું નામ આપેલું છે. તેમાં પ્રાકૃત આર્યામાં રચાયેલી ભિન્નભિન્નવિષયક બાર કથાઓ (જેના સમ્પાદનની શરૂઆત પૂ. પં. **શ્રીમાન્ માનવિજયજી મહારાજ** તરફથી થઈ રહેલી છે.) પ્રસ્તુત **'અમરચન્દ્રસૂરિકૃત વિભક્તિવિચાર'** નામનું પ્રસ્તુત પ્રકરણ છે. આ પ્રતિની સમાપ્તિ બાદ પુષ્પિકા આદિ કંઇ જ નથી. આથી આ પ્રતિ ક્યારે અને કોણે લખાવી તેનો આખો ઈતિહાસ અંધારામાં જ રહે છે. લીપી અને પ્રતિની વર્તમાન સ્થિતિ ઉપરથી માત્ર એટલું જ અનુમાન કરી શકાય કે - એ પ્રતિ તેરમી સદીની આસપાસમાં લખાઈ હશે.

આ પ્રતિમાં પત્ર ૧ થી ૧૪૧ સુધીમાં બાર કથાઓ આપેલી છે. અને પત્ર ૧૪૧ થી ૧૫૪ ઉપર પ્રસ્તુત પ્રકરણ આપેલું છે. પ્રતિના અન્ત ભાગમાં *विभक्तिविचार* ના બદલે *इति विचारमुख-प्रकरणं समाप्तम्* આ પ્રમાણે છે, પરન્તુ પ્રથમ આર્યા અને ગ્રન્થસ્થ વિષયની સંકલના જોતાં *विभक्तिविचार* નામ જ યથાર્થ છે, એમ લાગવાથી અમે પણ તે જ નામ રાખ્યું છે.

B સંજ્ઞક પ્રતિ તો અમારી પાસે નહિ આવેલી હોવાથી તેનો પરિચય આપી શકાય તેમ નથી.

**ઋણસ્વીકાર** — આ ગ્રન્થના સમ્પાદનમાં મારા વડિલ ગુરુભ્રાતા પૂ. પં. શ્રીમાન્ માનવિજયજી મહારાજે પ્રસ્તુત પ્રકરણનો ભાવાર્થ લખી આપ્યો છે, તથા પહેલેથી છેલ્લે સુધીના સઘળા ય પ્રુફો કાળજીપૂર્વક જોઇ આપવામાં અને યોગ્ય સૂચના આપવામાં મને મદદ કરી છે તે બદલ તેઓશ્રીનો તથા પ્રકરણસ્થ અશુદ્ધિઓના પરિમાર્જન માટે જેસલમેરની પ્રતિ સાથે પ્રેસકોપી મેળવી પાઠભેદોની નોંધ કરી આપવામાં બદલ ઉદારચેતા સાહિત્યરસિક પૂજ્ય મુનિરાજ

શ્રીમત્ પુણ્યવિજયજી મહારાજનો તથા સંઘવીના પાડાની પ્રતિ આપવાની ઉદારતા બતાવવા બદલ પટવા સેવંતિલાલનો હાર્દિક આભાર માની કૃતાર્થતા અનુભવું છું.

**ઉપસંહાર** – પ્રાન્તે એક વિજ્ઞપ્તિ કરી વિરમું છું કે-મુદ્રિત થઈને આવેલ ફરમાઓને તપાસતાં જે કંઇ અશુદ્ધિ જણાઇ તેનું શુદ્ધિપત્રક પણ આ સાથે દાખલ કરેલું છે. તે છતાં દૃષ્ટિદોષથી કોઇ ભૂલ રહી જવા પામી હોય તેને સુજ્ઞજનો ક્ષમ્ય ગણી અમને જણાવવા કૃપા કરશે.

**પુરીબાઈ જૈન ધર્મશાળા** **કાન્તિવિજય**
**લીંબડી (સૌરાષ્ટ્ર)**
**વિ. સં. ૨૦૦૭ માગસર સુદ ૬**

# પુનઃ સંપાદન વેળાએ...

પ્રસ્તુત શ્રી વિભક્તિવિચારપ્રકરણનો પૂજ્યપંન્યાસપ્રવરશ્રી માનવિજયજી ગણિવર (પાછળથી પૂ. આ. શ્રી માનદેવસૂરિ મ. સા.) ભાવાનુવાદ કરેલ તેનું સંપાદન વિ. સં. ૨૦૦૭માં મારા પરમતારક ગુરુદેવશ્રીજીએ કરેલ તે ગ્રંથને પ્રગટ થયાને ૬૨-૬૩ વર્ષ થઇ ગયા હોવાથી અપ્રાપ્ય બનતા અને સંક્ષિપ્તરુચિવાળા જીવોને લાભદાયી હોવાથી પુનઃ સંપાદન કરીને પ્રાપ્ય બનાવાઈ રહ્યો છે. આમાં કોઈ સુધારા-વધારા કર્યા નથી માત્ર-કર્તાના સંબંધમાં મારા ગુરુદેવે જે સમયગાળાની આશંકા વ્યક્ત કરી છે તે સમયગાળામાં વાયડગચ્છીય આ. શ્રી અમરચંદ્રસૂરિ મ. થયા છે જેની નોંધ "ચતુર્વિંશતિ જિનેન્દ્ર ચરિતાનિ" ગ્રંથના સંપાદક મુનિશ્રી જગચ્ચંદ્રવિજયજી ડેલાવાળા (હાલ-આચાર્ય) એ ગ્રંથ અને ગ્રંથકારની કરેલી નોંધ મારા જોવામાં આવી તેથી આમાં ઉમેરેલી છે. આ ગ્રંથ કોઈ સંસ્કૃતવ્યાકરણવિષયક નથી પરંતુ જૈનદર્શનના પદાર્થના સંગ્રહ સ્વરૂપ છે તેનો ગુરુગમથી વ્યવસ્થિત અભ્યાસ કરી કર્મનિર્જરા કરવા દ્વારા સૌ કોઈ શીઘ્ર પરમપદને પામે એજ શુભાભિલાષા.

**પૂજ્યપાદ તારકગુરુદેવ સ્વ. પંન્યાસપ્રવરશ્રી**
**કાંતિવિજયજીગણિવરનો વિનેય**
**નરચંદ્રસૂરિ**

**વિ. સં. ૨૦૬૯**
**આ. સુ. ૧, દશેરા**
**પુ. રા. જૈન આરાધના ભવન**
**સાબરમતી, અમદાવાદ**

# ગ્રંથ અને ગ્રંથકાર

જિનશાસનના ગગનમંડળમાં સૂર્ય-ચન્દ્ર-ગ્રહ-નક્ષત્ર-તારાની ઉપમાને પામી શકે તેવા અનેકાનેક જીવોએ આ વિશ્વને તેજોમય બનાવી જિનશાનની આન-બાન અને શાનને વધારી છે. મહાપુરુષોએ ઘણા શાસ્ત્રોને અવગાહી ભવ્યજીવોનાં ઉપકારાર્થે ઘણા શાસ્ત્રગ્રન્થો રચ્યા છે. તે પૈકી સૂર્યની ઉપમાને વરેલા મહાપુણ્યનાં પ્રાગ્ભારથી શોભતા, વિશ્વનાં સમસ્ત પ્રાણીગણ માટે કરૂણાનાં ધોધસમા એવા પરમપવિત્રપુણ્યાત્મા શ્રી તીર્થંકરદેવોનાં ચરિત્રોનું વર્ણન છે. જ્ઞાનીઓ પણ કહે છે કે મુખમાં ૧૦૦૦ જીભ હોય હૃદયમાં કેવળજ્ઞાન હોય અને અમાપ આયુષ્ય હોય તો પણ ગુણગરિમાથી શોભતા આ પુણ્યપુંજોનું ચરિત્ર કહી શકાતું નથી. તે તો નાના મોઢે મોટી વાત કરવા જેવું થાય.

**"शिरसा गिरिं बिभित्सेदुच्चिक्षिप्सेच्च स क्षितिं दोर्भ्याम् ।**
**प्रतितीर्षेच्च समुद्रं मित्सेच्च पुनः कुशाग्रेण ॥२८॥**

**तत्वार्थभाष्यकारिका**

પૂજ્યશ્રી ઉમાસ્વાતિજી મહારાજનાં શ્રીમુખેથી ઉપરોક્ત ઉદ્ગાર સરી પડ્યા છે તેવી જ અવઢવ આ ગ્રન્થનાં ગ્રન્થકારશ્રી અમરચન્દ્રસૂરિ મ. ની હશે તેમ માનવા મન પ્રબળ દબાણ કરી રહ્યું છે. આ વાતની સાક્ષી તેઓશ્રીનાં જ શબ્દોમાં જોઈએ.

**"बालोऽहं कलयामि चापलमिदं कर्तुं युगादिप्रभोर्यावद् ।**
**वीरविभुं जिनेश्वरचरित्राणां चतुर्विंशतिम् ॥"**

**पद्मानन्द काव्य सर्गे १/१३०**

તો પણ "શુભકાર્યે સદા યતિતવ્યં" એ જ્ઞાનીઓની હિતશિક્ષાને

નજર સામે રાખી શ્વેતાંબરશ્રમણાગણી, વાગ્દેવીપ્રદત્તવરથી વિભૂષિત, કવિચક્રવર્તિપદથી શોભતા, પ્રજ્ઞાચૂડામણિ, પરોપકારપરાયણ એવા આચાર્યશ્રી અમરચન્દ્રસૂરિ મહારાજે સ્વ-પરનાં આત્મશ્રેયને સમજી આ ગ્રંથની રચના કરી છે.

આચાર્યશ્રી અમરચન્દ્રસૂરિ મ. નો ચોક્કસ સમયકાળ (સ્થિતિનિર્ણય) માટે કોઇ પ્રબળપુરાવા અદ્યાવધિ મળ્યા નથી. છતાં અનુમાનથી તેમનાં સમયકાળને તેમની કૃતિઓથી, શ્રી રાજશેખરીય પ્રબંધકોશનાં આધારે (સં. ૧૪૦૫) સમકાલીન મહાપુરુષોનાં આધારે અને ઐતિહાસિક લેખનાં માધ્યમથી પ્રો. હિ. ૨. કાપડિયાએ 'ભૂમિકા' શિર્ષક તળે લખાયેલ લેખમાં અટકળે સમયકાળ તેરમા સૈકાનો ઉત્તરાર્ધ અને ચૌદમા સૈકાનો પૂર્વાર્ધ તરીકે ગણાવ્યો છે. તે અનુમાન સત્ય હોવાના ઘણા કારણો મોજુદ છે. તેને વિગતે જોઈએ.

આચાર્ય શ્રી અમરચંદ્રસૂરિજીનો સત્તાકાળ મહારાજા વિશલદેવનાં શાસનકાળ દરમ્યાન થયા હોવાની વાત પ્રબંધકોશકારે કરેલી છે. તો મહારાજા વિશલદેવનો રાજ્યસમયનો નિર્ણય પ્રો. હિ. ૨. કાપડિયાએ આબુપર્વત ઉપર રહેલા વિમલવહિકાનાં જિનમંદિરમાં પ્રવેશતાં મૂલપ્રશસ્તિસ્થાનથી ડાબીબાજુ પાંચ દેવકુલિકા પૂર્વે દેવકુલિકાની બહાર કાળા પથ્થર ઉપર લખાયેલ શિલાલેખ અક્ષરશઃ રજુ કરેલ છે. તેમાં શ્રી મહારાજા વિશળદેવનો સમય વિ. સં. ૧૩૫૦ નો સ્પષ્ટ ઉલ્લેખ છે. અને તેમનાં શાસનકાળ દરમ્યાન જ આચાર્ય શ્રી અમરચન્દ્રસૂરિજીની સ્થિતિનો નિશ્ચય થાય છે. ખ્રિસ્તી સન્ પ્રમાણે પૂજ્ય ગ્રન્થકારશ્રી તેરમા સૈકામાં થયા તેમ કહી શકાય.

આ સિવાય અન્ય એક પુરાવાને રજુ કરતાં પ્રો. હિ. ર. કાપડિયાએ પાટણનાં અષ્ટાપદજીનાં મંદિરમાં રહેલ આ. શ્રી અમરચન્દ્રસૂરિજીની પ્રતિમા ઉપર કોતરાયેલા લેખને રજુ કરેલ છે. જેમાં "સંવત ૧૩૪૯ ચૈત્ર વદ-૬ શનિવારે વાયટીયગચ્છે જિનદત્તસૂરિનાં શિષ્ય પંડિત શ્રી અમરચન્દ્રની આ મૂર્તિ પં. મહેન્દ્રનાં શિષ્ય મદનચન્દ્રએ કરાવી." એવો ઉલ્લેખ છે. આથી સં. ૧૩૪૯ પહેલા જ પૂજ્ય ગ્રન્થકારશ્રીનો કાલધર્મ થયો હશે તેમ અનુમાન કરેલ છે.

પૂજ્યશ્રી વાયડવંશના (ગચ્છનાં) ભૂષણ હતાં. તેઓ આચાર્યશ્રી જિનદત્તસૂરિનાં શિષ્ય હતાં. આ. શ્રી જિનદત્તસૂરિનાં ભક્તકવિરાજ અરિસિંહથી અમરચન્દ્રસૂરિએ સિદ્ધસારસ્વત મંત્ર ગ્રહણ કરી વાયડગચ્છનાં મહાભક્ત પદ્માનંદમંત્રીનાં વિશાલ ગૃહનાં એકાંત ભાગમાં નિદ્રાજય-આહારજય અને કષાયજય પૂર્વક ૨૧ આયંબિલ સહિત એકાગ્રતાપૂર્વક જાપ કરેલ તથા વિસ્તારથી હોમ પણ કર્યો. એકવીશમાં દિનની મધ્યરાત્રિએ આકાશમાં ઉગેલા ચન્દ્રબિંબમાંથી નીકળી સાક્ષાત્ સ્વરૂપે આવીને ભારતીદેવીએ પ્રસન્ન થઈ "સિદ્ધકવિભવઃ" અને "રાજાઓથી પૂજા-ગૌરવ પ્રાપ્ત કર" આ બે વરદાન આપ્યાં. ત્યારથી પં. અમરચન્દ્ર મહાકવિનાં બિરૂદ ધારક બન્યાં.

તેઓશ્રીએ પોતાની કવિત્વશક્તિથી ગૂર્જરાધિપતિ વિશલદેવને પણ ચમત્કૃત કર્યા હતાં. મહારાજાએ આચાર્યશ્રીને પોતાની રાજસભામાં આદરમાન આપેલ. આચાર્યશ્રીએ પોતાની કવિત્વશક્તિથી સભાને પણ રંજિત કરેલ. ત્યાં રહેલા જુદા જુદા

પંડિતો દ્વારા અપાતી ૧૦૮ સમસ્યાઓની પૂર્તિ કરી વિદ્વાનોને પણ પ્રભાવિત કર્યા હતાં. આમ પૂજ્યશ્રીએ નૃપાદિને પ્રતિબોધ પમાડી જિનધર્મવાસિત કરી મહાન શાસનપ્રભાવના કરેલ.

અલબત્ત આ સિવાય તેમનાં જીવનવિષે તેમની રચનાઓ સિવાય કોઈ જ માહિતી સાપડતી નથી. પરંતુ તેઓશ્રીએ રચેલી કૃતિઓ દ્વારા દૃઢ નિશ્ચય થાય છે કે આચાર્યશ્રી અમરચન્દ્રસૂરિજી મહાન પ્રજ્ઞાપ્રતિભાનાં સ્વામી હશે. તેમણે રચેલી કેટલીક કૃતિઓ નીચે પ્રમાણે છે. તે ગ્રંથોનો પરિચય વિસ્તારભયથી અત્ર મોકુફ રાખી અવસરે આપવા ભાવના છે અલંકારપ્રબોધ, કલાકલાપ, કાવ્ય કલ્પલત્તા, છંદોરત્નાવલી, સ્યાદિશબ્દ સમુચ્ચય, બાલ ભારત, પદ્માનંદ મહાકાવ્ય, ચતુર્વિંશતિ જિનેન્દ્ર સંક્ષિપ્ત ચરિત્રાદિ... આદિ.

આ પૈકીનાં ઘણાં ગ્રન્થો તો પ્રચૂરપાંડિત્યયુક્ત છે. રચના મનોહર અને આલ્હાદક છે. આચાર્યશ્રીની કેટલીક કૃતિઓ હજુ ઉપલબ્ધ થઈ નથી.

વાયટવંશભૂષણ મંત્રી શ્રી પદ્મશ્રાવકની વિનંતીથી પૂજ્યશ્રીએ તીર્થંકર દેવોનાં ચરિત્રને સંક્ષેપથી અને વિસ્તારથી રચેલાં છે. તેવો ઉલ્લેખ પૂજ્યશ્રીએ પોતે જ કરેલ છે. પરંતુ તે પ્રત્યેક શ્રી તીર્થંકર દેવોનાં ચરિત્રો હજુ પ્રાપ્ત થયા નથી. માત્ર પદ્માનંદ મહાકાવ્યનાં નામાભિધાનથી શોભતા પ્રભુ શ્રી આદિનાથનું ચરિત્ર પ્રાપ્ત થાય છે. બાકીનાં ૨૩ તીર્થંકર પ્રભુનાં ચરિત્રો અદ્યાવધિ મળ્યા નથી. આથી અનુમાન થઇ શકે કે કદાચ વિસ્તારથી ચરિત્રો રચવાની ભાવના પ્રદર્શિત કર્યા બાદ તે ચરિત્રો રચી શકે તેટલી કાયસ્થિતિ તેમની રહી ન હોય અને તે પૂર્વે જ સ્વર્ગે સીધાવી ગયા હોય. અથવા તો રચાયા બાદ કોઈ કારણસર તે ગ્રન્થ રચનાઓ નાશ

પામી ગઈ હોય અથવા તો હજી ક્યાંક કાલની ગર્તામાં ભંડારાયેલી પણ પડી હોય. જે હોય તે, પરંતુ શ્રી જિનેશ્વર ચરિત્રની બીજી કૃતિઓ હજુ પ્રાપ્ત થઈ નથી તે હકીકત છે.

વૈ. સુદ ૫
સં. ૨૦૫૧
ધાનેરા

મુનિ જગત્ચન્દ્રવિજય
(વર્તમાનમાં આચાર્ય)

(શ્રી ચતુર્વિંશતિ જિનેન્દ્ર-ચરિતાનિમાંથી સાભાર)

# પ્રકાશકીય નિવેદન

સ્યાદ્વાદમય જૈનદર્શનમાં અનેકાનેક પૂર્વાચાર્ય ભગવંતોએ બાળજીવોના બોધને માટે પ્રાકૃત-સંસ્કૃત-ગુજરાતી આદિ ભાષાઓમાં ઢગલાબંધ ગ્રંથોની રચનાઓ કરી છે. તેમાં મહાકવિવર આચાર્ય પ્રવરશ્રી **અમરચંદ્રસૂરિ** વિરચિત પ્રસ્તુત ગ્રંથ શ્રી વિભક્તિવિચાર પ્રકરણ અપ્રગટ હોવાથી પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવરે વિ. સં. ૨૦૦૭માં સભાવાનુવાદ સંપાદિત કરીને તપાગચ્છ શ્રીસંઘ રાંધેજા તરફથી પ્રકાશિત થયેલ તે ગ્રંથ જીર્ણપ્રાયઃ જણાતાં પૂર્વસંપાદકશ્રીજીના પટ્ટધરરત્ન વાત્સલ્યવારિધિ પૂજ્યપાદ-આ. ભ. **શ્રી વિજય નરચંદ્રસૂરીશ્વરજી મ. સા.**ના પુનઃ સંપાદન દ્વારા તેઓશ્રીના ૫૮ વર્ષીય સંયમજીવનની પરિપૂર્ણતાના અવસરે **પૂજ્ય માતૃહૃદયા સાધ્વીજી શ્રી રતિપ્રભાશ્રીજી મ. સા.** ની નિશ્રામાં થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી આજે પુનઃ પ્રકાશિત થઈ રહ્યો છે તે ખરેખર આનંદની વાત છે.

વિ. સં. ૨૦૭૦
મૌન એકાદશી

લિ. પંન્યાસપ્રવરશ્રી
કાંતિવિજય ગણિવર
જૈન ગ્રંથમાળા
વઢવાણ શહેર

# વિષયસૂચિ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રકરણકારનું મંગલ અભિધેય વગેરે.. | ૧ |
| વિભક્તિનો અર્થ.. | ૨ |
| દ્રવ્યવિભક્તિના ભેદો.. | ૩ |
| મુક્તજીવોના તીર્થસિદ્ધાદિ પંદર ભેદો.. | ૪ |
| ચાલુ અવસર્પિણીમાં તીર્થવિચ્છેદનો કાલ.. | ૫ |
| સ્વયંબુદ્ધ તથા પ્રત્યેકબુદ્ધની પરસ્પર વિશિષ્ટતા.. | ૭ |
| સંસારિજીવોના ભેદ અને પ્રભેદો.... | ૧૨ |
| પૃથ્વીકાયાદિની પરસ્પર ભિન્નતા તથા જીવત્વસિદ્ધિ | ૧૩ |
| અજીવદ્રવ્યના ભેદો તથા સ્વરૂપ | ૨૧ |
| ક્ષેત્રવિભક્તિના ભેદો તથા સ્વરૂપ | ૨૪ |
| ક્ષેત્રલોકનું સ્વરૂપ | ૨૪ |
| ક્ષેત્રલોકમાં રહેલ વસ્તુ તથા એકેન્દ્રિયાદિ જીવોના સ્થાનો.. | ૨૫/૨૮ |
| ક્ષેત્રલોકમાં અજીવદ્રવ્યોનું સ્થાન | ૩૦ |
| આર્ય અનાર્ય ક્ષેત્રની સંખ્યા, નામ, રાજધાની વગેરે | ૩૨ |
| અતીતાદિત્રણકાલનું પ્રમાણ | ૩૬ |
| અવસર્પિણી, ઉત્સર્પિણીનું કાલમાન, છ આરાનું સ્વરૂપ | ૩૭ |
| કલ્પવૃક્ષોના તથા તેનાથી પ્રાપ્ત થતી વસ્તુઓના નામ | ૩૮ |
| સમયઆવલિકાદિનું કાલમાન | ૪૪ |
| નક્ષત્રાદિમાસનું સ્વરૂપ તથા કાલમાન | ૪૫ |
| પલ્યોપમ, સાગરોપમ, પુદ્‌ગલપરાવર્તના ભેદ તથા સ્વરૂપ | ૪૯ |
| જીવગત ઔદયિકાદિભાવોનું સ્વરૂપ તથા ભેદો | ૫૪ |
| અજીવદ્રવ્યોના પારિણામિકાદિ તથા વર્ણગંધરસાદિ ભાવો | ૬૧ |
| પુદ્‌ગલદ્રવ્યના પાંચ પ્રકારના સંસ્થાનોનું સ્વરૂપ | ૬૧ |
| ધર્માસ્તિકાયાદિ અરૂપીદ્રવ્યોના ભાવોનું સ્વરૂપ | ૬૯ |
| પ્રકરણની સમાપ્તિ તથા પ્રકરણનો નામનિર્દેશ | ૭૧ |
| શ્રમણ આત્મનિન્દા કુલક | ૭૩ |
| પરિશિષ્ટ-૧ શાસ્ત્રોનું તારણ | ૭૭ |

॥ अर्हम् ॥

श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमो नमः ।

आचार्यश्रीमद्-अमरचन्द्रसूरिविरचितम्

# श्रीविभक्तिविचारप्रकरणम् ।

## ( भावार्थसहितम् )

वीरं नत्वा गुरून् नत्वा, स्मृत्वा च श्रुतदेवताम् ।
श्रीविभक्तिविचारस्य, भावार्थो लिख्यते मया ॥१॥

निम्मलनाणपयासियवत्थुविभत्तिं नमित्तु वीरजिणं ।
किंचि विभत्तिवियारं, वुच्छं बालावबोहत्थं ॥१॥

**ભાવાર્થ**—શિષ્ટપુરુષોના આચરણને અનુસરીને પ્રકરણકાર પોતે ગ્રંથની શરૂઆતમાં મંગલ, અભિધેય અને પ્રયોજન વગેરેને બતાવતા કહે છે કે-નિર્મળ એવા કેવલજ્ઞાનથી પ્રકાશિત કર્યા છે વસ્તુઓના ભેદો જેમણે એવા શ્રીવીરભગવાનને નમસ્કાર કરીને બાલજીવોના બોધને માટે સંક્ષેપમાં 'વિભક્તિવિચાર' નામના પ્રકરણને હું કહીશ. આ શ્લોકમાં *'नमित्तु वीरजिणं'* એ પદથી વીરભગવાનને નમસ્કાર કરવારૂપ ભાવમંગલ છે. *'विभत्तिवियारं'* એ પદથી અભિધેય તથા ગ્રન્થનું નામ જણાવ્યું છે. *'बालावबोहत्थं'* એ પદથી બાલજીવોના બોધને માટે રચનારૂપ પ્રયોજન બતાવાયું છે, અને ઉપાય-ઉપેયાદિ સંબંધો તો અર્થાપત્તિથી આવી જાય છે ॥૧॥

**इह विभयणं विभत्ती, भेयपभेया पयत्थसत्थस्स ।**
**सा छब्भेया भणिया, पहूहि सिरिभद्दबाहूहिं ॥२॥**

**ભાવાર્થ**—યદ્યપિ વિભક્તિના અનેક અર્થો થાય છે, પરન્તુ અહીં '**વિભક્તિવિચાર**' નામના પ્રકરણની અંદર વિભક્તિનો અર્થ પદાર્થનો જે સમૂહ તેનો ભેદ અને પ્રભેદથી વિભાગ કરવો એવો લેવાનો છે. અને **શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી** મહારાજએ તે વિભક્તિના છ ભેદો-નિક્ષેપા કહેલા છે ॥૨॥

**नामं ठवणा दविए, खेत्ते काले तहेव भावे य ।**
**एसो य[1] विभत्तीए, निक्खेवो छव्विहो होइ ॥३॥**

**ભાવાર્થ**—નામ. ૧, સ્થાપના. ૨, દ્રવ્ય. ૩, ક્ષેત્ર. ૪, કાલ. ૫, તથા ભાવ. ૬. આ પ્રમાણે વિભક્તિના છ નિક્ષેપા થાય છે. ॥૩॥

—ઉપર જણાવેલા છ નિક્ષેપાનો સામન્ય અર્થ જણાવે છે.

**नामं सन्ना ठवणा नासो, दव्वं कहिज्जए धम्मी ।**
**खेत्तं गयागं कालो, अद्धा भावो य[2] धम्मोत्ति ॥४॥**

**ભાવાર્થ**—નામ એટલે સંજ્ઞા, વ્યવહારમાં દ્રવ્યને ઓળખવા માટે જે 'નામ'નો નિર્દેશ કરવામાં આવે છે તે. સ્થાપના એટલે ન્યાસ, દ્રવ્યની સંજ્ઞાન્તરમાં સ્થાપના, દ્રવ્ય એટલે ધર્મી, ધર્મયુક્ત પદાર્થ. ક્ષેત્ર એટલે આકાશ, દ્રવ્યોનો આધાર, કાલ એટલે અદ્ધા, સમય આવલિકાદિથી ઓળખાતો કાલ, અને ભાવ એટલે ધર્મ, દ્રવ્યમાં રહેલા ધર્મો ॥૪॥

१. उ वि० A । २. उ ध० B ।

હવે તે છ નિક્ષેપોને વિભક્તિની સાથે વિશેષાર્થથી ઘટાવતા પ્રથમ નામવિભક્તિનું સ્વરૂપ કહેવામાં આવે છે –

**तत्थ य नामविभत्ती, जस्स अजीवस्स अहव जीवस्स ।**
**कीरइ विभत्तिनामं, जहा सियाई तियाई य ॥५॥**

**ભાવાર્થ**–જેમ સ્યાદિ અને ત્યાદિ પ્રત્યયોને વિભક્તિ કહેવામાં આવે છે, તેમ કોઇ જીવ અથવા અજીવ દ્રવ્યનું વિભક્તિ એવું નામ કરવામાં આવે તે નામવિભક્તિ કહેવાય છે. અર્થાત્ તે નામ તે શબ્દના અર્થની અપેક્ષા વગરનું અને તે શબ્દના અર્થવાળા બીજા શબ્દોથી ન કહી શકાય તેવું હોવું જોઈએ ॥૫॥

સ્થાપનાવિભક્તિનું સ્વરૂપ –

**ठवणविभत्ती पुण तत्थ, जत्थ ता एव लिंग( ०गी० )धाऊण ।**
**पुरओ ठाविज्जंती, पुत्थयपत्ताइनत्था वा ॥६॥**

**ભાવાર્થ**–વિભક્તિના જે સ્યાદિ તથા ત્યાદિ પ્રત્યયો નામ તથા ધાતુની આગળ મૂકવામાં આવે અથવા તે પ્રત્યયો પુસ્તક અગર પત્ર વગેરે ઉપર લખવામાં આવે તેને સ્થાપના-વિભક્તિ કહેવામાં આવે છે ॥૬॥

**जीवाजीवासहावा, दव्वविभत्ती उ कित्तिया सुत्ते ।**
**जीवा हवंति दुविहा, मुत्ता संसारिया चेव ॥७॥**

**ભાવાર્થ**–દ્રવ્યવિભક્તિ એટલે દ્રવ્યના વિભાગ. તે દ્રવ્યના વિભાગ શાસ્ત્રમાં જીવ એટલે સચેતન અને અજીવ એટલે અચેતન એમ બે સ્વભાવે કરીને બે પ્રકારના કહેલા છે. તે

જીવો પણ બે પ્રકારના છે. એક પ્રકાર સકલકર્મથી મુક્ત થઈને સિદ્ધિગતિને પામેલા મુક્તિના જીવોનો અને બીજો પ્રકાર, કર્મને વશ થઈ ચારગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરનારા સંસારિજીવોનો ॥૭॥

મુક્તજીવોના ભેદ –

**दुविहा वुत्ता मुत्ता वि, दव्वओ कालओ य नाणीहिं ।**
**पंचदस दव्वओ तत्थ, तित्थसिद्धाइभेएहिं ॥८॥**

**ભાવાર્થ**–જ્ઞાનીઓએ મુક્તિના જીવો પણ દ્રવ્યથી અને કાલથી એમ બે પ્રકારના કહેલા છે. તેમાં દ્રવ્યથી મુક્તિના જીવો તીર્થસિદ્ધ આદિ ભેદથી પંદરપ્રકારના કહેલા છે. જે તીર્થ-તીર્થંકરાદિ દ્રવ્યના અવલંબનને પામીને સિદ્ધ થયા હોય તે અહીં દ્રવ્યથી સિદ્ધ સમજવા ॥૮॥

દ્રવ્યસિદ્ધના પંદર ભેદો –

**ते हुंति तित्थसिद्धा, तित्थे सइ जेहिं निव्वुई पत्ता ।**
**तित्थं च चाउवन्नो, संघो पढमो व गणहारी ॥९॥**

**ભાવાર્થ**–તીર્થની સ્થાપના થયા પછી જ્યાં સુધી તીર્થ વિદ્યમાન હોય-વિચ્છેદ પામ્યું ન હોય ત્યાં સુધીમાં જે જીવો સિદ્ધિપદને પામે તે જીવો તીર્થસિદ્ધ કહેવાય અને સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર એ તીર્થ કહેવાય છે ॥૯॥

**तित्थंमि अणुप्पन्ने, मरुदेवी सामिणि व्व जे सिद्धा ।**
**ते उण अतित्थसिद्धा, निद्दिट्ठा दिट्ठतत्तेहिं ॥१०॥**

ભાવાર્થ—શ્રી ઋષભદેવ સ્વામીએ ચતુર્વિધ સંઘની-તીર્થની સ્થાપના કરી તે પહેલાં જ જેમ મરુદેવી માતા સિદ્ધપદને પામ્યા, તેમ જે આત્માઓ તીર્થની સ્થાપના પહેલાં જ સિદ્ધિપદને પામે તેને તત્ત્વદર્શી જ્ઞાનીઓએ (૧) અતીર્થસિદ્ધ કહેલા છે ॥૧૦॥

**सत्तसु जिणंतरेसुं, तित्थुच्छेए व जाइसरणेणं ।**
**जे पाविय सिवमग्गं, सिद्धा तस्स य इमो कालो ॥११॥**

ભાવાર્થ—જેમ તીર્થની સ્થાપના પહેલાં મુક્તિમાં જનારા આત્માઓ અતીર્થસિદ્ધ કહેવાય છે તેમ જે આત્માઓ સાત શ્રી જિનેશ્વર દેવોના આંતરાના કાલમાં તીર્થ-વિચ્છેદના કાલમાં પણ જાતિસ્મરણાદિ પામીને મોક્ષમાર્ગની આરાધના કરી-સિદ્ધાવસ્થાને પામ્યા હોય તે પણ અતીર્થસિદ્ધ કહેવાય. તે સાત આંતરામાં તીર્થવિચ્છેદનો કાલ આ પ્રમાણે છે ॥૧૧॥

**चउभागु१ चउब्भागो२ दोन्नि य चउभाग३ तिन्नि चउभागा४**
**दो ५ एक्क ६ एक्कभागा ७ सत्तंतरएसु पलियस्स ॥१२॥**

ભાવાર્થ—શ્રીસુવિધિનાથ ભગવાનના નિર્વાણથી માંડીને શ્રીશાન્તિનાથ ભગવાનના તીર્થની સ્થાપના સુધીના સાત આંતરામાં જ તીર્થનો વિચ્છેદ થયેલો છે. બીજા કોઈ જિનેશ્વર દેવોના આંતરામાં તીર્થનો વિચ્છેદ થયેલો નથી. તેમાં શ્રીસુવિધિનાથ અને શ્રીશીતલનાથ ભગવાનના આંતરાનો જે કાલ છે તેના છેલ્લા એક પલ્યોપમનો ચોથો ભાગ બાકી રહ્યો ત્યારે તીર્થનો વિચ્છેદ થયો હતો (૧) તેવી રીતે દશમા અને અગ્યારમાં ભગવાનના આંતરાના છેલ્લા પલ્યોપમનો ચોથો ભાગ (૨), અગ્યારમાં અને બારમા જિનેશ્વરના આંતરાના

છેલ્લા પલ્યોપમનો અડધો ભાગ (૩), બારમા અને તેરમા ભગવાનના આંતરાનો છેલ્લો પોણો પલ્યોપમ (૪), તેરમા અને ચૌદમા જિનેશ્વરના આંતરાનો છેલ્લો અડધો પલ્યોપમ (૫), ચૌદમા અને પંદરમા ભગવાનના આંતરાના છેલ્લા પલ્યોપમનો ચોથો ભાગ (૬) અને પંદરમા તથા સોલમા જિનેશ્વરના આંતરાના છેલ્લા પલ્યોપમનો ચોથો ભાગ (૭) બાકી રહ્યો ત્યારે તીર્થનો વિચ્છેદ થયેલો છે. એકંદર પહેલા જિનેશ્વરના તીર્થની સ્થાપનાથી શ્રીવીરભગવાનના તીર્થની સ્થાપના સુધીના કાળમાં ફક્ત પોણા ત્રણ પલ્યોપમના કાળમાં તીર્થનો વિચ્છેદ-અભાવ હતો. બાકીના કાળમાં તીર્થ જયવંતુ વર્તતું હતું[1] તીર્થસ્થપાયા બાદ મોક્ષે જાય તે (૨) **તીર્થસિદ્ધ** કહેવાય છે. ॥૧૨॥

**जे तित्थगरा होउं, सिद्धा ते हुंति तित्थगरसिद्धा ।**
**जे उण तव्विवरीया, ते एत्थ अतित्थगरसिद्धा ॥१३॥**

**ભાવાર્થ–**જે આત્માઓ તીર્થંકર અવસ્થા ભોગવીને સિદ્ધ થયા તે (૩) તીર્થંકરસિદ્ધ કહેવાય છે અને તેનાથી વિપરીત એટલે જે તીર્થંકર અવસ્થા પામ્યા વગર સામાન્ય કેવલી થઈ સિદ્ધ થયા તે (૪) અતીર્થંકરસિદ્ધ કહેવાય છે ॥૧૩॥

---

૧. અહીં તીર્થવિચ્છેદનો જે કાળ કહ્યો છે તેમાં અને શ્રીપ્રવચનસારોદ્ધારના ૩૬મા દ્વારમાં જે સાદ અંતરામાં તીર્થવિચ્છેદ-કાળ જણાવ્યો છે તેમાં થોડો ફેરફાર છે. ત્યાં ૯-૧૦, ૧૦-૧૧, ૧૧-૧૨, ૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫, અને ૧૫-૧૬ માં જિનેશ્વરોના આંતરાના છેલ્લા પલ્યોપમના અનુક્રમે $\frac{1}{4}$, $\frac{1}{4}$, $\frac{3}{4}$, $\frac{1}{4}$, $\frac{3}{4}$, $\frac{1}{4}$ અને $\frac{1}{4}$ ભાગે તીર્થનો વિચ્છેદ થયાનું જણાવેલ છે. સાતેનો ભેગો કાલ તો બન્નેનો સરખો જ છે.

**समयवबुज्जिय सिद्धा, सबुद्धसिद्धा पडुच्च बज्झं तु ।**
**पत्तेयबुद्धसिद्धा, तेसिं विसेसो इमो नेओ ॥१४॥**

**ભાવાર્થ–** કોઈપણ જાતના બાહ્યનિમિત્ત પામ્યા વગર અગર ઉપદેશ પામ્યા વગર પોતાની મેળેજ જાતિસ્મરણાદિથી બોધ પામીને ચારિત્ર લેઈ જે સિદ્ધ થયેલા છે તે (૫) **સ્વયંબુદ્ધસિદ્ધ** કહેવાય છે, અને જે બાહ્યનિમિત્ત પામીને ચારિત્ર લેઇ સિદ્ધ થયેલા છે તે (૬) **પ્રત્યેકબુદ્ધસિદ્ધ** કહેવાય છે. તે સ્વયંબુદ્ધસિદ્ધ અને પ્રત્યેકબુદ્ધસિદ્ધમાં આટલો વિશેષ-ફેરફાર જાણવો ॥૧૪॥

**सुरलिंगो पुव्वसुए, अनियय-नियया सबुद्ध-पत्तेया ।**
**अनिमित्तोयरबोही, बारस-नवभेयउवगरणा ॥१५॥**

**ભાવાર્થ–**દેવતાએ વેષ આપવો અને પૂર્વભવમાં ભણેલું શ્રુત યાદ આવવું, આ બે વસ્તુનું સ્વયંબુદ્ધસિદ્ધમાં અનિયતપણું હોય, અર્થાત્ દેવતા વેષ આપે અને પૂર્વભવમાં ભણેલું શ્રુત યાદ આવે એવો નિયમ નહિ. જો પૂર્વભવમાં ભણેલું શ્રુત બોધ પામતી વખતે યાદ આવી જાય તો દેવતા વેષ આપે, અથવા ગુરુપાસે જઇને પણ દીક્ષાનો સ્વીકાર કરે. અને જો પૂર્વે ભણેલું શ્રુત યાદ ન આવે તો ગુરુપાસે જ લિંગનો સ્વીકાર કરે. વિશેષમાં પૂર્વાધીત શ્રુત યાદ આવી ગયું હોય અને એકાકી વિહાર કરવાને સમર્થ હોય તથા પોતાની તેવી ઇચ્છા હોય તો તે એકાકી વિચરે અને ઇચ્છા ન હોય તો ગુરુનિશ્રામાં પણ રહે. પરન્તુ જો પૂર્વાધીત શ્રુત યાદ ન આવ્યું હોય તો અવશ્ય ગુરુનિશ્રામાં જ રહે. જ્યારે પ્રત્યેકબુદ્ધને તો દેવતા જ વેષ

આપે. કદાચિત્ લિંગરહિત પણ રહે, અને પૂર્વભવમાં ભણેલ શ્રુત યાદ આવે એ નિશ્ચિત, અને તેઓ કોઈની પણ નિશ્રાનો સ્વીકાર ન કરે. તથા બન્નેના બોધના કારણમાં પણ તફાવત છે. સ્વયંબુદ્ધને કોઈ બાહ્યનિમિત્ત

અગર કોઈનો ઉપદેશ બોધ પામવામાં નિમિત્ત ન હોય, પરન્તુ તેઓ પોતાના જાતિસ્મરણાદિથી બોધ પામે છે. જ્યારે પ્રત્યેકબુદ્ધને બોધ પામવામાં કોઈ ને કોઈ બાહ્ય વૃષભાદિ નિમિત્તની અપેક્ષા રહે છે. વળી સ્વયંબુદ્ધને બાર પ્રકારના ઉપકરણો હોય છે અને પ્રત્યેકબુદ્ધને નવ પ્રકારના ઉપકરણો હોય છે.

મુખવસ્ત્રિકા ૧, રજોહરણ ૨, બે કપડા તથા કામળી મળી ત્રણ ૫, તથા પાત્રસંબંધી સાત પ્રકારની ઉપધિ, એમ ૧૨ ઉપકરણો સ્વયંબુદ્ધને હોય. જ્યારે પ્રત્યેકબુદ્ધને જઘન્યથી મુખવસ્ત્રિકા અને રજોહરણ એમ બેજ ઉપકરણો તથા ઉત્કૃષ્ટથી મુખવસ્ત્રિકા ૧, રજોહરણ ૨, તથા પાત્રસંબંધી સાત પ્રકારની ઉપધિ મળી કુલ ૯ ઉપકરણો હોય ॥૧૫॥

**बुद्धा मुणओ जे तेहिं, बोहिया मुत्तिमंदिरं पत्ता ।**
**ते बुद्धबोहिया खलु, सिद्धा जिणसासणे सिद्धा ॥१६॥**

**ભાવાર્થ—**બુદ્ધ એટલે મુનિ, આચાર્ય અથવા તીર્થંકર. તેમના ઉપદેશથી જે બોધ પામીને શિવમન્દિરમાં પહોંચેલા છે તેમને જ જિનશાસનમાં (૭) **બુદ્ધબોધિત સિદ્ધો** કહેલા છે ॥૧૬॥

**संतेसु नियकुलिंगिय-गिहत्थलिंगेसु सुद्धपरिणामा ।**
**जे सिद्धिपुरीए गया स-अन्न-गिहिलिंगसिद्धा ते ॥१७॥**

**ભાવાર્થ**–જે સાધુવેષમાં, અન્યતીર્થિના સાધુવેષમાં અને ગૃહસ્થવેષમાં હોય અને પોતાના શુદ્ધપરિણામદ્વારા કેવલજ્ઞાન પામી મુક્તિપુરીમાં ગયેલા હોય તે અનુક્રમે (૮) **સ્વલિંગસિદ્ધ**, (૯) **અન્યલિંગસિદ્ધ**, અને (૧૦) **ગૃહસ્થલિંગસિદ્ધ** કહેવાય છે ॥૧૭॥

**एए सव्वे वि पुणो, केई सिज्झिएसु पुरिसलिंगेण ।**
**पत्तेयबुद्धवियला, केई पुण इत्थिलिंगेण ॥१८॥**
**नारी नरो व्व निव्वाइ, सयलनिव्वाणकारणत्तेण ।**
**न हि महिलासु विरुज्झई, रयणतिगं निव्वुइनियाणं ॥१९॥**

**ભાવાર્થ**–આ બધા સિદ્ધોના ભેદોમાં પણ જે કેટલાક પુરુષલિંગમાં સિદ્ધ થયા હોય તે (૧૧) **પુરુષલિંગસિદ્ધ** કહેવાય. પ્રત્યેકબુદ્ધને છોડીને તથા ઉપલક્ષણથી શ્રી તીર્થંકરને છોડીને જે કેટલાક સ્ત્રીલિંગે સિદ્ધ થયેલા હોય છે, તેમને (૧૨) **સ્ત્રીલિંગસિદ્ધ** કહેવાય છે. તીર્થંકર તથા પ્રત્યેકબુદ્ધો સ્ત્રીલિંગમાં સિદ્ધ થતા નથી. એટલા જ માટે આ અવસર્પિણીમાં જે શ્રીમલ્લિનાથ સ્વામી સ્ત્રીપણામાં તીર્થંકર થયા છે તે એક આશ્ચર્યરૂપ છે ॥૧૮॥

સ્ત્રીઓ પણ પુરુષની માફક મુક્તિના સઘળા કારણો-ક્ષપકશ્રેણિ આદિ પામી શકતી હોવાના કારણે મુક્તિ પામી શકે છે. તેથી મોક્ષનું નિદાન-અસાધારણ કારણ 'રત્નત્રયી'

સ્ત્રીઓમાં હોવાનો વિરોધ નથી ।।૧૯।।

**पत्तेयबुद्धजिणपहुरहिया, केई नपुंसगा सिद्धा ।**
**एगसमएण एगागिनिव्वुया एगसिद्ध त्ति ।।२०।।**

**ભાવાર્થ**—પ્રત્યેકબુદ્ધ અને શ્રી જિનેશ્વરદેવને છોડીને સિદ્ધ થયેલામાં કેટલાક (૧૩) **નપુંસકલિંગે** સિદ્ધ થયેલા છે. જે નપુંસકો સિદ્ધ થાય તે કૃત્રિમ નપુંસકો હોવા જોઈએ, પણ જે જન્મથી નપુંસક હોય તે સિદ્ધ થતા નથી. એક સમયમાં એક જ આત્મા મોક્ષે જાય તે (૧૪) **એકસિદ્ધ** કહેવાય ।।૨૦।।

**दुगमाईअट्ठुत्तरसयपज्जंता उ एगसमएण ।**
**सिद्धा अणेगसिद्धा, संगहणीए जओ भणियं ।।२१।।**

**ભાવાર્થ**—એકસમયમાં બેથી એકસો આઠ સુધી જીવો મોક્ષે જાય તે બધા (૧૫) **અનેકસિદ્ધ** કહેવાય, કારણ કે બૃહત્સંગ્રહણીમાં એકસમયમાં વધુમાં વધુ એકસો આઠથી વધારે મોક્ષે ન જાય તેમ જણાવેલું છે. તે પાઠ નીચે પ્રમાણે છે ।।૨૧।।

**बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य बोधव्वा ।**
**चुलसीई छन्नउई, दुरहिय-अट्ठुत्तरसयं च ।।२२।।**
**अट्ठ य सत्त य छप्पं च, चेव चत्तारि तिन्नि दो एक्कं ।**
**बत्तीसाइसु समया, निरंतरं अंतरं उवरिं ।।२३।।**

**ભાવાર્થ**—એકેક સમયે બત્રીસ બત્રીસ મોક્ષે જાય તો નિરંતર આઠ સમય સુધી જાય. પછી નવમા સમયે નિયમા અંતર પડે. તેવી રીતે સમયે સમયે અડતાલીસ મોક્ષે જાય તો સાત સમય

સુધી, સાંઈઠ સાંઈઠ જાય તો છ સમય સુધી, બોંતેર બોંતેર જાય તો પાંચ સમય સુધી, ચોર્યાસી ચોર્યાસી જાય તો ચાર સમય સુધી, છન્નુ છન્નુ જાય તો ત્રણ સમય સુધી, એકસો બે એકસો બે જાય તો બે સમય સુધી, અને એકસો આઠ જાય તો એક જ સમયે જાય. તે પછીના અનંતર સમયે એટલે અનુક્રમે આઠમા, સાતમા, છઠ્ઠા, પાંચમા, ચોથા, ત્રીજા અને બીજા સમયે કોઈપણ જીવ મોક્ષે જાય નહિ ॥૨૨-૨૩॥

**मंदविउवायणत्थं, एए पंचदस दंसिया भेया ।**
**उत्तरभेया पविसंति, अन्नहा आइभेयदुगे ॥२४॥**

**ભાવાર્થ**—મંદબુદ્ધિવાળા જીવોને સમજાવવા માટે આ ઉપર જણાવેલા સિદ્ધના પંદર ભેદો બતાવવામાં આવ્યા છે. નહિંતર પ્રથમ બે ભેદ જે તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ છે તેની અંદર જ આ પંદર ઉત્તરભેદો સમાઈ જાય છે ॥૨૪॥

હવે સિદ્ધનો બીજો ભેદ જે કાલસિદ્ધ તે બતાવે છે –

**अह पढमसमयसिद्धा-ऽपढमसमयसिद्धपमुहभेएहिं ।**
**कालं पडुच्च मुत्ता, अणेगहा होंति बोधव्वा ॥२५॥**

**ભાવાર્થ**—વિવક્ષિત સમયે જેટલા આત્મા સિદ્ધ થાય તે બધા **પ્રથમસમયસિદ્ધ** કહેવાય. તે વિવક્ષિત સમયની પૂર્વે જે આત્મા સિદ્ધ થયેલા હોય તે બધા **અપ્રથમસમયસિદ્ધ** કહેવાય. તેમાં જે આત્માને સિદ્ધ થયાને બે સમય થયા હોય તે **બેસમયસિદ્ધ**, ત્રણ સમય થયા હોય તે **ત્રણસમયસિદ્ધ** કહેવાય

અને જેને સંખ્યાતા સમય, અસંખ્યાતા સમય અને અનંતા સમય થયા હોય તે અનુક્રમે **સંખ્યાતસમયસિદ્ધ, અસંખ્યાતસમયસિદ્ધ** અને **અનંતસમયસિદ્ધ** કહેવાય. આવા સમયના ભેદે કરીને કાલને અવલંબી અનેક પ્રકારના સિદ્ધના જીવો થાય છે એમ જાણવું ॥૨૫॥

હવે સંસારિજીવોના ભેદ પ્રભેદો બતાવે છે –

**इंदिय-जाइ-भवेहिं, तिविहा संसारिणो पुणो जीवा ।**
**जं बोहं पइ करणं, तमिंदियं वन्नियं तत्थ ॥२६॥**

**एयमहिगिच्च एगिंदियाइभेएहिं पंचहा जीवा ।**
**फरिसणमित्तेण जुया, ए१गिंदिय पुढविमाईया ॥२७॥**

**ભાવાર્થ**–ઇન્દ્રિય, જાતિ અને ભવ એ ત્રણ ભેદથી સંસારિજીવો ત્રણ પ્રકારના છે. આત્માને વિષયોના જ્ઞાનમાં જે અસાધારણ કારણ હોય અર્થાત્ જેના દ્વારા વિષયોનો બોધ થાય તેને શ્રીજિનેશ્વરદેવોએ ઇન્દ્રિય કહેલ છે ॥૨૬॥

આ ઇન્દ્રિયની પ્રાપ્તિના આધારે એકેન્દ્રિય, બેઇન્દ્રિય વગેરે ભેદથી જીવો પાંચ પ્રકારના છે. કેવળ સ્પર્શના ઇન્દ્રિયવાળા એકેન્દ્રિય જીવો છે અને તેના પૃથ્વી આદિ અનેક પ્રકાર છે ॥૨૭॥

**तेण य रसणेण य, संगया उ बेइंदिया किमिप्पमुहा ।**
**एएहिं सघाणेहिं, तिइंदिया कीडियापुव्वा ॥२८॥**

१. *इगिंसियं पु०* B ।

**चउरिंदिया समेया, तेहिं सनेत्तेहिं मक्खियामुक्खा ।**
**पंचिंदिया इमेहिं, सवणसणाहेहिं मणुयाई ॥२९॥**

**ભાવાર્થ**—તે સ્પર્શના ઇન્દ્રિયની સાથે રસના-જિહ્વા ઇન્દ્રિયથી યુક્ત બે ઇન્દ્રિયવાળા કરમિયા પ્રમુખ બેઇન્દ્રિય જીવો છે. અને તે બે ઇન્દ્રિયોની સાથે ત્રીજી ઘ્રાણ-નાસિકા ઇન્દ્રિયવાળી કીડીયો વગેરે તેઇન્દ્રિય જીવો છે ॥૨૮॥ આંખોની સાથે પૂર્વની ત્રણ ઇન્દ્રિયવાળી માખી વગેરે ચઉરિન્દ્રિય જીવો છે. અને તે ચાર ઇન્દ્રિયની સાથે પાંચમી શ્રવણ-કાન ઇન્દ્રિયવાળા મનુષ્ય વગેરે પંચેન્દ્રિય જીવો છે ॥૨૯॥

જાતિના યોગે સંસારિજીવોના છ ભેદો જણાવે છે –

**जाई पुण सामन्नं भन्नइ, तं १पईय छव्विहा जीवा ।**
**पुढवी-जल-जलण-मारुय-वण२स्सइ-तसकायभेए३हिं ॥३०॥**

**ભાવાર્થ**—જાતિ તો સામાન્યને કહેવા છે અને તે સામાન્ય-'વિવક્ષિત સમૂહાત્મક સામાન્ય'-અહીં છ પ્રકારના જીવોમાં રહેલું હોવાથી પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ અને ત્રસકાયના ભેદથી જીવો છ પ્રકારના જાણવા ॥૩૦॥

પૃથ્વીકાયાદિ છકાયના જીવોની પરસ્પર ભિન્નતા બતાવે છે –

**नीरनिमज्जण-दवया-उसिणत्त-चलत्त-तरण-तसणेहिं ।**
**नाणत्तं नायव्वं, पुढवीकायाइकायाणं ॥३१॥**

१. पइय B । २. ०दइ० B । ३. ०येण B ।

**ભાવાર્થ**—પૃથ્વીકાયનું પાણીમાં ડૂબવું-નીચે બેસી જવું, અપ્કાયનું દ્રવતા-નરમપણું, તેઉકાયનું ઉષ્ણતા-ગરમપણું, વાઉકાયનું ચલત્વ-અસ્થિરપણું, વનસ્પતિકાયનું પાણી ઉપર તરવાપણું અને ત્રસકાયનું સ્પન્દન, હલન, ચલન અને પલાયનાદિ ક્રિયાપણું. આ રીતે છએ કાયના જીવોનું પરસ્પર ભિન્નત્વ જાણવું ॥૩૧॥

ત્રસકાયનું જીવત્વ સર્વગ્રાહ્ય હોવાથી તે સિવાયના પૃથ્વીકાય આદિ પાંચનું જીવપણું સિદ્ધ કરતાં જણાવે છે કે –

**इह तसकायं पायं, जीवत्तेणं पवज्जए सव्वो ।**
**न उ पुढवाई पंच वि, साहिज्जइ तेण तं तेसिं ॥३२॥**

**ભાવાર્થ**—આ જગતમાં પ્રાયઃ સઘળા ય લોકો ત્રસકાયને તો પોતાની માફક સુખ દુઃખનો અનુભવ કરતાં જોઈને તથા સ્પન્દન, હલન, ચલન અને પલાયનાદિ ક્રિયા કરતાં જોઈને તેના જીવપણાનો સ્વીકાર કરે છે. અર્થાત્ તેમાં જીવ રહેલો છે એમ માને છે. પરન્તુ પૃથ્વીકાયાદિ પાંચમાં જીવ રહેલો હોવાનું માનતા નથી. એટલે ત્રસકાયને છોડીને બાકીના પૃથ્વીકાયાદિ પાંચમાં જીવપણું સિદ્ધ કરવામાં આવે છે ॥૩૨॥

**मंसंकुरो इव समाणजाइरूवंकुरोवलंभाओ ।**
**पुढवीविद्दुमलवणोवलादओ हुंति सच्चित्ता ॥३३॥**

**ભાવાર્થ**—પૃથ્વી, પરવાળા, લવણ-મીઠું અને પત્થર વગેરે પૃથ્વીકાયોમાં માંસના અંકુરાવાળા હરસના મસાની પેઠે સરખી જાતિના અંકુરાની ઉત્પત્તિ હોવાથી તે સચિત્ત એટલે જીવવાળા

હોય છે. પૃથ્વીકાયમાં જીવત્વની સિદ્ધિ માટે આ ગાથા **શ્રીસમયસુન્દરજી ઉપાધ્યાયે** પોતાના **વિશેષસંગ્રહ**માં આપેલી છે અને ત્યાં તે ગાથાની ટીકામાં આવા પ્રકારનો પ્રયોગ આપવામાં આવ્યો છે. *'चेतना विद्रुमलवणोपलादयः स्वाश्रयस्थाः पृथिवीविकाराः समानज्ञातीयाङ्कुरोत्पत्तिमत्त्वात् अर्शोविकाराङ्कुरवत्'* સરખી જાતિના અંકુરાની ઉત્પત્તિ હોવાથી સ્વસ્થાનમાં રહેલા પરવાળા લવણ અને પાષાણાદિ પૃથ્વીના વિકારો જીવવાળા છે. શ્રીપંચવસ્તુકની ટીકામાં પણ આજ પ્રમાણે પૃથ્વીકાયમાં જીવની સિદ્ધિ કરવામાં આવેલી છે.

વળી જીવનું સામાન્ય લક્ષણ-ઉપયોગ, યોગ, અધ્યવસાય, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, અચક્ષુદર્શન, આઠ પ્રકારના કર્મનો ઉદય તથા બંધ, લેશ્યા, શ્વાસોચ્છ્વાસ તથા કષાયપણું જેમ બીજા ત્રસજીવોમાં સ્પષ્ટપણે દેખાય છે તેમ અહીં પૃથ્વીકાયાદિ પાંચેમાં પણ અસ્પષ્ટપણે રહેલું છે. જેમ કોઈ જીવે બિજોરાથી મિશ્રિત મદિરાપાન કર્યું હોય અને તેથી પિત્તોદયના યોગે તેનું મન આકુલવ્યાકુલ થવાથી અને છેવટે મૂર્છા પામવાથી તેનામાં અવ્યક્ત ચેતના હોવા છતાં બહાર સ્પષ્ટપણે ચેતના નહિ દેખાવાથી તેનામાં ચેતના-જીવપણું નથી એમ કહેવાય નહિ, તેવી જ રીતે પૃથ્વીકાયમાં પણ અસ્પષ્ટ ચેતના હોવાથી તે ચેતના ન દેખાવા છતાં પણ તેનામાં ચેતના રહેલી છે એમ માનવું જોઈએ. કોઈ કહેશે કે-મદિરાપાન કરેલામાં તો મૂર્છાવસ્થામાં પણ શ્વાસોચ્છ્વાસરૂપ અસ્પષ્ટ ચેતનાનું ચિહ્ન છે, જ્યારે પૃથ્વીકાયમાં તો તેવું શ્વાસોચ્છ્વાસાદિ

રૂપ ચિહ્ન દેખાતું નથી તેનું કેમ ? તો તેના ઉત્તરમાં જણાવવાનું કે જ્યારે શ્રી ગૌતમસ્વામી મહારાજાએ ભગવાનને પ્રશ્ન કર્યો છે કે-હે ભગવંત ! પૃથ્વીકાયના જીવો શ્વાસોચ્છ્વાસ લે છે અને મૂકે છે કે નહિ ? તેના ઉત્તરમાં ભગવાને જણાવ્યું છે કે પૃથ્વીકાયના જીવો સતત શ્વાસોચ્છ્વાસ લે છે અને મૂકે છે. આ ઉપરથી સર્વજ્ઞોના કહેવા મુજબ પૃથ્વીકાયમાં પણ અવ્યક્ત ચેતનાનું ચિહ્ન શ્વાસોચ્છ્વાસ છે. કોઇ કહેશે કે પત્થર વગેરે પૃથ્વીકાય કઠિન છે તેમાં જીવ ક્યાંથી હોય ? તો તેના ઉત્તરમાં પણ જણાવવાનું કે જેમ મનુષ્યના શરીરમાં રહેલા હાડકાં પણ કઠણ છે છતાં જેમ મનુષ્યમાં ચેતનપણું છે, તેમ પાષાણાદિ ખરપૃથ્વીકાયમાં પણ ચેતનપણું છે ।।૩૩।।

પૃથ્વીકાયમાં જીવત્વની સિદ્ધિ કર્યા પછી હવે અપ્કાયમાં જીવત્વ સિદ્ધ કરે છે –

**भूमिक्खयसाहावियसंभवओ दद्दुरो व्व जलमुत्तं ।**
**अहवा मच्छो व्व सहाववोमसंभूयपायाओ ।।३४।।**

**ભાવાર્થ–**જેમ દેડકાઓ ભૂમિ ખોદીને સ્વાભાવિક રીતે બહાર નીકળવાથી તે સચેતન-જીવવાળા છે તેવી રીતે પાણી પણ પૃથ્વીમાંથી સ્વાભાવિક રીતે નીકળતું હોવાથી તે પણ સચેતન છે. અથવા જેમ માછલાં સ્વાભાવિક રીતે આકાશમાંથી પડે છે અને તે સચેતન છે તેવી રીતે પાણી પણ સ્વાભાવિક રીતે આકાશમાંથી પડતું હોવાથી સચેતન છે. તથા તરત જ ઉત્પન્ન થયેલા કલલ-અવસ્થાવાળા હાથીનું શરીર દ્રવ હોવા

છતાં પણ તે જેમ સચેતન છે, તથા તરત જ મૂકેલા પક્ષીના ઈંડામાં પણ દ્રવરસ હોવા છતાં તે જેમ સચેતન છે, તેવી રીતે પાણી પણ દ્રવ હોવા છતાં તે સચેતન છે. પૃથ્વીના જીવત્વની સિદ્ધિમાં જીવના લક્ષણ વગેરે દ્વારા જે જે યુક્તિઓ જણાવવામાં આવી છે તે તે યુક્તિઓ અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાયમાં પણ સમજી લેવી ।।૩૪।।

સંસારિજીવોના ત્રીજા તથા ચોથા ભેદ તેઉકાય અને વાઉકાયના જીવત્વની સિદ્ધિ –

**आहाराओ अनलो, विद्धिविगरोवलंभओ जीवो ।**
**अपरप्पेरियतिरियानियमियदिग्गमणओ अनिलो ।।३५।।**

**ભાવાર્થ–**જેમ મનુષ્યનું શરીર આહાર કરવાના યોગે વૃદ્ધિરૂપ વિકારને પામે છે, અને તેથી તે સચેતન છે. તેવી રીતે અગ્નિમાં પણ આહારસ્વરૂપ લાકડા તેલ વગેરે નાંખવાથી વૃદ્ધિરૂપ વિકારને પામતો હોવાથી તે અગ્નિ પણ સચેતન છે. વળી જેમ જ્વરની ઉષ્ણતા તથા જઠરાગ્નિની ઉષ્ણતા જીવના પ્રયોગવાળી હોવાથી તે જીવવાળા શરીરમાં જ હોય છે. જીવ વગરના શરીરમાં તાવ તથા જઠરાગ્નિ હોતો નથી, તેવી રીતે અગ્નિના શરીરમાં પણ ઉષ્ણતા હોવાથી તેમાં રહેલી ઉષ્ણતા જીવના પ્રયોગવાળી છે એટલે અગ્નિ પણ સચેતન છે.

જેમ ગાય તથા ઘોડા વગેરે પ્રાણીઓ બીજાની પ્રેરણા વગર પણ તિર્છી અનિયતગતિવાળા હોય છે અને તેની તે પ્રકારની ગતિમાં જો કોઈ પણ પ્રેરક હોય તો તે કેવળ તેના

શરીરમાં રહેલો આત્મા છે, તેમ વાયુ પણ બીજાની પ્રેરણા વગર તિર્ચ્છી અનિયતગતિવાળો હોવાથી તેની તે પ્રકારની ગતિમાં પણ ગાય ઘોડાના શરીરમાં રહેલા આત્માની પેઠે તે વાયુના શરીરમાં રહેલો આત્મા જ કારણ છે. તેથી વાયુ પણ સચેતન-જીવવાળો છે ॥૩૫॥

એકેન્દ્રિય જાતિના પાંચમા ભેદ વનસ્પતિકાયમાં જીવત્વની સિદ્ધિ –

**जम्म-जरा-जीवण-मरण-रोहणाऽऽहार-दोहलामयओ ।**
**रोगतिगिच्छाईहिं, नारि व्व सचेयणा तरवो ॥३६॥**

**ભાવાર્થ**–જન્મ-જરા-જીવવું-મરવું-ઊગવું-ચઢવું-આહાર-દોહદ-રોગ અને રોગની ચિકિત્સા વગેરેથી વનસ્પતિકાય પણ સ્ત્રીની પેઠે, ઉપલક્ષણથી મનુષ્યની પેઠે સચેતન છે. અહીં ગાથામાં લક્ષણ બહુ જ ટૂંકાણમાં જણાવેલ હોવાથી ઉપરના કેટલાક હેતુઓ તથા બીજા પણ કેટલાક હેતુઓ કંઈક વિસ્તારપૂર્વક નીચે મુજબ સમજાવવામાં આવે છે.

જેમ મનુષ્ય જન્મ પામે છે ત્યાર પછી તેનું શરીર બાલ, યુવાન અને વૃદ્ધપણાના પરિણામવિશેષવાળું બને છે અને તે ચેતનવાળા આત્માથી અધિષ્ઠિત છે. એટલે તેનામાં સ્પષ્ટપણે ચેતના દેખી શકાય છે. તેવી રીતે વનસ્પતિનું શરીર કેતકીવૃક્ષ વગેરે પોતાના મૂલમાંથી જન્મ પામે છે-ઉત્પન્ન થાય છે. પછી બાલ, યુવા તથા વૃદ્ધાવસ્થાવાળું પણ દેખાય છે. એટલે તે વનસ્પતિના શરીરમાં પણ મનુષ્યના શરીર જેવા વિકારો

થવાથી તે વનસ્પતિનું શરીર પણ મનુષ્યના શરીરની પેઠે જીવવાળું છે. જેમ મનુષ્યના શરીરના અંગોપાંગો દિન-પ્રતિદિન વધે છે, તેમ વૃક્ષ પણ દિન-પ્રતિદિન અંકુરા, કિશલય, પાંદડા, શાખા, પ્રશાખા અને ફળ વગેરેથી વધે છે. જેમ મનુષ્યના શરીરમાં જ્ઞાનવાળો આત્મા રહેલો હોવાથી તેની ઊંઘવા તથા જાગવાની ક્રિયા જ્ઞાનપૂર્વક થાય છે તેવી રીતે ધાત્રી તથા પ્રપુનાટ વગેરે વૃક્ષોના પાંદડા સૂર્યાસ્તસમયે પરસ્પર ભેગા થાય છે અને સવારમાં સૂર્યોદયે છૂટા થાય છે. સૂર્યવિકાસી કમલો પણ સૂર્યાસ્તસમયે બીડાઇ જાય છે અને સૂર્યોદયે વિકસિત થાય છે. એટલે વનસ્પતિમાં પણ મનુષ્યની માફક જ્ઞાનપૂર્વક ક્રિયા રહેલી છે. જેમ મનુષ્યના શરીરના અવયવ હાથ પગ વગેરે કપાયા પછી તે છૂટા પડેલા અવયવો શોષાઇ જાય છે તેવી રીતે વૃક્ષાદિના પાંદડા ફલ પુષ્પ વગેરે વૃક્ષથી છૂટા પડ્યા પછી સૂકાઇ જાય છે. જેમ મનુષ્યના શરીરને ટકાવવા માટે તથા વૃદ્ધિ પમાડવા માટે આહારાદિની જરૂર રહે છે તેમ વૃક્ષાદિ વનસ્પતિને પણ ટકાવવા તેમજ વૃદ્ધિ પમાડવા માટે પૃથ્વી પાણી વગેરે આહારની જરૂર રહે છે. જેમ મનુષ્યનું શરીર સ્થાયી રહેતું નથી પરન્તુ તેમાં રહેલા આત્માનું જેટલું આયુષ્ય હોય ત્યાં સુધી જ રહે છે, તેવી રીતે વનસ્પતિનું ચેતનાવંત શરીર પણ નિયતકાળ જે વધારેમાં વધારે દસહજારવર્ષનો છે ત્યાં સુધી જ તે ચેતનાવાળું રહે છે. પછી અવશ્યમેવ સૂકાઇ જાય છે, એટલે ચેતનારહિત બને છે. જેમ મનુષ્યનું શરીર આહાર મળે તો વધે છે અને આહારના અભાવે

ઘટે છે તેમ વનસ્પતિનું શરીર પણ યોગ્ય આહારની પ્રાપ્તિમાં વૃદ્ધિ પામે છે અને આહાર ન મળે તો હાનિ પામે છે. જેમ મનુષ્યના શરીરમાં રોગના યોગે તથા રસાયનાદિ યોગ્ય ઉપચારોના યોગે વિવિધપ્રકારના ફેરફારો થાય છે. તેમ વનસ્પતિમાં પણ તેવા પ્રકારના રોગો ઉત્પન્ન થવાથી વૃક્ષમાં સડી જવું, પાંદડા ખરી પડવા વગેરે જુદા જુદા પ્રકારના ફેરફારો થાય છે, તથા ઉત્તમપ્રકારના ખાતર વગેરે નાંખવાથી વૃક્ષો વિશિષ્ટ ફળ આપનારા થાય છે.

ઉપર જણાવ્યા મુજબ જીવાધિષ્ઠિત મનુષ્યના શરીરની પેઠે વનસ્પતિમાં પણ ઉત્પત્તિધર્મ, વૃદ્ધિધર્મ, જ્ઞાનગુણ, છેદાયા પછી કરમાઈ જવું, અનિત્યતા, અશાશ્વતા, વૃદ્ધિહાનિ તથા વિવિધ પ્રકારના પરિણામો રહેલા હોવાથી વનસ્પતિમાં પણ જીવ છે એમ સાબિત થાય છે ॥૩૬॥

હવે છવ્વીસમી ગાથામાં ભવના યોગે સંસારિજીવનો જે ત્રીજો પ્રકાર ભવ કહેવામાં આવ્યો હતો તે ભવનો અર્થ અને તેના ભેદો કહેવાય છે –

**भवसद्देण गई खलु, पवुच्चए तं पडुच्च चउभेया ।**
**नारइय-तिरिय-नर-सुरनामाणो जिणमयपणीया ॥३७॥**

**ભાવાર્થ**–ભવશબ્દથી ગતિ કહેવાય છે અને તે ગતિના યોગે સંસારિજીવોના નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એમ ચાર ભેદો શ્રી જિનેશ્વરદેવોના સિદ્ધાન્તમાં કહેલા છે ॥૩૭॥

નારકી આદિ ચાર શબ્દોનો વ્યુત્પત્તિ અર્થ –

**नरयभवा नारइया, तिरो य अंचंति जेण तो तिरिया ।**
**नयकारिणो पुण नरा, सुट्ठु य रायंति तेण सुरा ।।३८।।**

**ભાવાર્થ**–જે નરકમાં ઉત્પન્ન થયેલા હોય તે નારકીના જીવો કહેવાય. જે તિર્છા ચાલે તે તિર્યંચો કહેવાય છે. જે નીતિને કરનારા હોય તે નરા-મનુષ્યો કહેવાય છે અને જે સારી રીતે શોભે તે સુર-દેવતા કહેવાય છે. અહીં જે વ્યુત્પત્તિ કરવામાં આવી છે તે કેવલ શબ્દની ઉત્પત્તિનિમિત્તે કહેવામાં આવી છે. એટલે વ્યુત્પત્તિના અર્થની સર્વત્ર સંભવિતતા નથી ।।૩૮।।

દ્રવ્યવિભક્તિના જીવ અને અજીવ એ બે ભેદમાંથી જીવોના ભેદ, પ્રભેદ કહ્યા પછી હવે અજીવના ભેદ, પ્રભેદ કહે છે –

**दुविगप्पा उ अजीवा, रूविअजीवा अरूविअजीवा ।**
**वण्णाइधम्मवंतं, रूवं मुत्तत्तमिच्चत्थो ।।३९।।**

**ભાવાર્થ**–દ્રવ્યવિભક્તિના અજીવ નામના બીજા ભેદના બે પ્રકાર છે. એક રૂપીઅજીવ અને બીજો અરૂપીઅજીવ. વર્ણ-ગન્ધ-રસ-સ્પર્શવાળું રૂપ કહેવાય અને તે રૂપ એટલે મૂર્તત્વ-આકારપણું એવો અર્થ થાય ।।૩૯।।

અજીવનો પહેલો ભેદ જે રૂપી અજીવદ્રવ્ય, તેના ભેદ તથા સ્વરૂપ –

**तेण विसिट्ठा वुच्चंति, रूविणो ते य पोग्गला चेव ।**
**एए य खंधदेसप्पएसपरमाणु इय चउहा ।।४०।।**

**खंधो पडादवयवी, देसो भागो इमस्स अद्धाई ।**
**अविभागो य पएसो, परमाणू केवलो होइ ॥४१॥**

**ભાવાર્થ**—વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શધર્મવાળા રૂપવડે વિશિષ્ટ એટલે સહિત જે અજીવદ્રવ્યો હોય તે રૂપી અજીવદ્રવ્યો કહેવાય અને તે રૂપી અજીવદ્રવ્યો પુદ્ગલો જ છે. તે પુદ્ગલ દ્રવ્યો ખંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર પ્રકારના છે ॥૪૦॥ ઘણા અવયવોથી બનેલ ઘટ, પટ આદિ અખંડ દ્રવ્ય એ ખન્ધ કહેવાય. તે અખંડ પટાદિ દ્રવ્યોનો એક અડધો ચોથો વગેરે તે તે દ્રવ્યથી છૂટો પડેલો અગર છૂટો નહિ પડેલો ભાગ તે તે ખંધ દ્રવ્યની અપેક્ષાયે દેશ કહેવાય. તે ખન્ધ અગર દેશનો એક અવિભાજ્ય એટલે જેના બે વિભાગ ન થઈ શકે એવા અને ખંધ અથવા દેશથી જુદા નહિ પડેલા ભાગને પ્રદેશ કહેવાય, અને તેવો અવિભાજ્યપ્રદેશ જ્યારે ખંધ અથવા દેશથી છૂટો પડેલો અને એકલો હોય ત્યારે તે પરમાણુ કહેવાય ॥૪૧॥

અજીવના બીજા ભેદ અરૂપી અજીવદ્રવ્યના ભેદો –

**दसहा अरूविणो पुण, धम्माधम्मंबराणि तिन्नि तिहा ।**
**खंधा देस पएसा, अद्धा समओ य इय दव्वं ॥४२॥**

**ભાવાર્થ** – અરૂપી અજીવદ્રવ્યો-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ એમ-ચાર છે, અને તે પૈકી પહેલા ત્રણના ખંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદો હોવાથી તે ત્રણના નવ ભેદ અને અદ્ધા-સમયરૂપ

કાલ એ એક જ વર્તમાનરૂપ હોવાથી તે એક, એમ અરૂપી અજીવદ્રવ્યના કુલ દશ ભેદો છે. જેમ પુદ્‌ગલાસ્તિકાયના દ્રવ્યો દરેક જુદા જુદા હોવાથી અને અનેક અવયવોના બનેલા હોવાથી તે જુદા જુદા સ્કન્ધો તરીકે કહેવાય છે. તેમજ તે દ્રવ્યોમાંથી છૂટા પડેલા અગર છૂટા નહિ પડેલા અવયવોને તે તે દ્રવ્યોની અપેક્ષાએ દેશો કહેવાય છે. જ્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ એવા દ્રવ્યો છે કે-જે એકેક અખંડ અવયવીદ્રવ્ય છે, પરન્તુ તેના વિભાગો કદી પણ થતા નથી. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્યાતપ્રદેશવાળા છે અને તે લોકને વ્યાપીને રહેલા છે. એટલે તેના દેશો હોઇ શકતા નથી. પરન્તુ બુદ્ધિથી કલ્પેલા બે પ્રદેશવાળા ત્રણ પ્રદેશવાળા વગેરે વિભાગોને દેશો કહેવામાં આવે છે. અને તેના અસંખ્યાતપ્રદેશો હોવાથી પ્રદેશ તો હોઇ શકે છે. આકાશાસ્તિકાય પણ અનન્તપ્રદેશવાળો એકઅખંડઅવયવીદ્રવ્ય હોવા છતાં પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુદ્‌ગલ અને કાલ એ પાંચ દ્રવ્યના આધારરૂપ તેના એક વિભાગને લોકાકાશ, અને તે પાંચે દ્રવ્યના અભાવવાળા બીજા વિભાગને અલોકાકાશ કહેવામાં આવે છે, છતાં પણ પુદ્‌ગલદ્રવ્યોની માફક તેના દેશ પ્રદેશો હોઇ શકતા નથી, પરંતુ ધર્માસ્તિકાયાદિની માફક બુદ્ધિ-પરિકલ્પિત જ દેશ અને પ્રદેશરૂપ વિભાગો સમજવા. આ રીતિએ આ ત્રણે અરૂપી અજીવદ્રવ્યોના વિભાગોની વ્યવસ્થા કરવામાં આવી છે ।।૪૨।।

વિભક્તિનો ચોથો ભેદ જે ક્ષેત્રવિભક્તિ, તેના ભેદો તથા સ્વરૂપ –

**खेत्तविभत्ती चउहा, ठाण-दिसा-दव्व-सामिभेएण ।**
**ठाणं पडुच्च खेत्तं, लोगो पंचत्थिकायमओ ॥४३॥**

**ભાવાર્થ–**સ્થાન, દિશા, દ્રવ્ય અને સ્વામીના ભેદે કરીને ક્ષેત્રવિભક્તિના ચાર પ્રકાર છે. સ્થાનને આશ્રયી ક્ષેત્ર-ક્ષેત્રવિભક્તિ પંચાસ્તિકાયમય એટલે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયમય ચૌદરાજલોકપ્રમાણ ક્ષેત્રલોક જાણવો ॥૪૩॥

ક્ષેત્રલોકનું સ્વરૂપ –

**वइसाहट्ठाणट्ठिय-कडित्थकरजुयलपुरिससंठाणो ।**
**चउदसरज्जू उच्चो, पिहुलो एगाइसत्तंता ॥४४॥**

**तिरियं चउरो दोसुं छ, द्दोसुं अट्ठ दस य एक्केक्के ।**
**बारस दोसुं सोलस, दोसुं वीसा य चउसुं तु ॥४५॥**

**पुणरवि सोलस दोसुं, बारस दोसुं तु हुंति नायव्वा ।**
**तिसु दस तिसु अट्ठ, च्छा य दोसुं तु चत्तारि ॥४६॥**

**ભાવાર્થ–**આ ક્ષેત્રલોક વૈશાખસ્થાનસ્થિત-બે પગ પહોળા કરીને ઊભેલા-અને બે બાજુ કેડ ઉપર બે હાથ રાખીને રહેલા પુરુષના આકાર જેવો ચૌદરાજપ્રમાણ ઊંચો અને જુદા જુદા સ્થળે એકથી સાતરાજપ્રમાણ પહોળો છે ॥૪૪॥

ચૌદરાજલોકપ્રમાણ ઊંચો લોક ક્યાં ક્યાં કેટલો પહોળો છે તે જણાવવા માટે ચૌદરાજની ઊંચાઇના એકેકરાજના ચાર ચાર વિભાગ જેને શાસ્ત્રમાં ખાંડવા કહેવામાં આવે છે તેવા છપ્પન વિભાગો કરી દરેક ખાંડવે એકરાજના ચાર ચાર વિભાગના હિસાબે કેટલા ખાંડવાની પહોળાઇ છે તે બતાવાય છે.

તિર્ચ્છાલોકના મધ્યભાગમાં જ્યાં ચાર રુચકપ્રદેશો છે. ત્યાંથી ઊંચે પ્રથમ 'બે ખાંડવા' ચાર ખાંડવાપ્રમાણ પહોળા છે. ત્યાર પછી 'બે ખાંડવા' છ ખાંડવાપ્રમાણ પહોળા છે. આ પ્રમાણે આગળ આગળ 'એક ખાંડવો' આઠ-ખાંડવાપ્રમાણ, 'એક' દશ-ખાંડવાપ્રમાણ, 'બે' બાર-ખાંડવાપ્રમાણ, 'બે' સોલ-ખાંડવાપ્રમાણ, 'ચાર' વીસ-ખાંડવાપ્રમાણ, 'બે' સોલ-ખાંડવાપ્રમાણ, 'બે' બાર ખાંડવાપ્રમાણ, 'ત્રણ' દશ-ખાંડવાપ્રમાણ, 'ત્રણ' આઠ-ખાંડવાપ્રમાણ, 'બે' છ-ખાંડવાપ્રમાણ અને 'બે' ચાર-ખાંડવાપ્રમાણ પહોળા છે ॥૪૫-૪૬॥

લોકના મધ્યભાગથી ઉપરના ભાગની પહોળાઇ બતાવ્યા પછી હવે નીચેના ભાગની પહોળાઇ બતાવે છે –

**ओयरिय लोयमज्झा, चउरो चउरो य सव्वहिं नेया ।**
**तिग तिग दुग दुग, एक्केक्कगो य जा सत्तमिं पुढविं ॥४७॥**

**ભાવાર્થ**–લોકના મધ્યભાગથી એટલે રુચકપ્રદેશથી નીચે સાતમી નારકી સુધીનો ભાગ જે સાત રાજલોક પ્રમાણ છે

અને જેને અધોલોક કહેવામાં આવે છે તે અધોલોકના પ્રથમ 'ચાર ખાંડવા' ચાર-ખાંડવાપ્રમાણ પહોળા છે ત્યારપછી ક્રમસર નીચે નીચે ચાર ચાર ખાંડવા સર્વત્ર એટલે બન્ને બાજુ ત્રણ, ત્રણ, બે, બે, એક અને એક ખાંડવાપ્રમાણ પહોળા છે. એટલે બીજા 'ચાર ખાંડવા' દશ-ખાંડવાપ્રમાણ, ત્રીજા 'ચાર ખાંડવા' સોલ-ખંડવાપ્રમાણ, ચોથા 'ચાર ખાંડવા' વીસ-ખાંડવાપ્રમાણ, પાંચમા 'ચાર ખાંડવા' ચોવીસ-ખાંડવાપ્રમાણ, છઠ્ઠા 'ચાર-ખાંડવા' છવ્વીસ-ખાંડવાપ્રમાણ અને સાતમા 'ચાર-ખાંડવા' અઠ્ઠાવીસ-ખાંડવાપ્રમાણ પહોળા છે. એટલે સાતમી નારકીની પૃથ્વી સાત રાજપ્રમાણ પહોળી જાણવી ॥૪૭॥

ઊર્ધ્વલોકમાં કયા દેવલોકે કેટલી પહોળાઇ છે તે તથા રુચકપ્રદેશથી કયો દેવલોક કેટલો ઊંચો છે તે બતાવે છે –

**तिरियं चउरिच्चाई, रुयगाओ जाव सिद्धिखेत्तं तु ।**
**एवं च बंभलोए, पण रज्जू हुंति वित्थरओ ॥४८॥**

**ईसाणंमि दिवड्ढा, अड्ढाइज्जा य रज्जु माहिंदे ।**
**पंचेव सहस्सारे, छ अच्चुए सत्त लोगंते ॥४९॥**

**ભાવાર્થ–** *'तिरियं चउरिच्चाइ'* એ ૪૫-૪૬ ગાથામાં લોકની ઊંચાઈમાં જુદા જુદા ખાંડવાની જે જે પહોળાઇ બતાવવામાં આવી છે તે રુચકપ્રદેશથી-તિર્ચ્છાલોકથી શરૂ કરીને ઊર્ધ્વલોકમાં સાતમા રાજના અંતે આવેલા સિદ્ધિક્ષેત્ર સુધીની જાણવી. આ પ્રમાણે તિર્ચ્છાલોકથી વધતી પહોળાઇ પાંચમા બ્રહ્મદેવલોકે પાંચરાજપ્રમાણ વિસ્તારવાળી થાય છે ॥૪૮॥

રુચકપ્રદેશથી દોઢરાજપ્રમાણ ઊંચે જઇએ એટલે ઇશાન દેવલોક આવે છે. અહીં એકલો ઇશાન કહેલ છે પરંતુ સૌધર્મ અને ઇશાન, દક્ષિણ ઉત્તર સમશ્રેણિમાં રહેલા હોવાથી સૌધર્મ અને ઇશાન બન્ને દોઢરાજપ્રમાણ ઊંચે જાણવા. તેવી રીતે રુચકપ્રદેશથી અઢીરાજ ઊંચે ગયા પછી માહેન્દ્ર દેવલોક આવે, પાંચરાજપ્રમાણ ઊંચે સહસ્રાર, છ રાજપ્રમાણ ઊંચે અચ્યુત અને સાતરાજપ્રમાણ ઊંચે લોકનો અન્ત આવે, ત્યાર પછી અલોકની શરૂઆત થાય૧ ॥૪૯॥

લોકના અધોલોકાદિ ત્રણપ્રકાર અને તે દરેકમાં રહેલ વસ્તુ બતાવવામાં આવે છે –

**एसो य अहोलोगाइभेयओ भासिओ तिहा समए ।**
**अहलोगो सत्तविहो रयणपहापुढविमाईओ ॥५०॥**

**दुगुणादुगुणपवित्थर दीवुदहि असंखया तिरियलोए ।**
**कप्पा गेविज्जाणुत्तराणि सिवमुड्ढलोगो त्ति ॥५१॥**

**ભાવાર્થ**–શાસ્ત્રમાં આ ચૌદરાજપ્રમાણ લોકને અધો, તિર્ચ્છા અને ઊર્ધ્વ એ ત્રણ ભેદથી ત્રણ પ્રકારનો કહેલો છે. અધોલોક રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમઃસ્તમઃપ્રભા એ સાતનરકની

---

૧. અહીં જે રુચકથી પાંચરાજ ઊંચે સહસ્રાર અને છરાજ ઊંચે અચ્યુત કહેવામાં આવેલ છે તેના બદલે *लोकनालिका* નામના ગ્રન્થની ૧૫મી ગાથાના ઉત્તરાર્ધમાં *चत्तरि सहस्सारे पणऽच्चुए सत्त लोगते ॥* ચારરાજ ઊંચે સહસ્રાર અને પાંચરાજ ઊંચે અચ્યુત જણાવેલ છે સે મતાન્તર જાણવો. (આ પાઠ બરાબર લાગે છે.)

પૃથ્વીના યોગે સાતપ્રકારનો છે, અર્થાત્ સાતે નારકી અધોલોકમાં આવી છે. અહીં અધોલોકમાં કેવલ સાતનારકી કહેવામાં આવી છે, પરંતુ ભવનપતિદેવોના ભવનો પણ અધોલોકમાં હોય છે એમ સમજી લેવું ।।૫૦।।

તિર્ચ્છાલોકમાં વચમાં લાખજોજન લાંબો અને પહોળો ગોળથાળીના આકારે જંબૂદ્વીપ છે. તેને વીંટાઈને તેનાથી બમણા વિસ્તારવાળો એટલે બેલાખજોજન પહોળો વલયના આકારવાળો લવણસમુદ્ર છે. ત્યારપછી તે સમુદ્રને વીંટાઈને તેનાથી બમણા વિસ્તારવાળો ધાતકીખંડ છે. ત્યાર પછી તેનાથી બમણા વિસ્તારવાળો કાલોદધિસમુદ્ર છે. તેનાથી આગળ બમણા બમણા વિસ્તારવાળા અનુક્રમે દ્વીપ અને સમુદ્ર એમ અસંખ્યાતા દ્વીપો અને સમુદ્રો છે. છેલ્લો અસંખ્યાત કોટાકોટિ જોજનના વિસ્તારવાળો સ્વયંભૂરમણસમુદ્ર છે. અહી તિર્ચ્છાલોકમાં અસંખ્યાતા દ્વીપસમુદ્રો કહેવામાં આવ્યાં છે. પરન્તુ વ્યન્તરદેવોના સ્થાનો તથા સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાના વિમાનો પણ તિર્ચ્છાલોકમાં આવેલા છે એ ઉપલક્ષણથી સમજી લેવું. ઊર્ધ્વલોકમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન અને સિદ્ધશિલા આવેલી છે ।।૫૧।।

ત્રણે લોકમાં એકેન્દ્રિયાદિ જીવોનું સ્થાન –

**एगिंदिय पंचिंदिय, उड्ढे य अहे य तिरियलोए य ।**
**विगलिंदियजीवा पुण, नायव्वा तिरियलोगम्मि ।।५२।।**

**ભાવાર્થ**–એકેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છા એમ ત્રણેલોકમાં હોય છે. વિકલેન્દ્રિય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો તો તિર્ચ્છાલોકમાં જાણવા. અહીં વિકલેન્દ્રિય જીવો એકલા તિર્ચ્છાલોકમાં કહેલા છે, પરન્તુ અધોલોકમાં કુબડીવિજય કે જે સમભૂતલા પૃથ્વીથી હજારજોજન નીચે છે ત્યાં, તથા ઊર્ધ્વલોકમાં પાંડુકવનની વાવડીઓમાં પણ વિકલેન્દ્રિય જીવો હોય છે. તે સ્થાન ઘણું અલ્પ હોવાથી અહીં તેની વિવક્ષા કરી લાગતી નથી ॥૫૨॥

હવે ત્રણેલોકમાં છ જીવનિકાયના જીવો ક્યાં ક્યાં હોય તે બતાવે છે –

**सव्वे जीवनिकाया, हवंति निस्संसयं तिरियलोए ।**
**बायरतेउविरहिया, अहलोए उड्ढलोए य ॥५३॥**

**ભાવાર્થ**–સર્વે જીવનિકાય એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાયના જીવો નિઃશંકપણે તિર્ચ્છાલોકમાં હોય છે, અને બાદરતેજસ્કાયરહિત બાકીની નિકાયના જીવો ઊર્ધ્વલોક અને અધોલોકમાં હોય છે. કેવલ બાદરતેજસ્કાયનું સ્થાન તિર્ચ્છાલોક છે. તેમાં પણ પિસ્તાલીસલાખ જોજનપ્રમાણનું મનુષ્યક્ષેત્ર જ છે. તે સિવાય બીજા કોઈ સ્થાનમાં બાદર તેજસ્કાયના જીવો હોતા નથી ॥૫૩॥

ચારેગતિના જીવો અધોલોકાદિ ત્રણમાં ક્યાં અને ક્યા ક્યા ઉત્પન્ન થાય છે તે બતાવે છે –

**जायंति अहोलोए, भवणवई नारया तिरिक्खा य ।**
**वंतर-तिरिच्छ-माणुस-जोइसिया तिरियलोगम्मि ॥५४॥**

**वेमाणिया य तिरिया य, उड्ढलोगे लहंति उप्पत्तिं ।**
**तत्थेव य विज्जंते, इंदिय-जाई-भवाईया ॥५५॥**

**ભાવાર્થ**—અધોલોકમાં ભવનપતિદેવો, નારકીઓ અને હજારજોજન ઊંડા અને સમુદ્રોમાં મત્સ્ય વગેરે તિર્યંચો ઉત્પન્ન થાય છે. અને તિર્ચ્છાલોકમાં વ્યન્તર-વાણવ્યન્તર દેવો, તિર્યંચો, મનુષ્યો અને જ્યોતિષ દેવો-સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા-ઉત્પન્ન થાય છે ॥૫૪॥

ઊર્ધ્વલોકમાં વૈમાનિકદેવો બારદેવલોક, નવગ્રૈવેયક અને અનુત્તરવિમાનમાં તથા તિર્યંચો પાંડુકવનની વાવડીઓમાં ઉત્પન્ન થાય છે. ઉપર ઈન્દ્રિય, જાતિ અને ભવ એ ત્રણપ્રકારની સંસારીજીવોના જે ત્રણભેદો બતાવવામાં આવ્યા છે તે ત્રણે પ્રકારના સંસારીજીવો આ અધો, તિર્ચ્છા અને ઊર્ધ્વલોકમાં જ હોય છે. તે સિવાય બીજે એટલે લોકની બહાર અલોકમાં હોતા નથી ॥૫૫॥

હવે ચૌદરાજપ્રમાણ ક્ષેત્રલોકમાં ધર્માસ્તિકાયાદિ પાંચ અજીવદ્રવ્યોનું સ્થાન બતાવવામાં આવે છે –

**धम्माधम्म-नभो-पोग्गला उ, सव्वत्थ संति लोगम्मि ।**
**कालो नरखेत्ते च्चिय, दिणयरकिरियाभिवंगु त्ति ॥५६॥**
**जो वत्तणासरूवो, माणुसखेत्ता बहिं पि किल कालो ।**
**सो तग्गयवत्थूणं, पज्जाओ न उ पुढो दव्वं ॥५७॥**

**ભાવાર્થ**–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચાર અજીવદ્રવ્યો તો ચૌદરાજલોકમાં સર્વત્ર છે, અને મેરુની આસપાસ ફરવાની સૂર્યની ગતિક્રિયાથી મપાતો સમયાવલિકાદિ કાલ તિર્ચ્છાલોકમાં કેવલ પિસ્તાલીસ-લાખજોજનના પરિમાણવાળા મનુષ્યક્ષેત્રમાં જ હોય છે ।।૫૬।।

જે વર્તનારૂપ કાલ છે તે તો મનુષ્યક્ષેત્રની બહાર પણ છે, અર્થાત્ ચૌદ રાજલોકમાં છે, અને તે વર્તનારૂપ કાલ લોકમાં રહેલા દ્રવ્યોના પર્યાયરૂપ હોવાથી તેને જુદા દ્રવ્ય તરીકે શાસ્ત્રમાં ગણવામાં આવેલ નથી ।।૫૭।।

ક્ષેત્રવિભક્તિનો દિશા તથા દ્રવ્યને આશ્રયી બીજો તથા ત્રીજો ભેદ જણાવવામાં આવે છે –

**उद्दिस्स दिसं खेत्तं, पुव्वक्खेत्ताइयं समक्खायं ।**
**दव्वं आसज्ज पुणो, सालिक्खेत्ताइयं बहुहा ।।५८।।**

**ભાવાર્થ**–દિશાને ઉદ્દેશીને જ્યારે ક્ષેત્રની વિવક્ષા કરવામાં આવે ત્યારે પૂર્વાદિદિશામાં રહેલા ક્ષેત્રો પૂર્વક્ષેત્ર, પશ્ચિમક્ષેત્ર વગેરે કહેવાય છે. ક્ષેત્રમાં રહેલા દ્રવ્યને ઉદ્દેશીને જ્યારે તે ક્ષેત્રની વિવક્ષા કરવામાં આવે ત્યારે શાલિ, ઈક્ષુ વગેરે દ્રવ્યના યોગે શાલિક્ષેત્ર, ઈક્ષુક્ષેત્ર વગેરે કહેવાય છે અને તે અનેક પ્રકારના હોય છે ।।૫૮।।

ક્ષેત્રના સ્વામીની અપેક્ષાયે ક્ષેત્રવિભક્તિનો ચોથો ભેદ કહેવામાં આવે છે –

**सामिणमवेक्ख खेत्तं, संलत्तं देवदत्तखेत्ताई ।**
**अहवा खेत्तं दुविहं आरियखेत्तं च इयरं च ॥५९॥**

ભાવાર્થ–ક્ષેત્રના માલિકની અપેક્ષાએ તે ક્ષેત્ર તેના માલિકના નામથી દેવદત્તક્ષેત્ર, યજ્ઞદત્તક્ષેત્ર વગેરે કહેવાય છે. અથવા ક્ષેત્રમાં રહેનાર મનુષ્યોની અપેક્ષાએ પણ ક્ષેત્ર બે પ્રકારના કહેલા છે. જેમાં આર્યલોકો રહે છે તેને આર્યક્ષેત્ર અને જેમાં અનાર્યલોકો રહે છે તેને અનાર્યક્ષેત્ર કહેવામાં આવે છે ॥૫૯॥

આર્યક્ષેત્રની સંખ્યા, નામ તથા નગરી જણાવાય છે –

**बत्तीससहस्साइं छक्खंडे भारहम्मि देसाणं ।**
**तेसु य मज्झिमखंडम्मि आरिया सङ्कपणवीसा ॥६०॥**

**रायगिह मगह१ चंपा अंगा२ तह तामलित्ति वंगा य३ ।**
**कंचणपुरं कलिंगा४ वाणारसि( सी ) चेव कासी य५ ॥६१॥**

**साएय कोसला६ गयउरं च कुरु७ सोरियं कुसट्टा य ८ ।**
**कंपिल्लं पंचाला ९ अहिछत्ता जंगला चेव १० ॥६२॥**

**बारवई य सुरट्ठा११ मिहिल विदेहा य१२ वच्छ कोसंबी१३ ।**
**नंदिउरं संडिब्भा १४ भद्दिलपुरमेव मलया य १५ ॥६३॥**

**वइराड व ( म )च्छ१६ वरणा अच्छा१७ तह मत्तियावइ दसन्ना१८।**
**सोत्तीमई य चेई १९ वीयभयं सिंधुसोवीरा २० ॥६४॥**

**महुरा य सूरसेणा२१ पावा भंगी य२२ मासपुरि( री ) वट्टा२३।**
**सावत्थी य कुणाला२४ कोडीवरिसं च लाढा य२५ ॥६५॥**

**सेयविया वि य नयरी केयइअद्धं च २५.१/२ आरियं भणियं ।**
**जत्थुप्पत्ति जिणाणं, चक्कीणं रामकण्हाणं ॥६६॥**

**ભાવાર્થ**—જંબૂદ્વીપની અંદર આવેલા ભરતક્ષેત્રમાં છ ખંડો છે. તે છ ખંડમાં બત્રીસ હજાર દેશો છે. તે ભરતક્ષેત્રના છ ખંડોમાંના મધ્યખંડના સાડીપચીસ દેશમાં આર્યો રહેતા હોવાથી તે સાડી પચીસ દેશો આર્યક્ષેત્ર કહેવાય છે ॥૬૦॥

મગધદેશ, રાજગૃહી નગરી ૧, અંગદેશ, ચંપાનગરી ૨, વંગદેશ, તામ્રલિપ્તીનગરી ૩, કલિંગદેશ, કંચનપુર નગર ૪, કાશીદેશ, વાણારસી નગરી ૫, કોશલદેશ, સાકેત નગર ૬, કુરુદેશ, ગજપુરનગર ૭, કુશાવર્તદેશ, સૌરિકનગર ૮, પંચાલદેશ, કામ્પિલ્યનગર ૯, જંગલદેશ, અહિછત્રા નગરી ૧૯, સૌરાષ્ટ્રદેશ, દ્વારવતી (દ્વારકા) નગરી ૧૧, વિદેહદેશ, મિથિલાનગરી ૧૨, વત્સદેશ, કૌશામ્બીનગરી ૧૩, શાણ્ડિલ્યદેશ, નન્દિપુર નગર ૧૪, મલયદેશ, ભદ્દિલપુરનગર ૧૫, વચ્છ (મત્સ્ય) દેશ, વૈરાટનગર ૧૬, ૧અચ્છદેશ, વરણા નગરી ૧૭, દશાર્ણદેશ, મૃત્તિકાવતી નગરી ૧૮, ચેદીદેશ, શુક્તિમતીનગરી ૧૯, સિન્ધુસૌવીરદેશ, વીતભયનગર ૨૦, શૂરસેનદેશ, મથુરાનગરી ૨૧, ભંગદેશ, પાવાપુરીનગરી

૨૨, વર્તદેશ, માસપુરીનગરી ૨૩, કુણાલદેશ, શ્રાવસ્તી નગરી ૨૪, લાટદેશ, કોટીવર્ષનગર ૨૫, અડધો કેકયદેશ, અને શ્વેતામ્બિકા નગરી. આ સાડી પચીસ દેશોને આર્યક્ષેત્રો

૧. આ સ્થળે અન્યત્ર વરણદેશ અને અચ્છાનગરી આ પ્રમાણે પણ છે.

[1]કહેલા છે. જે ક્ષેત્રમાં શ્રી જિનેશ્વરદેવો, ચક્રવર્તીઓ, બલદેવો તથા વાસુદેવો ઉત્પન્ન થાય છે તે ક્ષેત્રોને આર્યક્ષેત્રો કહેવામાં આવે છે ॥૬૧ થી ૬૬॥

અનાર્ય દેશોની સંખ્યા અને કેટલાકના નામો તથા અનાર્યમનુષ્યનું સ્વરૂપ જણાવવામાં આવે છે –

**एगत्तीससहस्सा, नवसयचउसत्तरा तहा अद्धं ।**
**छसु खंडेसु जणवया, अणारिया एत्तिया नाम ॥६७॥**

**सग-जवण-सबर-बब्बर-काय-मुरुंडोड्डु-गोड्डु-पक्कणाया ।**
**[2]अरवा(बा)ग-हूण रोमस(य)-पारस-खस-खासिया चेव ॥६८॥**

**[3]डोंबिलय-लउस-बु(बु)क्कस-भिल्लंध[4]-पुलिंद-कुंच-भमररुया ।**
**[5]कोंचा य चीण-चुंचुय-मालव-दमिला-कुलग्घा य ॥६९॥**

**कैकय किराय हयमुह, खरमुह तह तुरग-मेंढगमुहा यं ।**
**हयकन्ना गयकन्ना, अन्ने य अणारिया बहवे ॥७०॥**

**पावा पयंडदंडा, अणारिया निग्घिणा निरणुतावी ।**
**धम्मो त्ति अक्खाराइं, जेसु न नज्जंति सुमिणे वि ॥७१॥**

ભાવાર્થ–ભરતક્ષેત્રના છ ખંડમાં ઉપર જણાવેલા સાડી પચીસ આર્યદેશો સિવાયના બાકીના એકત્રીસહજાર નવસો

૧. આ દેશ તથ નગર નગરીઓના નામોમાં બીજે સ્થળે કેટલાક નામોમાં ફેરફાર દેખાય છે તે મતાન્તર જાણવો. ૨. *अरुवाग* A / ૩. *डुविलइ-ल०* A / ૪. *०स-पु०* A / ૫. *कुंचाइ (कुंचा य) चीण चाभुय* A /

ને સાડી ચુમ્મોતેર દેશો અનાર્યોથી વસેલા છે, તેથી તે અનાર્યક્ષેત્રો કહેવાય છે. તે અનાર્યક્ષેત્રોના આટલા પ્રસિદ્ધ નામો છે ।।૬૭।।

શક, યવન, શબર, બર્બર, કાય, મુરુંડ, ઉડ્ડ, ગૌડ્ડ, પક્કણક, અરબાગ (અરબદેશ), હૂણ, રોમસ, (રોમક-રોમદેશ), પારસ, ખસ, ખાસિક, ડોમ્બિલય, લકુશ, બુક્કસ, ભિલ્લ, અન્ધ્ર, પુલિન્દ્ર, કુંચ, ભ્રમરરુચ, ક્રૌંચ, ચીન, ચુંચુક, માલવ, દ્રવિડ, કુલાર્ઘ, કેકય, કિરાત, હયમુખ, ખરમુખ, તુરગમુખ, મેંઢકમુખ, હયકર્ણ અને ગજકર્ણ, આટલા શાસ્ત્રપ્રસિદ્ધ નામો છે. આ સિવાય બીજા પણ ઘણા અનાર્યદેશો છે ।।૬૮ થી ૭૦।।

આ અનાર્યો પાપકર્મને કરનારા, ઉગ્રપણે મન, વચન અને કાયાના અશુભવ્યાપારવાળા, પાપની નિન્દારૂપ ઘૃણાવગરના અને પાપના પશ્ચાત્તાપ વગરના હોય છે. તથા ધર્મ એ નામનો શબ્દ સ્વપ્નમાં પણ તેઓને જાણવા મળતો નથી ।।૭૧।।

જમ્બૂદ્વીપના ભરત સિવાય આર્ય અનાર્યનો વિભાગ બીજે ક્યાં ક્યાં હોય અને ક્યાં ન હોય તે જણાવે છે –

**एवं चउभरहेसुं, पंचेरवएसु विजयस[1]ड्डिसए ।**
**मिहुणगभूमीसु पुणो, न होइ देसाइपविभागो ।।७२।।**

१. ०सड्ढदए B ।

**ભાવાર્થ**—જમ્બૂદ્વીપના ભરતની માફક ધાતકીખંડ તથા પુષ્કરાર્ધના બબ્બે એટલે ચાર ભરતમાં તથા જમ્બૂદ્વીપના એક, ધાતકીખંડના બે તથા પુષ્કરાર્ધના બે એમ પાંચ ઐરવતમાં તથા જમ્બૂદ્વીપના એક મહાવિદેહની બત્રીસ વિજયો, ધાતકીખંડના બે મહાવિદેહની ચોસઠવિજયો અને પુષ્કારાર્ધના બે મહાવિદેહની ચોસઠવિજયો એમ કુલ એકસો સાઠ વિજયોમાં ઉપર જણાવ્યા મુજબ આર્ય અને અનાર્યદેશોની વ્યવસ્થા જાણવી. આ અઢીદ્વીપના જે ક્ષેત્રોમાં કેવલયુગલિકો જ સદાને માટે હોય છે, તે ક્ષેત્રોમાં દેશાદિનો વિભાગ નહિ હોવાને લીધે ત્યાં આર્ય કે અનાર્ય એવી કોઇ વ્યવસ્થા હોતી જ નથી ॥૭૨॥

**खेत्तं समत्तमेवं कालविभत्ती भणिज्जए अहुणा ।**
**एसो य तिप्पयारो, अईयकालाईओ नेओ ॥७३॥**

**ભાવાર્થ**—આ પ્રકારે ક્ષેત્રવિભક્તિનું વર્ણન પૂર્ણ કર્યા પછી હવે કાલવિભક્તિ કહેવામાં આવે છે. તે કાલવિભક્તિ અતીત, વર્તમાન અને અનાગતકાલ એમ ત્રણ પ્રકારની જાણવી ॥૭૩॥

અતીત, વર્તમાન અને અનાગત એ ત્રણકાલનું

પરિમાણ –

**तत्थ अईओ कालो, पन्नत्तोऽणंतपोग्गलावत्तो ।**
**समओ य वट्टमाणो, अणागओ तीयणंतगुणो ॥७४॥**

**ભાવાર્થ**—કાલના ત્રણભેદમાં અતીતકાલ અનન્ત પુદ્‌ગલપરાવર્તનો કહ્યો છે, વર્તમાનકાલ એક સમયનો કહ્યો

છે અને અનાગતકાલ અતીતકાલ કરતાં અનંતગુણો કહ્યો છે[1] ।।૭૪।।

બીજી રીતિએ કાલના બે પ્રકાર –

**ओसप्पिणि-उस्सप्पिणिरूवो, अहवा दुहा हवइ कालो ।**
**एक्केक्कस्स पमाणं, दसकोडाकोडी अयराणं ।।७५।।**

**ભાવાર્થ**–અથવા અવસર્પિણી અને ઉત્સર્પિણીસ્વરૂપ બે પ્રકારનો કાલ હોય છે. તે એકેકનું પ્રમાણ દશકોડાકોડી સારોપમનું છે. અર્થાત્ અવસર્પિણીનો કાલ દશકોડાકોડી સાગરોપમ છે અને ઉત્સર્પિણીનો કાલ પણ તેટલો જ છે ।।૭૫।।

અવસર્પિણીના છ આરા અને તેના નામો –

**सूसमसुसमा१ सुसमा२ सूसमदुसमा य३ दुसमसुसमा य४ ।**
**दुसमा ५ दूसमदुसमा ६ ओसप्पिणिए अरा छ त्ति ।।७६।।**

**ભાવાર્થ**–અવસર્પિણીના સૂસમસુસમા ૧, સુસમા ૨, સુસમદુસમા ૩, દુસમસુસમા ૪, દુસમા ૫ અને દૂસમદુસમા ૬, નામના છ આરા છે ।।૭૬।।

સૂસમસુસમા નામના પહેલા આરાનું સ્વરૂપ –

**सागरकोडाकोडीचउक्कमाणिम्मि पढमअरयम्मि ।**
**आईए मिहुणयनरा, कोसतिगुच्चा तिपलियाऊ ।।७७।।**

---

૧. અનુયોગદ્વારમાં અતીત અને અનાગતકાલને સરખા તથા ભગવતીજીમાં અતીત કરતાં અનાગતકાલને સમયાધિક જણાવેલ છે, તે અપેક્ષિત જાણવું.

**तेसिं पुन्ननिहीणं, पयणुकसायाण सग्गगामीणं ।**
**उवभोगपरीभोगा, दसविहकप्पद्दुमेहिंतो ॥७८॥**

**ભાવાર્થ—**સૂસમસુસમા નામનો પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમપ્રમાણ કાલનો છે. તેમાં યુગલિયા મનુષ્યો હોય છે અને તે આરાની શરૂઆતમાં યુગલિયાના શરીરની ઊંચાઈ ત્રણ ગાઉની અને આયુષ્ય ત્રણપલ્યોપમનું હોય છે. પુણ્યના નિધાન, અલ્પ કષાયવાળા અને સ્વર્ગગામી એવા તે યુગલિયાઓને ઉપભોગ અને પરિભોગ-ખાવા પીવા, પહેરવા માટે વસ્ત્ર અને રહેવા માટે મકાન વગેરેની સામગ્રી દશ પ્રકારના કલ્પવૃક્ષદ્વારા પ્રાપ્ત થાય છે ॥૭૭-૭૮॥

તે કલ્પવૃક્ષોના તથા તેનાથી પ્રાપ્ત થતી વસ્તુઓના

નામ —

**मत्तंगया य१ भिंगा२ तुडियंगा३ दीव४ जोइ५ चित्तंगा६ ।**
**चित्तरसा७ मणियंगा८ गेहागारा९ अनिगणा य१० ॥७९॥**
**मइरा१ भायण२ तुडियाणि३ दीवपह४ रविपहा उ५ मल्लं च६ ।**
**भोयण७ भूसण८ गिह९ चीवराणि१० कप्पदुमेसु कमा ॥८०॥**

**ભાવાર્થ—**મત્તંગ ૧, ભૃંગ ૨, ત્રુટિતાંગ ૩, દીપાંગ ૪, જ્યોતિરંગ ૫, ચિત્રાંગ ૬, ચિત્રરસ ૭, મણ્યંગ ૮, ગેહાકાર ૯ અને અનગ્ન ૧૦ આ કલ્પવૃક્ષના નામો છે. અને તે અનુક્રમે મદિરા એટલે મદિરાના રસ જેવા સ્વાદિષ્ટ ઈક્ષુદ્રાક્ષાદિનો પીવાયોગ્ય રસ ૧, સોના રૂપા મણિ વગેરેના થાળ કચોલા વગેરે વાસણો ૨, વિવિધ પ્રકારના વાજીંત્રો ૩, ઘરની અંદર

દીવાની જ્યોતની માફક પ્રકાશ ૪, રાત્રિને વિષે પણ સૂર્યની માફક પ્રકાશ ૫, વિવિધ પ્રકારના સુગંધીદાર જુદા જુદા રંગના પુષ્પો તથા પુષ્પોની માલા ૬, અનેક પ્રકારની વિશિષ્ટ રસદાર ભોજનની સામગ્રી ૭, ઉત્તમ જાતિના મુગટ કુંડલ હાર વગેરે અલંકારો ૮, રહેવા માટે ઉત્તમ સુશોભિત ઘરો ૯ અને પહેરવા માટે ઉત્તમ દેવદૂષ્યો જેવા વસ્ત્રો ૧૦ આપે છે ॥૭૯-૮૦॥

કોને કોને આ કલ્પવૃક્ષોનો ઉપભોગ હોય તે જણાવે છે –

**एएसुं अन्नेसु य, नरनारिगणाण ताणमुवभोगा ।**
**भवियपुणब्भवरहिया, इय सव्वन्नू जिणा बिंति ॥८१॥**

**ભાવાર્થ**–ઉપર જણાવેલા કલ્પવૃક્ષોનો ઉપભોગ અવસર્પિણીના પહેલા, બીજા તથા ત્રીજા આરામાં ઉત્પન્ન થયેલા યુગલિયાઓ તથા જે જે ક્ષેત્રોમાં સદાકાળ અવસર્પિણીના પહેલા બીજા તથા ત્રીજા આરા જેવો કાળ હોય તેવા ક્ષેત્રોમાં તથા છપ્પન અન્તર્દ્વીપમાં ઉત્પન્ન થતા યુગલિક સ્ત્રી-પુરુષો કરે છે, એમ ભવિકપણાથી તથા પુનર્જન્મપણાથી રહિત એવા સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવો કહે છે ॥૮૧॥

બીજા તથા ત્રીજા આરાના કાલનું પ્રમાણ તથા તે આરામાં ઉત્પન્ન થયેલા યુગલિકોનું શરીરપ્રમાણ અને આયુષ્ય –

**दुइयतइयारएसुं, तिदुसागरकोडिकोडिमाणेसु ।**
**कोसदुगएगउच्चा, दुएगपलियाउया मिहुणा ॥८२॥**

**ભાવાર્થ**–અવસર્પિણીના ત્રણ કોડાકોડી સાગરોપમ-

પ્રમાણવાળા બીજા તથા બે કોડાકોડી સાગરોપમપ્રમાણવાળા ત્રીજા આરામાં યુગલિકો અનુક્રમે ઉત્કૃષ્ટ બે ગાઉ ઊંચા શરીરવાળા અને ઉત્કૃષ્ટ બે પલ્યોપમના આયુષ્યવાળા તથા ઉત્કૃષ્ટ એક ગાઉ ઊંચા શરીરવાળા અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમના આયુષ્યવાળા હોય છે ॥૮૨॥

ત્રીજા આરાના પર્યન્તે થનારા ભાવોનું સ્વરૂપ –

**तइयारगपज्जंते, कप्पतरू जंति हुंति ( होति ) पढमजिणो ।**
**रज्जठिइं लोयठिइं, धम्मठिइं सो य दंसेइ ॥८३॥**

**ભાવાર્થ**–ત્રીજા આરાના છેલ્લા ભાગમાં કલ્પવૃક્ષો જતા રહે છે, એટલે પોતપોતાની આપવા લાયક વસ્તુઓ આપતા બંધ થઈ જાય છે અને પ્રથમ તીર્થંકર ઉત્પન્ન થાય છે. તે પ્રથમ તીર્થંકર રાજ્યસ્થિતિ-રાજ્યવ્યવસ્થા, લોકસ્થિતિ-લોકવ્યવહાર અને ધર્મસ્થિતિ-ધર્મની વ્યવસ્થા બતાવે છે ॥૮૩॥

ચોથા આરાના કાલનું તથા મનુષ્યોના શરીરનું અને આયુષ્યનું પ્રમાણ વગેરે –

**जलनिहिकोडाकोडी, बायालीसाए वाससहस्सेहिं ।**
**ऊणा माणं अरयस्स, दुसमसुसमाभिहाणस्स ॥८४॥**

**तत्थ नरा पणधणुसयउच्चा चुलसीइपुव्वलक्खाऊ ।**
**धन्नादुवभोगपरा, तहेव तेवीसजिणभावो ॥८५॥**

**ભાવાર્થ**–દુસમસુસમા નામના ચોથા આરાનું કાલપ્રમાણ બેતાલીસ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનું છે. તે

આરામાં મનુષ્યો વધુમાં વધુ પાંચસો ધનુષ ઊંચાશરીરવાળા તથા ચોરાસીલાખપૂર્વના આયુષ્યવાળા અને ધાન્ય વગેરેના આહારનો ઉપભોગ કરનારા હોય છે. વળી તે ચોથા આરામાં બાકીના ત્રેવીસ તીર્થંકરોની ઉત્પત્તિ થાય છે ।।૮૪-૮૫।।

પાંચમા આરાનું કાલમાન તથા મનુષ્યોનું સ્વરૂપ –

**इगवीसवाससहसप्पमाए पंचमे नरा अरए ।**
**सत्तकरमाणगत्ता, वाससयाऊ बहुकसाया ।।८६।।**

**ભાવાર્થ**–એકવીસ હજાર વર્ષના કાલમાનવાળા પાંચમા આરામાં મનુષ્યો ઉત્કૃષ્ટ સાત હાથની કાયાવાળા તથા ઉત્કૃષ્ટ સો[1] વર્ષના આયુષ્યવાળા હોય છે અને ઘણા કષાયવાળા હોય છે ।।૮૬।।

છઠ્ઠા આરાનું કાલમાન તથા મનુષ્યોનું સ્વરૂપ –

**छट्ठारगम्मि इगवीसवाससहसम्मि एगरयणतणू ।**
**सोलसवच्छरजीवी, बिलवासिनरा कुणिमभोई ।।८७।।**

**ભાવાર્થ**–એકવીસ હજાર વર્ષવાળા છઠ્ઠા આરામાં મનુષ્યોનું ઉત્કૃષ્ટ શરીર એક હાથનું હોય છે તથા તે સોલવર્ષ જીવનારા હોય[2] છે. તે મનુષ્યો ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ ભરતમાં આવેલી ગંગા અને સિંધુનદીના બન્ને બાજુના આઠ કાંઠામાં, એકેક કાંઠાના નવ નવ બિલની ગણત્રીથી, બોંતેર બિલમાં રહેનારા

૧. લઘુક્ષેત્રસમાસમાં એકસો વીસ વર્ષનું આયુષ્ય કહ્યું છે.
૨. લઘુક્ષેત્રસમાસમાં બે હાથનું શરીર તથા વીસવર્ષનું આયુષ્ય કહ્યું છે.

હોય છે અને માંસ-મત્સ્યનો આહાર કરનારા હોય છે ॥૮૭॥

ઉત્સર્પિણી તથા કાલચક્રનું સ્વરૂપ –

**एयं चिय अरछक्कं, उस्सप्पिणिए हविज्ज विवरीयं ।**
**एवं च कालचक्कं, दुवालसारं भवे पुन्नं ॥८८॥**

**ભાવાર્થ**–આ પ્રમાણે ઉત્સર્પિણીમાં પણ છ આરા વિપરીતપણે એટલે પશ્ચાનુપૂર્વીએ હોય છે. અવસર્પિણીનો છઠ્ઠો તે ઉત્સર્પિણીનો પહેલો અને પાંચમો તે બીજો, ચોથો તે ત્રીજો, ત્રીજો તે ચોથો, બીજો તે પાંચમો અને પહેલો તે છઠ્ઠો આરો સમજવો. આ અવસર્પિણી તથા ઉત્સર્પિણીના છ

છ આરા મળીને બારઆરાનું એક સંપૂર્ણ કાલચક્ર થાય છે ॥૮૮॥

અવસર્પિણી તથા ઉત્સર્પિણીમાં કયા કયા આરામાં કયા કયા જિનેશ્વરદેવોની ઉત્પત્તિ તથા સિદ્ધિ થાય તે બતાવે છે –

**कालदुए तिचउत्थारएसु एगूणनवइपक्खेसु ।**
**सेसगएसु सिज्झंति, हुंति पढमंतिमजिणिंदा ॥८९॥**

**ભાવાર્થ**–અવસર્પિણી તથા ઉત્સર્પિણી સ્વરૂપ બે કાલમાં અવસર્પિણીના ત્રીજા આરાના નેવ્યાસી પખવાડીયા બાકી રહે ત્યારે પ્રથમ તીર્થંકર મોક્ષે જાય છે, અને ચોથા આરાના નેવ્યાસી પખવાડીયા બાકી રહે ત્યારે છેલ્લા ચોવીસમા તીર્થંકર મોક્ષે જાય છે. જ્યારે ઉત્સર્પિણીકાળમાં ત્રીજા આરાના નેવ્યાસી પખવાડીયા જાય ત્યારે પહેલા તીર્થંકર ઉત્પન્ન થાય છે, અને ચોથા આરાના નેવ્યાસી પખવાડીયા જાય ત્યારે છેલ્લા

ચોવીસમા તીર્થંકર ઉત્પન્ન થાય છે. અર્થાત્ માતાની કુક્ષિમાં આવે છે ॥૮૯॥

ક્યાં ક્યાં કાલચક્રની પ્રવૃત્તિ અને ક્યાં સદા અવસ્થિત કાલ હોય તે બતાવે છે –

**भरहेरवएसुं चिय, पवत्तए कालचक्कमेयं च ।**
**जम्हा विदेहमाइसु, खेत्तेसु अवट्ठिओ कालो ॥९०॥**

**ભાવાર્થ–**અવસર્પિણી તથા ઉત્સર્પિણીસ્વરૂપ કાલચક્ર તો પાંચ ભરત અને પાંચ ઐરાવતક્ષેત્રમાં જ પ્રવર્તે છે, કારણ કે મહાવિદેહ વગેરે બીજાક્ષેત્રોમાં તો સદા અવસ્થિતકાલ છે. એટલે કે પાંચ મહાવિદેહમાં સદા ચોથાઆરા સરખો કાલ, પાંચ હૈમવત અને પાંચ ઐરણ્યવત ક્ષેત્રોમાં સદા ત્રીજા આરા સરખો કાલ, પાંચ હરિવર્ષ અને પાંચ રમ્યક્ક્ષેત્રોમાં સદા બીજા આરા સરખો કાલ તથા પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુમાં સદા પહેલા આરા સરખો કાલ છે. તેમજ લવણસમુદ્રમાં આવેલા છપ્પન અંતરદ્વીપમાં પણ કાયમ યુગલિક મનુષ્યો વસતા હોવાથી ત્યાં પણ એક સરખો કાલ પ્રવર્તે છે ॥૯૦॥

સમય-આવલિકા આદિ આશ્રયી કાલવિભક્તિનો ત્રીજો પ્રકાર –

**समयावलियाईओ, कालो जइ वा वि तेरसपयारो ।**
**निज्जुत्तीए आवस्सयस्स, भणियं जओ एवं ॥९१॥**

**ભાવાર્થ**—અથવા સમય, આવલિકા વગેરે તેર પ્રકારનો પણ કાલ હોય છે. કારણ કે **આવશ્યકનિર્યુક્તિ**માં આ પ્રમાણે કહ્યું છે ॥૯૧॥

**समयाऽऽवलियमुहुत्ता, दिवसअहोरत्तपक्खमासा य ।**
**संवच्छरजुगपलिया, सागरओसप्पिपरियट्टा ॥९२॥**

**ભાવાર્થ**—સમય ૧, આવલિકા ૨, મુહૂર્ત ૩, દિવસ ૪, અહોરાત્ર ૫, પક્ષ ૬, માસ ૭, વર્ષ ૮, યુગ ૯, પલ્યોપમ ૧૦, સાગરોપમ ૧૧, અવસર્પિણી ઉત્સર્પિણી ૧૨ અને પુદ્‌ગલપરાવર્ત ૧૩ એમ તેર પ્રકારનો કાલ છે ॥૯૨॥

સમય તથા આવલિકાનું પ્રમાણ –

**समओ निरंसकालो, तेहिं असंखेहिं होइ आवलिया ।**
**छप्पन्नदोसयतमो भागो, सा खुड्डगभवस्स ॥९३॥**

**ભાવાર્થ**—જેના બે ભાગ ન થઈ શકે એવો જે કાલનો અન્ત્ય સૂક્ષ્મભાગ તેને **સમય** (૧) કહેવામાં આવે છે. તેવા અસંખ્યાતા સમયની એક **આવલિકા** (૨) થાય છે. અને

તે આવલિકા એક ક્ષુલ્લકભવનો બસો છપ્પનમો ભાગ છે. અર્થાત્ બસો છપ્પન આવલિકાનો **એક ક્ષુલ્લક** ભવ થાય છે ॥૯૩॥

**घडियादुगं मुहुत्तो, इमे य बारस जहन्नओ दिवसो ।**
**अट्ठारस उक्किट्ठो, एसिं मज्झम्मि मज्झिमओ ॥९४॥**

**ભાવાર્થ**—બે ઘડી-એકક્રોડ, સડસઠલાખ, સીત્યોતેર હજાર,

બસો, સોલ આવલિકા-નું **એક મુહૂર્ત** (૩) થાય છે. અને આવા બાર મુહૂર્તનો એક જઘન્ય દિવસ, અઢાર મુહૂર્તનો ઉત્કૃષ્ટ દિવસ અને બાર મુહૂર્તથી વધારે પ્રમાણનો અને અઢાર મુહૂર્તથી ઓછા પ્રમાણનો મધ્યમ દિવસ (૪) કહેવાય છે ।।૯૪।।

**तीसाए मुहुत्ताणं, अणूणअहियाए अह अहोरत्तं ।**
**पक्खो य अद्धमासो, मासो नक्खत्तमासाई ।।९५।।**

**ભાવાર્થ**—અન્યૂનાધિક એટલે સંપૂર્ણ ત્રીસ મુહૂર્તનો અહોરાત્ર થાય છે. (૫) અર્ધમાસ એટલે પંદર દિવસનું પખવાડીયું (૬) અને નક્ષત્રમાસાદિ મહિના (૭) કહેવાય છે ।।૯૫।।

મહિનાના નક્ષત્રમાસાદિ પાંચ પ્રકાર –

**नक्खत्तमास चंदो, रिऊ य सूरोऽभिवड्ढिओ चेव ।**
**भन्नंति पंच मासा, एवं विन्नायसमएहिं ।।९६।।**

**ભાવાર્થ**—શાસ્ત્રના જાણકાર પુરુષોએ નક્ષત્રમાસ ૧, ચંદ્રમાસ ૨, ઋતુમાસ ૩, સૂર્યમાસ ૪ અને અભિવર્ધિતમાસ ૫, એમ પાંચ પ્રકારના મહિનાઓ કહ્યા છે ।।૯૬।।

**सयलउडुभोगकालो, ससिणो नक्खत्त तीसतिहि चंदो ।**
**लोयपसिद्धो य रिऊ, रविमासो एगसंकंती ।।९७।।**

**जंमि वरिसम्मि तेरस, ससिणो मासा हवंति सो वरिसो ।**
**बारसभाए किज्जइ, अभिवड्ढियमास सो भागो ।।९८।।**

**ભાવાર્થ**—જેટલા વખતમાં ચન્દ્ર સઘળા નક્ષત્રોને ભોગવે, અર્થાત્ ચન્દ્ર પોતાના માંડલામાં ફરતો ફરતો ક્રમશઃ સઘળા નક્ષત્રોની સાથે જેટલા કાળમાં જોડાય, તેટલા કાલને નક્ષત્રમાસ કહેવાય છે. વદિ એકમથી પૂર્ણિમા સુધીનો ત્રીસ તિથિનો ચન્દ્રમાસ કહેવાય છે. લોકમાં બે મહિનાની ઋતુ કહેવાય છે. તેનું પ્રમાણ સાઠ રાત્રિદિવસનું હોય છે. તેનો અડધો ભાગ તે ઋતુનો અવયવ હોવા છતાં પણ અવયવમાં સમુદાયના ઉપચારના ન્યાયે તેને પણ **ઋતુમાસ** કહે છે. તેનું બીજું નામ કર્મમાસ અથવા સાવનમાસ પણ છે. સૂર્ય એકરાશિમાં જેટલો કાળ રહે તેટલા કાળને **સૂર્યમાસ** અથવા સૌરમાસ કહેવાય છે. જે વર્ષમાં તેર **ચન્દ્રમાસ** હોય તે વર્ષના દિવસોને બારે ભાગવાથી જેટલી સંખ્યા આવે તેટલા દિવસની સંખ્યાવાળો અભિવર્દ્ધિતમાસ કહેવાય છે ॥૯૭-૯૮॥

**सत्तावीसं दिवसा, तिसत्त सत्तट्ठिभाय नक्खत्ते ।**
**चंदो उ अउणतीसं, बिसट्ठिभागा य बत्तीसं ॥९९॥**

**रिउमासो तीस दिणा, आइच्चो तीस होइ अद्धं च ।**
**अभिवड्डियमासो पुण, चउवीससएण छेएण ॥१००॥**

**भागाणिगवीससयं, तीसा एगाहिया दिणाणं च ।**
**एएसिं निप्फत्ति, नेया गंथंतराउ त्ति ॥१०१॥**

**ભાવાર્થ**—નક્ષત્રમાસ દિ. ૨૭ $\frac{૨૧}{૬૭}$ સત્તાવીસ દિવસ અને

એક દિવસના એકવીશ સડસઠીયાભાગનો હોય છે. ચન્દ્રમાસ

દિ૦ ૨૯ $\frac{૩૨}{૬૨}$ ઓગણત્રીસદિવસ અને બત્રીસ બાસઠીયાભાગનો હોય છે. ઋતુમાસ દિ૦ ૩૦ દિવસનો હોય છે. સૂર્યમાસ દિ૦ ૩૦ $\frac{૧}{૨}$ સાડીત્રીસ દિવસનો હોય છે અને અભિવર્દ્ધિત માસ દિ૦ ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ એકત્રીસ દિવસ અને એકસો એકવીશ એકસો ચોવીસીયા ભાગવાળો હોય છે. આ મહિનાઓના દિવસો ગણવાની રીતિ, ગ્રંથ બહુ લાંબો થઇ જવાના કારણે અહીં આપવામાં આવી નથી. માટે જિજ્ઞાસુઓએ અન્ય ગ્રંથોથી (સૂર્યપ્રજ્ઞપ્તિ-જ્યોતિષકરંડક આદિ ગ્રંથોથી) જાણી લેવી ॥૯૯ થી ૧૦૧॥

**एए पंच वि मासा, जया य बारसहिं संगुणिज्जंति ।**
**हुंति तया वरिसाइं, तन्नामाइं पुढो पंच ॥१०२॥**

**चंदे चंदे अभिवड्ढिए य, चंदेऽभिवड्ढिए चेव ।**
**इय पंच वच्छर जुगं, तीसट्ठारससयदिणेहिं ॥१०३॥**

**ભાવાર્થ**—આ પાંચે નક્ષત્રમાસાદિ દરેક મહિનાના દિવસોને બાર બાર ગુણા કરવામાં આવે ત્યારે તે તે સંખ્યાના દિવસોવાળા તે તે નામના પાંચવર્ષો થાય. જેમ નક્ષત્રમાસના ૨૭ $\frac{૨૧}{૬૭}$ દિવસો છે, તેને બાર ગુણા કરવાથી નક્ષત્રવર્ષ ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ ત્રણસો સત્તાવીશ દિવસ અને એકાવન સડસઠીયા ભાગ થાય. તેવી રીતે ચન્દ્રવર્ષ ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ ત્રણસો ચોપનદિવસ અને બાર

બાસઠીયા ભાગનું, ઋતુવર્ષ ૩૬૦ ત્રણસો સાઠ દિવસનું, સૂર્યવર્ષ ૩૬૬ ત્રણસોછાસઠદિવસનું અને અભિવર્દ્ધિતવર્ષ

૩૮૩$\frac{૪૪}{૬૨}$ ત્રણસોત્ર્યાસી દિવસ અને ચુંમાલીસ બાસઠીયાભાગનું થાય.

ચન્દ્ર ૧, ચન્દ્ર ૨, અભિવર્દ્ધિત ૩, ચન્દ્ર ૪ અને અભિવર્દ્ધિત ૫. આ પાંચ વર્ષનો યુગ કહેવાય છે અને તે યુગનું પ્રમાણ અઢારસો ત્રીસ દિવસનું છે ॥૧૦૨-૧૦૩॥

**उस्सेहंगुलजणियं, जोयणमुव्विद्धवित्थडो कूओ ।**
**एगाहियाइसत्ताहियाण वालाण सुहमाणं ॥१०४॥**

**सम्मट्ठं सन्निचियं, असंखखंडीकयाण भरियव्वो ।**
**वाससए वाससए, हिज्जइ वालग्गमेक्केक्कं ॥१०५॥**

**कालेण जत्तिएणं, रित्तो सो होइ पल्लसमकूओ ।**
**तं पलियमेत्थ तेसिं, दसकोडाकोडिओ अयरं ॥१०६॥**

**ભાવાર્થ**–ઉત્સેધઅંગુલથી મપાયેલા એકયોજનલાંબા, પહોળા અને ઊંડા ગોળ કૂવામાં કુરુક્ષેત્રમાં જન્મેલા યુગલિક બાળકના માથામાં એક દિવસથી સાત દિવસમાં ઊગેલા સૂક્ષ્મવાળના એકેકવાળના અસંખ્યાતા ટુકડા કરીને તે ટુકડા ઠાંસી ઠાંસીને લગાર પણ દબાય નહિ તેવી રીતે ભરવા, અને તે એકેક વાળના અસંખ્યાત ટુકડા કરાયેલા એકેક ટુકડાને સો સો વર્ષે કાઢવો. આ પ્રમાણે સો સો વર્ષે એકેક ટુકડો કાઢતાં તે

પલ્યસમાન કૂવો જેટલા કાલે ખાલી થાય તેટલા કાલને પલ્યોપમ કહેવાય છે. તેવા દશ કોડાકોડી એટલે એક ક્રોડને એક ક્રોડે ગુણવાથી જેટલી સંખ્યા આવે તેને દશગુણા કર્યા પછી જેટલી સંખ્યા આવે તેટલી સંખ્યાના પલ્યોપમનો એક સાગરોપમ થાય ॥૧૦૪ થી ૧૦૬॥

**ओसप्पिणी य उस्सप्पिणी य, पुव्वुत्तकालमाणाओ ।**
**पोग्गलपरियट्टो पुण, ताहिं अणंताहिं निम्माओ ॥१०७॥**

**ભાવાર્થ**—પૂર્વે જણાવેલા દશકોડાકોડીસાગરોપમના જુદા જુદા પ્રમાણવાળી એકેક અવસર્પિણી અને ઉત્સર્પિણી છે. આવી અનંતી અવસર્પિણી અને ઉત્સર્પિણીનો એક પુદ્ગલપરાવર્ત નામનો કાલ બને છે ॥૧૦૭॥

**जीवो भवे भमंतो, चउतणुमणवयणपाणरूवेण ।**
**परिणमिय मुयइ, सयलाणु जेण कालेण सो एसो ॥१०८॥**

**ભાવાર્થ**—આ સંસારમાં પરિભ્રમણ કરતો આત્મા ઔદારિક ૧, વૈક્રિય ૨, તૈજસ ૩, અને કાર્મણ ૪, આ ચાર શરીર તથા મન ૫, વચન-ભાષા ૬ અને શ્વાસોચ્છ્વાસ ૭ એ સાતે વર્ગણાના ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પુદ્ગલોને ગ્રહણ કરી તે તે રૂપે પરિણામ પમાડીને અને ભોગવીને જેટલા કાલમાં પાછા મૂકી દે, એટલે આત્મપ્રદેશથી છૂટા કરે તેટલા કાલને પુદ્ગલપરાવર્ત કહેવામાં આવે છે. આ પુદ્ગલપરાવર્તના ચાર

પ્રકાર છે. **દ્રવ્યપુદ્ગલપરાવર્ત ૧, ક્ષેત્રપુદ્ગલપરાવર્ત ૨, કાલપુદ્ગલપરાવર્ત ૩, અને ભાવપુદ્ગલપરાવર્ત ૪.** તે દરેકના બાદર અને સૂક્ષ્મ એવા બે ભેદો છે. ઉપર જે પુદ્ગલપરાવર્ત જણાવવામાં આવ્યો તે **બાદર દ્રવ્યપુદ્ગલપરાવર્ત** સમજવો. બીજા આચાર્યોના મતે કેવલ ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર શરીરની વર્ગણાના સર્વ પુદ્ગલોને આત્મા ગ્રહણ કરી પરિણામ પમાડીને ભોગવી આત્મપ્રદેશથી જેટલા કાલમાં છૂટા કરે તેટલા કાલને પણ **બાદર દ્રવ્યપુદ્ગલપરાવર્ત** કહેવામાં આવે છે.

સાતે વર્ગણામાંની કોઈપણ એક વર્ગણારૂપે સર્વ પુદ્ગલોને જેટલા ટાઈમે પરિણામ પમાડીને છોડે તે ગણાય. પણ બીજા ગણત્રીમાં લેવાય નહિ, એવી રીતે એક પછી એક એમ સાતે વર્ગણાના સર્વ પુદ્ગલોને જેટલા કાલમાં ગ્રહણ કરી પરિણામ પમાડી આત્મપ્રદેશથી છૂટા કરવામાં આવે તેને **સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્ત** કહેવામાં આવે છે. તેવી રીતે મતાન્તરમાં પણ જે ચાર વર્ગણાઓ લેવાની કહેલી છે તેના પણ સર્વપુદ્ગલોને ઉપરની માફક ક્રમશઃ જેટલા કાલમાં ગ્રહણ કરી પરિણામ પમાડી ભોગવીને આત્મપ્રદેશથી છૂટા કરવામાં આવે તેટલા કાલને પણ **સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્ત** કહેવામાં આવે છે.

ચૌદ રાજલોકના સર્વપ્રદેશોને કોઈપણ જાતના ક્રમ વગર, આત્મા મરણે કરીને જેટલા કાલમાં સ્પર્શે તેને બાદર

**ક્ષેત્રપુદ્ગલપરાવર્ત** કહેવામાં આવે છે. વિવક્ષિતપ્રદેશને પ્રથમ મરણે કરીને સ્પર્શ્યા પછી તેની અનન્તર રહેલા બીજા પ્રદેશને સ્પર્શીને જ્યારે મરણ પામે ત્યારે બીજો પ્રદેશ સ્પર્શેલો કહેવાય. તે પછી જ્યારે ત્રીજા પ્રદેશને સ્પર્શે ત્યારે ત્રીજો, એમ ક્રમશઃ લોકાકાશના સર્વ પ્રદેશોને જેટલા કાલમાં મરણે કરીને સ્પર્શે તેટલા કાલને **સૂક્ષ્મ ક્ષેત્રપુદ્ગલપરાવર્ત** કહેવાય છે. અહીં અનન્તર પ્રદેશને સ્પર્શતાં વચમાં બીજા પ્રદેશોને મરણે કરીને સ્પર્શે તે પ્રદેશો ગણત્રીમાં લેવાતા નથી.

અવસર્પિણી અને ઉત્સર્પિણીના તમામ સમયોને, કોઈ પણ જાતના ક્રમ વગર આત્મા મરણે કરીને સ્પર્શે એટલે અવસર્પિણી તથા ઉત્સર્પિણીના દરેક સમયે જુદા જુદા કાલે મરણ પામે. એ રીતે મરણ પામતાં આત્માને જેટલો કાલ થાય તે કાલને **બાદર કાલપુદ્ગલપરાવર્ત** કહેવાય છે અને જ્યારે અવસર્પિણીના તમામ સમયોને ક્રમશઃ એટલે અવસર્પિણીના પ્રથમસમયે મરણ પામ્યા પછી બીજી કોઈ અવસર્પિણીના બીજાસમયે મરણ પામ્યા પછી ત્રીજી કોઈ અવસર્પિણીના ત્રીજાસમયે મરણ પામે. એવી રીતે જુદી જુદી અવસર્પિણીઓના ચોથા પાંચમા એમ ક્રમશઃ સર્વ સમયે મરણ પામે. ત્યાર પછી ઉત્સર્પિણીના પણ ઉપર જણાવ્યા મુજબ ક્રમશઃ સર્વસમયે મરણ પામે. અહીં વચમાં અવસર્પિણી તથા ઉત્સર્પિણીના જે ઉલટાસુલટા સમયોએ મરણ પામે તે સમયો ગણત્રીમાં લેવાય નહિ. આ રીતે અવસર્પિણી તથા ઉત્સર્પિણીના સર્વસમયોને મરણે કરીને **સ્પર્શવામાં** જેટલો કાલ થાય તેને **સૂક્ષ્મ**

**કાલપુદ્‌ગલપરાવર્ત** કહેવામાં આવે છે.

અસંખ્યાત લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલા અનુભાગબંધના અધ્યવસાય સ્થાનો છે. હવે તે સઘળા અધ્યવસાયના સ્થાનોને એક આત્મા મરણે કરીને કોઇપણ જાતના ક્રમવગર સ્પર્શે એટલે એક પછી એક એમ સઘળા અધ્યવસાયના સ્થાનવાળો થઇને મરણ પામે. આ રીતિયે સઘળા અધ્યવસાયના સ્થાનોને મરણે કરીને સ્પર્શતાં જેટલો કાળ જાય તેને **બાદરભાવપુદ્‌ગલપરાવર્ત** કહેવામાં આવે છે. તેના તેજ અધ્યવસાય સ્થાનોને જ્યારે ક્રમશઃ મરણે કરીને પ્રથમ પહેલું સ્થાન ત્યાર પછી બીજું સ્થાન એમ અનુક્રમે સઘળા અધ્યવસાય સ્થાનોને મરણે કરીને સ્પર્શવામાં આવે ત્યારે તે પ્રમાણે સ્પર્શવામાં જેટલો કાલ જાય તેને **સૂક્ષ્મભાવપુદ્‌ગલપરાવર્ત** કહેવામાં આવે છે. અહીં પણ ઉપરની માફક સમજી લેવાનું છે કે પહેલા સ્થાને મરણ પામ્યા પછી બીજા સ્થાને મરણ પામતાં વચમાં બીજા ગમે તેટલા મરણો બીજાસ્થાન સિવાયના અધ્યવસાયસ્થાનમાં રહીને થયા હોય તે ગણત્રીમાં આવે નહિ.

અહીં પુદ્‌ગલપરાવર્તશબ્દ દ્રવ્યપુદ્‌ગલપરાવર્તમાં ઘટી શકે. કારણકે દ્રવ્યપુદ્‌ગલપરાવર્તમાં વર્ગણાના પુદ્‌ગલોને પરિણામ પમાડવાનું હોય છે, તેથી *पुद्‌गलानां परावर्त्तः-परिणमनं* એ વ્યુત્પત્તિઅર્થ તેમાં ઘટી શકે છે. જ્યારે ક્ષેત્ર, કાલ અને ભાવમાં તો પુદ્‌ગલોનું પરાવર્ત નહિ હોવાથી વ્યુત્પત્તિઅર્થ ઘટી શકતો

નથી. તો પણ અનંતીઅવસર્પિણી અને અનંતીઉત્સર્પિણી-કાલપ્રમાણરૂપ જે પુદ્ગલપરાવર્તનું પ્રવૃત્તિનિમિત્ત જેમ દ્રવ્યપુદ્ગલપરાવર્ત્તમાં રહેલું છે તેમ ક્ષેત્ર, કાલ અને ભાવપુદ્ગલપરાવર્તમાં પણ રહેલું છે. કારણકે ચારે પુદ્ગલપરાવર્તનો કાલ અનંતીઅવસર્પિણી અને અનંતી ઉત્સર્પિણીનો છે. એટલે પુદ્ગલપરાવર્તશબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત જે અનંતી અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપ કાલપ્રમાણ છે તે ચારેમાં હોવાથી એ ચારેને પણ પુદ્ગલપરાવર્ત કહેવામાં કોઈ પણ જાતનો દોષ નથી. જેમ *'गच्छतीति गौः'* આ વ્યુત્પત્તિ *गो* શબ્દની હોવા છતાં તે *गो* શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત પગની ખરી, ખાંધ, પૂંછડું અને સાસ્નાદિ ગાયમાં હોવાથી જ્યારે ગાય ચાલતી ન હોય ત્યારે તેનામાં વ્યુત્પત્તિઅર્થ ઘટતો નહિ હોવા છતાં પણ તે *गो* શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત પગની ખરી, ખાંધ, પૂંછડું અને સાસ્નાદિ ગાયમાં હોવાથી તે વખતે તેમાં *गो* શબ્દનો પ્રયોગ કરી શકાય છે. તેવી રીતે અહીં પણ સમજી લેવું.

અહીં જે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એમ ચાર પ્રકારના દરેક પુદ્ગલપરાવર્તના સૂક્ષ્મ અને બાદર એમ બે જાતના જે ભેદો જણાવવામાં આવ્યા છે તેમાં બાદરપુદ્ગલપરાવર્તોનો તો શાસ્ત્રોમાં કોઈ પણ સ્થાને ઉપયોગ આવતો નથી, આમ છતાં શાસ્ત્રોમાં જ્યાં જ્યાં બાદરપુદ્ગલપરાવર્તની પ્રરૂપણા કરેલી છે તે તો સૂક્ષ્મપુદ્ગલપરાવર્ત સહેલાઈથી સમજાય તેટલા માટે જ છે. ચાર સૂક્ષ્મપુદ્ગલપરાવર્તોમાં પણ બહુલતાએ

સૂક્ષ્મક્ષેત્રપુદ્ગલપરાવર્તને જ ક્ષેત્રથી માર્ગણામાં સિદ્ધાંતમાં ગ્રહણ કરેલો છે એમ **જીવાજીવાભિગમ** વગેરે સૂત્રોમાં કહેલ છે. તેથી જ્યાં જ્યાં કોઈ પણ જાતની વિશેષ વિવક્ષા કર્યા વગર પુદ્ગલપરાવર્તનો કાલ કહેવામાં આવ્યો હોય ત્યાં પ્રાયઃ સૂક્ષ્મક્ષેત્રપુદ્ગલપરાવર્તનો કાલ સમજવો એવી સંભાવના થાય છે, પરન્તુ તત્ત્વ તો બહુશ્રુતો જાણે. આ પ્રમાણે **લોકપ્રકાશ અને પ્રવચનસારોદ્ધારાદિગ્રન્થો**માં વિસ્તારથી જણાવેલ છે. માટે વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાઓએ ત્યાંથી જોઈ લેવું ॥૧૦૮॥

કાલવિભક્તિ કહ્યા પછી હવે ભાવવિભક્તિ કહેવામાં આવે છે –

**कालो भणिओ एवं, भावविभत्तीए अवसरो इण्हि ।**
**जीवाजीवगयत्ता, भावा य भवंति दुविगप्पा ॥१०९॥**

**ભાવાર્થ**–આ પ્રમાણે જુદી જુદી રીતે કાલવિભક્તિ કહેવામાં આવી. હવે ભાવવિભક્તિનો અવસર છે. ભાવો જીવગત અને અજીવગત હોવાથી બે પ્રકારનો છે ॥૧૦૯॥

**ओदइय१ ओवसमिया२, खाइय३ खाओवसमिय४ परिणामा५ ।**
**तह चेव सन्निवाइय, ६ एवं जीवाण छब्भावा ॥११०॥**

**ભાવાર્થ**–ઔદયિક ૧, ઔપશમિક ૨, ક્ષાયિક ૩, ક્ષાયોપશમિક ૪, પારિણામિક ૫ તથા સાન્નિપાતિક ૬. એમ જીવોના છ ભાવો છે ॥૧૧૦॥

**पढमे इगवीसविहे चउगय( ०इ० )ओ४ चउकसाय८ वेयतियं ११ ।**
**छल्लेसा१७अन्नाणं१८मिच्छत्तं१९अविरइ२०असिद्धी२१ ॥१११॥**

**ભાવાર્થ—**એકવીસપ્રકારવાળા પહેલા ઔદયિકભાવમાં ચારગતિ-નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ ૪, ચાર કષાય-ક્રોધ, માન, માયા અને લોભ ૮, વેદત્રિક-પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ ૧૧, છ લેશ્યા-કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ ૧૭, અજ્ઞાન ૧૮, મિથ્યાત્વ ૧૯, અવિરતિ ૨૦ અને અસિદ્ધિ-અસિદ્ધત્વ ૨૧ એમ એકવીશ ભેદો છે ॥૧૧૧॥

**दुइए दुविहे सम्मत्त१ चरण२ तइए उ नवविहे सम्मं १ ।**
**वरनाण२ दंसण३ चरित्त४ पंच दाणाइलद्धीओ९ ॥११२॥**

**ભાવાર્થ—**બેપ્રકારવાળા બીજા ઔપશમિકભાવમાં સમ્યક્ત્વ ૧ અને ચારિત્ર ૨ એમ બે ભેદો છે. નવપ્રકારવાળા ત્રીજા ક્ષાયિકભાવમાં સમ્યક્ત્વ ૧, કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાતચારિત્ર ૪ અને દાનાદિ પાંચ લબ્ધિઓ-દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય ૯ એમ નવ ભેદો છે ॥૧૧૨॥

**चउनाण४ तिअन्नाणा७ तिदंसणा१० सम्म११ पंच दाणाई१६ ।**
**विरई१७ विरयाविरई१८ तुरिए अट्ठारसविहम्मि ॥११३॥**

**ભાવાર્થ—**અઢાર પ્રકારવાળા ચોથા ક્ષાયોપશમિકભાવમાં ચારજ્ઞાન-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ૪, ત્રણ અજ્ઞાન-મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન ૭, ત્રણ દર્શન-ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને

અવધિદર્શન ૧૦, સમ્યક્ત્વ ૧૧, દાનાદિ પાંચ લબ્ધિઓ- દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય ૧૬, ચારિત્ર ૧૭ અને વિરતાવિરતિ એટલે દેશવિરતિ ૧૮ એમ કુલ અઢાર ભેદો છે ॥૧૧૩॥

**जीवत्त१मभव्वत्तं, २ भव्वत्तं पारिणामिए तिविहे ।**
**एसिं दुगाइजोगा, भंगा छट्ठम्मि छव्वीसं ॥११४॥**

**ભાવાર્થ—**ત્રણપ્રકારવાળા પાંચમા પારિણામિકભાવમાં જીવત્વ ૧, અભવ્યત્વ ૨, અને ભવ્યત્વ ૩, એમ ત્રણ ભેદો છે. છઠ્ઠા સાન્નિપાતિકભાવમાં બેસંયોગી, ત્રણસંયોગી વગેરે છવ્વીસ ભેદો છે ॥૧૧૪॥

**तत्थेगो दुगजोगो, तिगजोगा दुन्नि दुन्नि चउजोगा ।**
**एगो पणजोगो इय, छस्संभविणो न उण वीसं ॥११५॥**

**ભાવાર્થ—**સાન્નિપાતિકભાવના છવ્વીસભેદમાં બેસંયોગીનો એક ભેદ, ત્રણસંયોગીના બે, ચારસંયોગીના બે અને પાંચસંયોગીનો એક, એમ છ ભેદ સંભવિત છે. બાકીના વીસ ભેદો સંયોગની ઉત્પત્તિમાત્રની દૃષ્ટિએ સંભવે છે, પણ કોઇ જીવને તે વીસમાંથી એક પણ ભેદ, પ્રાપ્તિની દૃષ્ટિએ સંભવતો નથી ॥૧૧૫॥

**खाइयपरिणामियभावसंभवो निव्वुयाण दुगजोगो १ ।**
**ओदइयखइयपरिणामजणियतिगजोग केवलिणं २ ॥११६॥**

**ओदइयखओवसमियपरिणाम भवो भवीण तिगजोगो ३ ।**
**सोवसमिएहिं तेहिं ४ अहव सखइएहिं चउजोगा ५ ॥११७॥**

**एए वि दो भवीणं, पंचगजोगो उ होइ मणुयाणं ।**
**काऊण सत्तगखयं, उवसमसेढीपवन्नाणं ६ ॥११८॥**

**ओदइआ मणुयगई, उवसमिया विरइ खाइयं सम्मं ।**
**खाओवसमियमिंदियमिहई( ०इं ) परिणामि जीवत्तं ॥११९॥**

**ભાવાર્થ**—સિદ્ધના આત્મામાં ક્ષાયિકભાવે સમ્યક્ત્વ અને કેવલજ્ઞાનાદિ તથા પારિણામિકભાવે જીવત્વ હોવાથી **ક્ષાયિક અને પારિણામિકભાવરૂપ બેસંયોગી સાન્નિપાતિકભાવનો** સંભવ સિદ્ધના આત્મામાં હોય છે (૧). ઔદયિકભાવની મનુષ્યગતિ વગેરે, ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ અને કેવલજ્ઞાનાદિ તથા પારિણામિકભાવનું જીવત્વ અને ભવ્યત્વ કેવલજ્ઞાનીમાં હોવાથી **ઔદયિક, ક્ષાયિક અને પારિણામિકભાવરૂપ ત્રણસંયોગી** ભાવ કેવલજ્ઞાનીમાં હોય છે (૨) ॥૧૧૬॥

ઔદયિકભાવની ગતિ વગેરે, ક્ષાયોપશમિકભાવની ઇન્દ્રિયો વગેરે અને પારિણામિકભાવનું જીવત્વ વગેરે સર્વ સંસારીઆત્માઓમાં હોવાથી **ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિકભાવરૂપ** ત્રણસંયોગી ભાવ સર્વ સંસારિ-આત્માઓમાં હોય છે (૩). ઔદયિકભાવની ગતિ વગેરે, ક્ષાયોપશમિકભાવની ઇન્દ્રિયો વગેરે, પારિણામિકભાવનું જીવત્વ વગેરે અને ઔપશમિકભાવનું સમ્યક્ત્વ વગેરે એમ ચારસંયોગી અથવા ઔદયિક ક્ષાયોપશમિક અને પારિણામિક-ભાવ ઉપર મુજબ અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ ચોથું એમ ચારસંયોગી ભાવ પણ છદ્મસ્થભવિકઆત્માઓમાં સંભવી

શકતા હોવાથી **ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને ઔપશમિક** (૪) અથવા **ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને ક્ષાયિક** (૫) એમ બે ચારસંયોગી ભાવો ભવિકઆત્માઓમાં હોય છે. **ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, ઔપશમિક અને ક્ષાયિકભાવરૂપ** પાંચસંયોગી ભાવ તો દર્શનસપ્તકનો ક્ષય કરી ક્ષાયિકસમ્યક્ત્વને પામ્યા પછી ઉપશમશ્રેણીને પામેલા મનુષ્યને જ હોય છે. તે વખતે તેનામાં ઔદયિકભાવની મનુષ્યગતિ વગેરે, ક્ષાયોપશમિક-ભાવની ઈન્દ્રિયો વગેરે, પારિણામિકભાવનું જીવત્વ વગેરે, ઔપશમિકભાવનું ચારિત્ર અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ હોય છે (૬) ॥૧૧૭ થી ૧૧૯॥

**अह सन्निवायभेया, छावि हु संतो हवंति पन्नरस ।**
**एक्केक्क ताव दुगजोगपढमतिगजोगपणजोगा ॥१२०॥**

**सेसा पुणो विगप्पा, तिन्नि गइचउक्कसंभवित्तेण ।**
**ग( गु० )णिया चउक्कएणं बारस इय सव्वि पन्नरस ॥१२१॥**

**ભાવાર્થ**–ઉપર જણાવેલા સાન્નિપાતિકભાવના સંભવિત મુખ્ય છ ભેદો હોવા છતાં પણ તેના અવાન્તર ભેદો પંદર થાય છે. તેમાં દ્વિકસંયોગી, પહેલો ત્રિકસંયોગી અને પંચસંયોગી એકેક છે. અર્થાત્ તેના કોઈ અવાન્તર ભેદો નથી ॥૧૨૦॥

બીકાના-બીજો ત્રિસંયોગી ૧ અને બે ચારસંયોગી ૩ એ ત્રણ ભેદો તો ચારેગતિમાં સંભવતા હોવાથી ત્રણને ચારે

ગુણવાથી બાર ભેદો થાય. અને તે બાર પૂર્વના ત્રણની સાથે મેળવવાથી કુલ પંદર ભેદો થાય ॥૧૨૧॥

**धम्माइअजीवाण वि, हवइ सया पारिणामिओ भावो ।**
**कम्मणखंधसरूवामुदइओ पोग्गलाणं पि ॥१२२॥**

ભાવાર્થ–ધર્માસ્તિકાયાદિ અજીવદ્રવ્યોનો પણ હંમેશા પારિણામિકભાવ હોય છે તથા જ્ઞાનાવરણીયાદિકર્મોના સ્કન્ધસ્વરૂપપુદ્ગલોનો ઔદયિકભાવ હોય છે. તથા અનન્તપરમાણુઓના બનેલા સ્કન્ધરૂપપુદ્ગલો જે જીવોને ગ્રહણ કરવા માટે યોગ્ય હોય છે તેનો પણ ઔદયિકભાવ હોય છે.

આ હકીકત અહીં સંક્ષેપમાં જણાવેલી હોવાથી એકદમ સમજી શકાય તેવી નથી. એટલે બીજા ગ્રન્થના આધારે તેને વિસ્તારપૂર્વક સમજાવવામાં આવે છે.

ધર્માસ્તિકાયાદિ ચારદ્રવ્યો તો હંમેશાં એક સરખા ગતિસ્થિત્યાદિ અનાદિઅનન્ત પારિણામિકભાવવાળા હોય છે અને તે હકીકત આગળ ગાથા ૧૩૬ થી ૧૪૦માં જણાવેલ છે. એટલે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ એ ચાર દ્રવ્યોનો અનાદિઅનન્ત પારિણામિકભાવ હોય છે.

પાંચમા પુદ્ગલાસ્તિકાયદ્રવ્યનો પણ દ્વ્યણુકથી અનંતાણુકસ્કન્ધોનો સાદિસાન્ત પારિણામિકભાવ હોય છે. કારણ તેનો નવપુરાણાદિ(નવા-જૂના)સ્વરૂપ પરિણામ વારંવાર

થયા કરે છે, તથા પરમાણુઓમાં પણ વર્ણગંધરસાદિના ફેરફારસ્વરૂપ પરિણામ વારંવાર થતો હોવાથી પરમાણુઓનો પણ પારિણામિકભાવ હોય છે.

વળી જીવોને ગ્રહણ કરવાયોગ્ય ઔદારિકાદિવર્ગણાના અનન્તપરમાણુઓના સ્કન્ધોનો ઔદયિકભાવ પણ હોય છે. કારણકે તે ઔદારિકાદિવર્ગણાના સ્કન્ધોનો ઔદારિકાદિ-નામકર્મના યોગે ઔદારિકાદિશરીરપણે ઉદય થાય છે. તથા કર્મવર્ગણાના પુદ્‌ગલો કે જેને આત્મા ગ્રહણ કરીને જ્ઞાના-વરણીયાદિકર્મપણે પરિણામ પમાડે છે, તે કર્મો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તેનો પણ ઔદયિકભાવ કહેવાય છે. એટલે જીવે ગ્રહણ કરેલા કર્મવર્ગણાના સ્કન્ધોનો તે તે કર્મના ઉદય વખતે ઔદયિકભાવ હોય છે.

આમ જીવોને ગ્રહણ કરવા યોગ્ય ઔદારિકાદિવર્ગણાના તથા કર્મવર્ગણાના સ્કન્ધોનો ઔદયિકભાવ હોય છે.

જેમ જ્ઞાનાવરણીયાદિકર્મોનો ઔદયિકભાવ હોય છે, તેમ તે જ્ઞાનાવરણીયાદિકર્મોમાં કેટલાકનો ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ પણ હોય છે, આમ છતાં ય વર્ગણાના ભાવથી પ્રરૂપણામાં ઔદયિક વિના બીજા ઔપશમિકાદિભાવોની વિવક્ષા કરી નથી.

આ સંબંધમાં વધુ જાણવાની ઇચ્છાવાળાએ દેવચંદ લાલભાઇ તરફથી છપાયેલ ભાવલોકપ્રકાશ પૃ. ૧૭૪ જોઇ લેવું ॥૧૨૨॥

રૂપીઅરૂપી અજીવદ્રવ્યોને આશ્રયી અજીવોના ભાવો કહે છે –

**रूविअरूविअजीवासएण दुविहा अजीवभावा उ ।**
**रूवीण पंचहा, वन्नगंधरसफाससंठाणा ॥१२३॥**

**ભાવાર્થ**–અજીવદ્રવ્યો રૂપી અને અરૂપી એમ બે પ્રકારના હોય છે. તેથી રૂપી અને અરૂપીને આશ્રયી અજીવદ્રવ્યોના ભાવો પણ બે પ્રકારના હોય છે. તેમાં રૂપીઅજીવદ્રવ્યોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન એમ પાંચ પ્રકારના ભાવો હોય છે ॥૧૨૩॥

**वन्नो पंचपयारो, गंधो दुविहो रसो य पणभेओ ।**
**फासो अट्ठविगप्पो, संठाणा पंचभेइल्ला ॥१२४॥**

**ભાવાર્થ**–વર્ણ-કાળો, નીલો, રાતો, પીળો અને સફેદ એમ પાંચ પ્રકારનો છે. ગંધ-સુરભિ અને દુરભિ એમ બે પ્રકારની છે. રસ-તીખો, કડવો, તૂરો, ખાટો અને મધુર એમ પાંચ પ્રકારનો છે. સ્પર્શ-ઉષ્ણ, શીત, મૃદુ, કર્કશ, સ્નિગ્ધ, લૂખો, ભારો અને હળવો એમ આઠ પ્રકારનો છે. અને સંસ્થાન 'પરિમંડલાદિ' પાંચ પ્રકારનું છે ॥૧૨૪॥

**परिमंडलं च वट्टं, तंसं चउरंसमाययं च त्ति ।**
**संठाणपंचगं खलु, तस्स सरूवं इमं होइ ॥१२५॥**

**बहिवट्टमंतरे उण, सुसिरं परिमंडलं जहा वलए ।**
**तं चेव सुसिररहियं, वट्टं घडगारचक्के व्व ॥१२६॥**

**कोणतिगेणाणुगयं, तंसं सिंघाडगे व्व बोधव्वं ।**
**कोणचउक्कविसिट्ठं, चउरंसं कुंभियाए व्व ॥१२७॥**

**आययसंठाणं पुण, दीहं दंडे व्व तेसिमे भेया ।**
**पयर घण चरमवज्जं, सेढी पयरं घणं चरमं ॥१२८॥**

**ભાવાર્થ**—પરિમંડલ, વૃત્ત, ત્રિકોણ, ચોરસ અને આયત એમ પાંચ પ્રકારના સંસ્થાનો છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે ॥૧૨૫॥

બહારથી ગોળ અને વચમાં પોલાણવાળી વલયના જેવી જે આકૃતિ તે **પરિમંડલસંસ્થાન** કહેવાય છે. વચમાં પોલાણ વગરની કુંભારના ચક્ર જેવી જે ગોળ આકૃતિ તેને **વૃત્તસંસ્થાન** કહેવાય છે ॥૧૨૬॥

જે સિંગોડાની માફક ત્રણ ખૂણાવાળો આકાર હોય તેને **ત્રિકોણસંસ્થાન** જાણવું. જે કુંભિકાના જેવું ચાર ખૂણાવાળું હોય તેને ચોરસસંસ્થાન કહેવાય છે. ॥૧૨૭॥

જે દંડની માફક એક સરખું લાંબું હોય, એટલે પહોળાઇ કરતાં લંબાઇ વધારે હોય તેને **આયતસંસ્થાન** કહેવાય છે. ઉપર જણાવેલા પાંચે સંસ્થાનોમાંથી છેલ્લા આયતસંસ્થાનને છોડીને બાકીના ચાર સંસ્થાનોના પ્રતર અને ઘન એમ બે ભેદ હોય છે અને છેલ્લા આયતસંસ્થાનના શ્રેણિ, પ્રતર અને ઘન એમ ત્રણ ભેદો હોય છે ॥૧૨૮॥

**तह परिमंडलवज्जं, विसमपएसं च समपएसं च ।**
**सव्वे य इमे भेया, जहन्नया तह य उक्किट्ठा ॥१२९॥**

**ભાવાર્થ**–તથા પરિમંડલસંસ્થાન સિવાય બાકીના વૃત્ત વગેરે ચાર સંસ્થાનોના શ્રેણિ, પ્રતર અને ઘનસંસ્થાનો, જેના જે જે ઘટતા હોય તે, એકીપ્રદેશથી અને બેકીપ્રદેશથી બનેલા હોય છે. જ્યારે પરિમંડલના પ્રતર અને ઘનસંસ્થાનો બેકી પ્રદેશના જ હોય છે. તે બધા સંસ્થાનોના એકી પ્રદેશથી તથા બેકી પ્રદેશથી જેના જે જે ભેદો બનતા હોય તે તે દરેક ભેદો જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારના હોય છે ॥૧૨૯॥

**तत्थुक्किट्ठा सव्वे, एगसहावा जओ असंखेसु ।**
**खपएसेसऽवगाढा, अणंतपरमाणुनिप्फन्ना ॥१३०॥**

**ભાવાર્થ**–ઉપર જણાવેલા બે પ્રકારના જઘન્ય અને ઉત્કૃષ્ટસંસ્થાનોમાં જે ઉત્કૃષ્ટસંસ્થાનો છે તે તો સઘળા એકસ્વભાવવાળા હોય છે, કારણકે તે બધા અનંતા પુદ્‌ગલપરમાણુઓના બનેલા હોય છે અને સંખ્યાતા આકાશપ્રદેશોને અવગાહીને રહેલા હોય છે ॥૧૩૦॥

**इयरे असमसरूवा, विभिन्नसंखप्पएसवत्तणओ ।**
**अन्नन्नसंखपरमाणुजवियरूवत्तओ य जहा ॥१३१॥**


**ભાવાર્થ**–ઈતર એટલે ઉત્કૃષ્ટથી બીજા જે જઘન્યસંસ્થાનો છે તે જુદી જુદી સંખ્યાવાળા આકાશપ્રદેશોના અવગાઢવાળા હોવાથી તથા જુદી જુદી સંખ્યાવાળા પુદ્‌ગલપરમાણુઓના બનેલા હોવાથી જુદા જુદા સ્વરૂપવાળા હોય છે. તે જઘન્યસંસ્થાનોના પરમાણુની તથા અવગાઢપ્રદેશોની સંખ્યા આ પ્રમાણે છે ॥૧૩૧॥

पंचग बारसगं खलु, सत्तग बत्तीसगं च वट्टम्मि ।
तिग छक्कग पणतीसा, चत्तारि य हुंति तंसम्मि ॥१३२॥


नव चेव तहा चउरो, सत्तावीसा य अट्ठ चउरंसे ।
तिग दुग पनरसेव य, छच्चेव य आयए हुंति ॥१३३॥

पणयाला बारसगं, तह चेव य आययम्मि संठाणे ।
वीसा चत्तालीसा, परिमंडलए य संठाणे ॥१३४॥
इत्थं चेसि परूवणामिओ वि ऊणप्पएसयाए जओ ।
दव्वेसु संभवो नो, संठाणाणं जहुत्ताणं ॥१३५॥

ભાવાર્થ—જઘન્ય **ઓજપ્રદેશી પ્રતર વૃત્તસંસ્થાન** પાંચ પરમાણુનું બનેલું અને પાંચ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૧)




જઘન્ય **યુગ્મપ્રદેશી પ્રતર વૃત્ત-સંસ્થાન** બાર પરમાણુનું બનેલું અને બાર આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૨)




જઘન્ય **ઓજપ્રદેશી ઘન વૃત્તસંસ્થાન** સાત પરમાણુનું બનેલું અને સાત આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે પૂર્વોક્ત પાંચપ્રદેશવાળા ઓજપ્રદેશી પ્રતર વૃત્તસંસ્થાનની આકૃતિમાં મધ્યના પરમાણુની ઉપર તથા નીચે એકેક પરમાણુ સ્થાપવાથી થાય. આ આકૃતિ બતાવી શકાય તેમ નથી.

જઘન્ય **યુગ્મપ્રદેશી ઘન વૃત્તસંસ્થાન** બત્રીસ પરમાણુઓનું બનેલું અને બત્રીસ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે પૂર્વોક્ત યુગ્મપ્રદેશી પ્રતર વૃત્તસંસ્થાનની આકૃતિના બાર પરમાણુઓની ઉપર બીજા બાર પરમાણુ તથા મધ્યના ચાર પરમાણુઓની ઉપર અને નીચે બીજા ચાર પરમાણુઓ મૂકવાથી થાય છે. આ આકૃતિ પણ બતાવી શકાય તેમ નથી.


જઘન્ય **ઓજપ્રદેશી પ્રતર ત્રિકોણસંસ્થાન** ત્રણપરમાણુનું બનેલું અને ત્રણઆકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૩)



જઘન્ય **યુગ્મપ્રદેશી પ્રતર ત્રિકોણસંસ્થાન** છ પરમાણુનું બનેલું અને છ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૪)




જઘન્ય **ઓજપ્રદેશી ઘન ત્રિકોણસંસ્થાન** પાંત્રીસ પરમાણુઓનું બનેલું અને પાંત્રીસ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૫)




જઘન્ય યુગ્મપ્રદેશી ઘન ત્રિકોણસંસ્થાન ચાર પરમાણુનું બનેલું અને ચારઆકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે.

તે પૂર્વોક્ત ઓજપ્રદેશી પ્રતર ત્રિકોણસંસ્થાનની આકૃતિમાં પ્રથમ પરમાણુની ઉપર બીજો પરમાણુ સ્થાપવાથી થાય. આ આકૃતિ પણ બતાવી શકાય તેમ નથી ॥૧૩૨॥

જઘન્ય **ઓજપ્રદેશી પ્રતર ચોરસસંસ્થાન** નવપરમાણુનું બનેલું અને નવઆકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૬)



જઘન્ય **યુગ્મપ્રદેશી પ્રતર ચોરસસંસ્થાન** ચારપરમાણુનું બનેલું અને ચાર આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૭)



જઘન્ય ઓજપ્રદેશી ઘન ચોરસસંસ્થાન સત્તાવીસ પરમાણુનું બનેલું અને સત્તાવીસ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે પૂર્વોક્ત ઓજપ્રદેશી ચોરસ પ્રતરસંસ્થાનની આકૃતિમાં ઉપર અને નીચે નવ નવ પરમાણુઓ સ્થાપવાથી થાય છે. આ આકૃતિ પણ બતાવી શકાય તેમ નથી.

જઘન્ય **યુગ્મપ્રદેશી ઘન ચોરસસંસ્થાન** આઠ પરમાણુનું બનેલું અને આઠઆકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે પૂર્વોક્ત યુગ્મપ્રદેશી પ્રતર ચોરસસંસ્થાનની આકૃતિમાં બીજા ચાર પ્રદેશો સ્થાપવાથી થાય છે. આ આકૃતિ પણ બતાવી શકાય તેમ નથી.

જઘન્ય **ઓજપ્રદેશી શ્રેણિઆયતસંસ્થાન** ત્રણ પરમાણુનું


બનેલું તથા ત્રણ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૮)




જઘન્ય **યુગ્મપ્રદેશી શ્રેણિ આયતસંસ્થાન** બે પરમાણુનું બનેલું તથા બે આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૯)



જઘન્ય **ઓજપ્રદેશી પ્રતર આયત-સંસ્થાન** પંદર પરમાણુનું બનેલું અને પંદર આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૧૦)



જઘન્ય **યુગ્મપ્રદેશી પ્રતર આયતસંસ્થાન** છ પરમાણુનું બનેલું અને છ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે (૧૧) ॥૧૩૩॥




જઘન્ય **ઓજપ્રદેશી ઘન આયતસંસ્થાન** પિસ્તાલીસ પરમાણુનું બનેલું અને પિસ્તાલીસ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. અને તે પૂર્વોક્ત પંદરપ્રદેશી પ્રતરઆયતસંસ્થાનની આકૃતિમાં બીજા પંદર પંદર પરમાણુઓ નીચે તથા ઉપર સ્થાપવાથી થાય છે. આ આકૃતિ પણ બતાવી શકાય તેમ નથી.

જઘન્ય **યુગ્મપ્રદેશી ઘન આયતસંસ્થાન** બાર પરમાણુનું બનેલું અને બાર આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે.

અને તે પૂર્વોક્ત છપ્રદેશી પ્રતરઆયતસંસ્થાનની આકૃતિ ઉપર બીજા છ પરમાણુઓ સ્થાપવાથી થાય છે. આ આકૃતિ પણ બતાવી શકાય તેમ નથી.

જઘન્ય **યુગ્મપ્રદેશી પ્રતર પરિમંડલ-** સંસ્થાન વીસ પરમાણુનું બનેલું અને વીસ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે આ પ્રમાણે – (૧૨) ચાર દિશામાં ચાર ચાર પરમાણુઓ સ્થાપવાથી અને ચાર વિદિશામાં એકેક પરમાણુ સ્થાપવાથી થાય છે.



જઘન્ય **યુગ્મપ્રદેશી ઘન પરિમંડલસંસ્થાન** ચાલીશ પરમાણુઓનું બનેલું અને ચાલીશ આકાશપ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તે વીશપરમાણુના પ્રતરપરિમંડલસંસ્થાનની આકૃતિ ઉપર બીજા વીશપરમાણુ સ્થાપવાથી થાય છે. આ આકૃતિ પણ બતાવી શકાય તેમ નથી ॥૧૩૪॥

જઘન્ય **ઓજપ્રદેશી પ્રતર પરિમંડલસંસ્થાન તથા ઓજપ્રદેશી ઘન પરિમંડલસંસ્થાન** હોતા નથી.

આ પ્રમાણે સંભવી શકતા દરેક જઘન્ય સંસ્થાનોના પરમાણુઓની પ્રરૂપણા કરવામાં આવી છે. કારણકે ઉપર જે જે સંભવિત સંસ્થાનો બતાવવામાં આવ્યા છે, તથા તે જેટલા જેટલા પરમાણુઓથી બનેલા અને જેટલા જેટલા આકાશપ્રદેશોને અવગાહીને રહેલા બતાવવામાં આવ્યા છે.

તેનાથી ઓછા પરમાણુથી બનેલા અને ઓછા આકાશપ્રદેશને અવગાહીને રહેલા કોઈ પણ સંસ્થાનો દ્રવ્યોમાં હોતા નથી. અર્થાત્ તે તે સંસ્થાનો ઓછામાં ઓછા તેટલા આકાશપ્રદેશને અવગાહીને રહેલા હોય છે. આ સંસ્થાનોનું સ્વરૂપ વિસ્તારથી **લોકપ્રકાશ અને પન્નવણાદિગ્રન્થ**માં જણાવેલું છે. માટે વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાઓએ ત્યાંથી જોઈ લેવું ॥૧૩૫॥

**नीरूवअजीवाणं धम्माधम्मंतलिक्खकालाणं ।**
**भावा गइठिइअवगाहवत्तणालक्खणा नेया ॥१३६॥**

ભાવાર્થ–અરૂપી અજીવદ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલના ભાવો અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહના-જગ્યા આપવી અને વર્તના-દ્રવ્યનું પર્યાયરૂપે પરિણામ પામવારૂપ જાણવા ॥૧૩૬॥

**सुगमाउ गइठिईओ, आधेयत्तेण वित्तिरवगाहो ।**
**नव्वपुराणत्ताईपरिणामो वत्तणा होइ ॥१३७॥**

**जीवाण पोग्गलाण य, हवंति गइमादयो जओ भावा ।**
**धम्माप्पमुहेहिंतो, तम्हा तेसिं इमे भावा ॥१३८॥**

**एत्थ हि जीवाईणं, धम्मेण गई तिमिस्स पयसेव ।**
**होइ अहम्मेण ठिई, खलियस्साऽऽलंबणेणेव ॥१३९॥**

**तेसिं चिय अवगाहो, आगासतले जलाण कलसे व्व ।**
**कालेण नवत्ताई, अभावओ अन्नभावे वि ॥१४०॥**

**ભાવાર્થ**—ધર્માસ્તિકાયનો ભાવ-સ્વભાવ જે ગતિપરિણત થયેલા દ્રવ્યોને ગમનક્રિયામાં સહાય કરવાનો, તથા અધર્માસ્તિકાયનો સ્વભાવ દ્રવ્યોને સ્થિર રહેવામાં સહાય કરવાનો છે તે સારી રીતે સમજી શકાય તેવો છે. કારણકે લોકાકાશમાં જ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય હોવાથી જીવાદિદ્રવ્યોની ગતિ તથા સ્થિરતા ત્યાંજ થઇ શકે છે, જ્યારે અલોકાકાશમાં તે બે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો નહિ હોવાથી ત્યાં જીવાદિદ્રવ્યો જઇ શકતા નથી અને સ્થિરતા કરી શકતા નથી. આકાશાસ્તિકાયનો સ્વભાવ આધેય દ્રવ્યો-રહેવા યોગ્ય ધર્માસ્તિકાયાદિદ્રવ્યો-ને રહેવા માટે જગ્યા આપવાનો છે. દ્રવ્યોનું જે નવીન થવું, જૂના થવું, તથા એક પર્યાયને છોડી બીજા પર્યાયરૂપે પરિણામ પામવું તે વર્તનારૂપ કાલ છે ॥૧૩૭॥

જે કારણથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયથી જીવો અને પુદ્‌ગલોના ગતિ અને સ્થિરતારૂપ ભાવો થાય છે, અર્થાત્ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની સહાયથી જીવો અને પુદ્‌ગલો ચાલવા તથા સ્થિર રહેવાની ક્રિયા કરે છે, તેથી ગતિ એ ધર્માસ્તિકાયનો અને સ્થિતિ એ અધર્માસ્તિકાયનો ગુણ છે ॥૧૩૮॥

પાણીના યોગે જેમ માછલાં ચાલી શકે છે, તેવી રીતે અહીં પણ ધર્માસ્તિકાયના યોગે જીવાદિદ્રવ્યોની ચલનક્રિયા

જાણવી. જેમ સ્ખલના પામતા પ્રાણીને ટેકો મળવાથી તેની સ્થિરતા થાય છે તેમ અધર્માસ્તિકાયના યોગે જીવાદિદ્રવ્યોની સ્થિરતા થાય છે ॥૧૩૯॥

કળશ-ઘડો જેમ પાણીને પોતાનામાં સ્થાન આપે છે, તેમ આકાશાસ્તિકાયનો જીવાદિદ્રવ્યોને પોતાના આકાશરૂપી તલમાં સ્થાન આપવાનો સ્વભાવ છે. જીવાદિદ્રવ્યો પોતાના મૂલભાવને છોડીને બીજા ભાવને નહિ પામવા છતાં પણ તે જે નવપુરાણાદિરૂપ પર્યાયોને પામે છે તે કાલનો સ્વભાવ જાણવો ॥૧૪૦॥

**इय छब्भेयविभत्तिं, पवंचियं अमरचंदसूरीहिं ।**
**निसुणंताणं जायइ, उम्मेसो नाणलेसस्स ॥१४१॥**

**ભાવાર્થ**—આ રીતે છપ્રકારવાળું વિભક્તિવિચાર નામનું પ્રકરણ **શ્રી અમરચન્દ્રસૂરિજીએ** કંઈક વિસ્તારથી કરેલ છે. તે સાંભળનારાઓને જ્ઞાનનો લેશ પ્રગટ થાય છે. અર્થાત્ આ સાંભળનાર તથા ભણનારને જ્ઞાનનો બોધ થાય છે ॥૧૪૧॥

**[1]इति विभक्तिविचारप्रकरणं समाप्तम् ।**

આ ભાવાર્થ લખવામાં પ્રકરણકાર તથા સિદ્ધાન્તના આશય વિરુદ્ધ પ્રમાદ અગર અજ્ઞાનતાથી જે કંઈ લખાયું હોય તેનું ‘મિચ્છામિ દુક્કડં’ માંગી વિરમું છું.

---

૧. તાડપત્રીય ઉભયપ્રતિની અંતર પ્રકરણની સમાપ્તિમાં *इति विचारमुखप्रकरणा समाप्तम् ।* લખેલ છે જ્યારે પ્રકરણકારે પ્રથમ શ્લોકમાં *‘विभत्तिवियारा वुच्छा’* એમ લખેલ છે, આથી અમે પણ આ પ્રમાણે લખ્યું છે.

इति श्रीवीरसंवत २४७६ विक्रमसंवत २००६ वर्षे भाद्रपद-
मासे शुक्लैकादश्यां शुक्रवासरे सौराष्ट्रदेशे श्रीशान्तिनाथ-
स्वामिप्रासादालङ्कृतलीम्बडीनगरमध्ये पुरीबाईजैन-
धर्मशालायां स्वभ्रात्रादिचतुष्टयेन सह चातुर्मास-
स्थितेन सच्चारित्रचूडामणि-सिद्धान्तमहोदधि-
आचार्यदेव-श्रीमद्विजयप्रेमसूरीश्वरपट्टप्रद्यो-
तन-व्याख्यानवाचस्पति-आचार्यदेव-
श्रीमद्विजयरामचन्द्रसूरीश्वरविनेय-
पंन्यासश्रीमानविजयेनायं
भावार्थो लिखितः ।

## સૂરિરામ ત્રિપદી

છોડવા જેવો સંસાર

મેળવવા જેવો મોક્ષ

લેવા જેવું સંયમ

## संवेगरसायणरसिकेन पूर्वाचार्यश्रीजिनप्रभसूरिणा सन्दृबन्धम्

## संविग्न श्रमण-आत्मनिन्दा - कुलकम्

**श्रुत्वा श्रद्धाय सम्यक् शुभगुरुवचनं वेश्मवासं निरस्य,**
**प्रव्रज्याऽथो पठित्वा बहुविधतपसा शोषयित्वा शरीरम् ।**

**धर्मध्यानाय यावत्प्रभवति समयस्तावदाकस्मिकीयम्पाप्ता**
**मोहस्य घाटी तडिदिव विषमा हा ! हताः कुत्र यामः ? ॥१॥**

**ભાવાર્થ**–શુભગુરુના વચનનું શ્રવણ કરી, એની દૃઢ શ્રદ્ધા કરી, એ શ્રદ્ધાની ફળશ્રુતિ સ્વરૂપે ગૃહવાસને તિલાંજલી આપી, ચારિત્ર્યનો સ્વીકાર કરી અને ત્યાર પછી પણ પુષ્કળ અભ્યાસ અને બહોળા તપ દ્વારા શરીરને સૂકવી નાંખી જ્યાં ધર્મધ્યાન માટેનો સમય માંડ ઉપસ્થિત થયો છે. અફસોસ ! ત્યાં જ આકસ્મિક રીતે મોહનું હુલ્લડ ત્રાટકી પડ્યું છે. વીજળીની જેમ જ તેણે અમને હણી નાખ્યા છે. અરેરે... ક્યાં જઈએ !!!

**एकेनाऽपि महाव्रतेन यतिनः खण्डेन भग्नेन वा,**
**दुर्गत्यां पततो न सोऽपि भगवानीष्टे स्वयं रक्षितुम् ।**

**हत्वा तान्यखिलानि दुष्टमनसो वर्तामहे ये वयं,**
**तेषां दण्डपदं भविष्यति कियज्जानाति तत्केवली ॥२॥**

**ભાવાર્થ**–જે મુનિએ એકાદા મહાવ્રતનું પણ ખંડન કર્યું છે, એ સાધુનો વિનિપાત નક્કી થઇ ગયો છે. વ્રતનું ખંડન કરનારા સાધુને દુર્ગતિના દુઃખોથી ઉગારી લેવાની તાકાત. સાક્ષાત્ શ્રી તીર્થંકરોમાં પણ નથી.

ખેર ! બધા જ મહાવ્રતોનો ભૂક્કો કરીને બેસનારા અમે જો નિર્લજ્જ બનીને દુષ્ટ વર્તન કરીશું તો એના પરિપાક સ્વરૂપે કેવા કારમો દંડ અમારી પર ઝીંકાશે, એ તો કેવળી ભગવંત જ જાણે...!!

**कट्यां चोलपटं तनौ सितपटं कृत्वा शिरोलुञ्चनं,**
**स्कन्धे कम्बलिकां रजोहरणकं निक्षिप्य कक्षान्तरे ।**

**वक्त्रे वस्त्रमथो विधाय ददतः श्रीधर्मलाभाऽऽशिषं,**
**वेषाऽऽडम्बरिणः स्वजीवनकृते विद्मो गतिं नाऽऽत्मनः ॥३॥**

**ભાવાર્થ**–(૧) અમે સાધુવેશ ધારણ કર્યો છે.

(૨) અમે કમ્મરપર ચોલપટ્ટો પહેરીએ છીએ.

(૩) અમે બગલમાં રજોહરણ રાખીએ છીએ.

(૪) અમે માથાના વાળ હાથેથી ઉખાડી "કેશલુંચન" કરાવીએ છીએ.

(૫) અમે મુખ આગળ હંમેશા મુહપત્તી ધારણ કરીએ છીએ. અને

(૬) 'ધર્મલાભ' ના આશીર્વાદ આપીએ છીએ.

(૭) અમે ખભા-પર કામળી ધારણ કરીએ છીએ.

(૮) અમે શરીર પર શ્વેત અને માનોપેત વસ્ત્રો જ ધારણ કરીએ છીએ. અફસોસ ! આમ છતાં અમે આંડબર નથી છોડી શકતાં. જીવન નિર્વાહ માટેનો જ અમારો આ પ્રયત્ન લાગે છે. નથી જાણતા અમે કે અમારી શી ગતિ થશે ?

**भिक्षा-पुस्तक-वस्त्र पात्र-वसति-प्रावारलुब्धा यथा,**
**नित्यं मुग्धजनप्रतारणकृते कष्टेन खिद्यामहे ।**
**आत्मारामतया तथा क्षणमपि प्रोज्झ्य प्रमादद्विषम्,**
**स्वार्थाय प्रयतामहे यदि तदा सर्वाऽर्थसिद्धिर्भवेत् ॥४॥**

**ભાવાર્થ**—અમારે લોકોને છેતરવા છે માટે અમે હજી થાક્યાં નથી. અમે ભિક્ષાના, પુસ્તકોના, વસ્ત્રોના, પાત્રના, વસતિના અને સંથારા-ઉત્તરપટ્ટાના લાલચુ છીએ. જો એકાદ ક્ષણ માટેય અમે પ્રમાદને ફંગોળી દઈ આત્માનંદી બની આત્મહિત માટે પ્રયત્ન કરીએ તોય અમારા સકળવાંછિતોની સિદ્ધ થઇ જાય...

**पाखण्डानि सहस्त्रशो जगृहिरे ग्रन्था भृशं पेठिरे,**
**लोभाऽज्ञानवशात्तपांसि बहुधा मूढैश्चिरं तेपिरे ।**
**क्वापि क्वापि कथञ्चनाऽपि गुरुभिर्भूत्वा मुदो भेजिरे,**
**कर्मक्लेश-विनाश-संभव-सुखान्यद्याऽपि नो लेभिरे ॥५॥**

**ભાવાર્થ**—હજારો જાતના પાખંડ ગ્રહણ કર્યા. હજારોની સંખ્યામાં ગ્રંથો ભણી લીધા અને અનેક જાતના તપો તપી લીધાં. અફસોસ ! અમે મૂઢના મૂઢ રહ્યાં. અમારી આ બધીય આરાધના લોભની અને અજ્ઞાની જ ચેષ્ટા બની ગઈ. અરે ! ક્યારેક અમે ગુરુ બની શક્યા તો આનંદ પણ પુષ્કળ પામ્યાં. તેમ છતાં હજી સુધી કર્મના ક્લેશને હણી લે એવો આરાધનાનો પ્રબળ ઉલ્લાસ અમને મળ્યો નથી.

**किं भावी नारकोऽहं किमुत बहुभवी दूरभव्यो नभव्यः,**
**किं वाऽहं कृष्णपक्षी किमु चरमगुणस्थानकः कर्मदोषात् ।**
**वह्निज्वालेन शिक्षाव्रतमपि विषवत् खड्गधारा तपस्या,**
**स्वाध्यायः कर्णशूची यम इम विषमः संयमो यद्विभाति ॥६॥**

ભાવાર્થ–(૧) શું હું કૃષ્ણપાક્ષિક છું? (૨) શું હું દુર્ભવ્ય છું? (૩) શું હું અભવ્ય છું? (૪) કર્મની બહુલતાથી અથવા તો (૫) શું હું મિથ્યાત્વી બન્યો છું? કે (૬) પછી શું હું નરકે જનારો નરકગામી છું?

કેમ પણ મને શિક્ષાવ્રતોનું પાલન પણ અગ્નિની જ્વાળા જેવું લાગે છે! સ્વાધ્યાયનું નામ પડે ને કાનમાં સોયાઓ ખૂંચવા માંડે છે. સંયમજીવન અકારૂં લાગે છે.

**वस्त्र-पात्रमुपाश्रयं बहुविधं भैक्षञ्चतुर्धौषधं,**
**शय्या-पुस्तक-पुस्तकोपकरणं शिष्यञ्च शिक्षामपि ।**
**गृह्णीमः परकीयमेव सुतरा-माजन्मवृद्धा वयं,**
**यास्यामः कथमीदृशेन तपसा तेषां हहा निष्क्रयम् ! ॥७॥**

ભાવાર્થ–જાતજાતના વસ્ત્રો. નજાકત પાત્રાઓ, વૈભવી ઉપાશ્રયો, (૧) ભક્ષ્ય (૨) ભોજ્ય (૩) લેહ્ય અને (૪) ચોષ્ય, આમ ચારેય પ્રકારની ભિક્ષાઓ, શય્યા, ઓષધ, પુસ્તકો, પુસ્તકના ઉપકરણો અને શિષ્યો તેમજ શિક્ષણો, આ બધું જ અમે પારકું સ્વીકાર્યું છે. જન્મથી માંડીને આજે અમો વૃદ્ધ થયા. ધિગ્! અમારા કોરા તપ દ્વારા આ બધી ભક્તિનો બદલો શી રીતે વાળીશું?

**अन्तर्मत्सरिणां बहिः शमवतां प्रच्छन्नपापाऽऽत्मनां**
**नद्यम्भः कृतशुद्धिमद्यपवणिग्दुर्वासनाशात्मनाम् ।**
**पाखण्डव्रतधारिणां बकदृशां मिथ्यादृशामीदृशां,**
**बद्धोऽहं धुरितावदेव चरितैस्तन्मे हहा ! का गतिः ? ॥८॥**

ભાવાર્થ–ભીંતરથી ઈર્ષ્યાળુ છીએ. બહારથી ક્ષમાશ્રમણ છીએ. છૂપા પાપીઓ છીએ. મદિરા ગટગટાવીને એની દુર્ગન્ધ છૂપાવવા નદીનું જળ પીનારા વાણિયા જેવા દંભી છીએ. વ્રતધારીનો લેબાશ રાખ્યા છે બાકી બગલા જેવી મનોવૃત્તિના અમે શિકાર છીએ. મિથ્યાત્વી છીએ. શું કહું ? આવા પાખંડીઓમાંય હું આગેવાન છું, ખરેખર આવા મારા ચરિત્ર છે. મારી કઈ ગતિ થશે ?

## પરિશિષ્ટ–૧ શાસ્ત્રોનું તારણ

### જીવ અન્તર્મુહૂર્તમાં કેટલા ભવ કરે ?

પૃથ્વીકાયનો જીવ - ૧૨૮૨૪ ભવ કરે.
અપ્કાયનો જીવ - ૧૨૮૨૪ ભવ કરે.
તેઉકાયનો જીવ - ૧૨૮૨૪ ભવ કરે.
વાયુકાયનો જીવ - ૧૨૮૨૪ ભવ કરે.
પ્રત્યેક વનસ્પતિકાય - ૩૨૮૨૪ ભવ કરે.
સાધારણ વનસ્પતિકાય - ૬૫૫૩૬ ભવ કરે.
બેઈન્દ્રિય જીવ - ૮૦ ભવ કરે.
તેઈન્દ્રિય જીવ - ૬૦ ભવ કરે.

ચઉરિન્દ્રિય જીવ - ૪૦ ભવ કરે.
અસંજ્ઞી પંચેન્દ્રિય - ૨૪ ભવ કરે.
સંજ્ઞી પંચેન્દ્રિય - ૧ ભવ કરે.
નિગોદના જીવો શ્વાસોચ્છ્વાસ (નાડીનો ધબકાર) માં ૧૭ા ભવ કરે.

જીવવિચાર પ્રશ્નોત્તરી...

## પુરુષવેદાદિ કેટલો સમય મળે ?

(૧).પુરુષવેદ, ઉત્કૃષ્ટથી ૯૦૦ સાગરોપમ ઝાઝેરા.
(૨) સ્ત્રીવેદ, ૧૧૦ પલ્યોપમ ૯ ક્રોડપૂર્વ સુધી.
(૩) નપુંસકવેદ, અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી.
(૪) પંચેન્દ્રિયપણું, ૧૦૦૦ સાગરોપમ ઝાઝેરા.
(૫) ત્રસપણું, ૨૦૦૦ સાગરોપમ ઝાઝેરા.

શ્રીજીવાજીવાભિગમસૂત્ર...

## ભગવાનના વર્ષીદાનનું વર્ણન

પાંચમા બ્રહ્મલોકમાં વસનારા સારસ્વતાદિ નવલોકાંતિક દેવો ભગવાનને સંયમસમય સૂચવે છે. કે હે ભગવાન ! દીક્ષાનો અવસર થઇ ગયો છે. તે વખતે તીર્થંકરના પિતા ચારદ્વારવાળી દાનશાળા કરાવે છે. પહેલા દ્વારમાં આવનારને જમાડે છે. બીજા દ્વારમાં આવનારને વસ્ત્ર આપે છે. ત્રીજા દ્વારમાં આવનારને આભૂષણ આપે છે. ચોથા દ્વારમાં આવનારને રોકડનાણું આપે છે. ભગવાન એક વર્ષ સુધી દરરોજ એક ક્રોડ અને આઠલાખ

સોનૈયાનું વર્ષીદાન આપે છે. ૮૦ રતિનો એક સોનૈયો થાય છે એવા ૧ ક્રોડ અને આઠ લાખ (૧,૦૮,૦૦,૦૦૦) સોનૈયા દરરોજ આપે છે. તેનું વજન ૯૦૦૦ મણ થાય છે. તે વખતના બસોપચીસ ગાડા ભરાય છે. એકવર્ષના દિનારનું તોલ બત્રીસ લાખને ચાલીસ હજાર મણ (૩૨,૪૦,૦૦૦) થાય છે. એક વર્ષના દાનમાં ત્રણ અબજ અને ૮૮ ક્રોડ અને ૮૦ લાખ સોનૈયા થાય (૩,૮૮,૮૦,૦૦,૦૦૦) તેના ૮૧૦૦૦ ગાડા ભરાય.

**શ્રી સોહમકુલ કલ્પવૃક્ષ.**


## પ્રભુજીના દાનવિષયક છ અતિશયો

પ્રતિદિન એક ક્રોડ અને આઠલાખ સોનૈયા આપે, તે સોનૈયા આઠ રતિ કે મતાંતરે એંસીરતિનો પણ કહ્યો છે; છ ઘડી દહાડો ચઢતાં આપવા માંડે તે પોણા બે પહોર સુધી જમવાની વેળા પર્યંત મનવાંછિત દાન સૌને ભાગ્યપ્રમાણે પ્રભુ આપે, સોનૈયામાં પ્રભુનું તથા પ્રભુના માતાપિતાના નામ (દિનાર જનની-જનક અંકિત, દિયે ઈચ્છિત જિનવરં) હોય, તે એક દિવસના દાનના સોનૈયા નવહજાર મણ થાય, ચાલીસ મણનું એક ગાડું ભરતાં કુલ ૨૨૫ ગાડાં ભરાય, તે ગાડાં તથા મણ વગેરે સર્વ માપ જે જે સમયમાં પ્રભુ થયા હોય તે તે સમય તથા તે તે દેશના જાણવા; સંવત્સરી દાનના સોનૈયા સર્વે ઇંદ્રોના આદેશે વૈશ્રમણ દેવતા આઠ સમયમાં નિપજાવી પ્રભુના ગૃહભંડારમાં ભરે, હવે તે દાનના છ અતિશય કહે છે; (૧) તીર્થંકરના હાથને વિષે સૌધર્મેન્દ્ર એવી સ્થિતિ કરે કે જેથી પ્રભુ દાન દેતાં થાકે નહિ, જોકે પ્રભુ તો અનંત- શક્તિના

ધણી છે, તોપણ આ ઉત્સવ અવસરે એ પ્રથમઇંદ્રનો અધિકાર લહાવો લેવારૂપ છે, તે અનાદિની એવી મર્યાદા જાણવી; ઈશાનેંદ્ર સુવર્ણમય રત્નજડિત છડી, દંડ લઈ ઉભો રહે અને ચોસઠ ઈંદ્ર સિવાય બીજા સામાનિક પ્રમુખ દેવોને દાન લેતાં નિવારે, અને યાચકના ભાગ્યાનુસાર ઈશાનેંદ્ર તેના મુખે બોલાવે (૨) ચમરેંદ્ર તથા બલીન્દ્ર પ્રભુની મુઠીમાં વધારે હોય તો પાડી નાંખે, અને ઓછું હોય તો પૂરું કરી આપે, સામાની પ્રાપ્તિને અનુસારે મળે, (૩) ભુવનપતિ દેવતા ભરતક્ષેત્રના મનુષ્યને તેડી આવે (૪) અને વાણવ્યંતર દેવો તેમને પાછા મૂકી આવે (૫) જ્યોતિષી દેવો વિદ્યાધરોને પ્રભુના દાનની ખબર આપે, (૬) તથા પ્રભુના પિતા ચાર મોટી દાનશાળા કરાવે, એકમાં ભરતક્ષેત્રના મનુષ્યને અન્નપાનાદિ ખાદ્ય વસ્તુ આપે, બીજીમાં વસ્ત્ર આપે અને ત્રીજીમાં આભરણ આપે. ચોથીમાં રોકડનાણું આપે.

**વિચાર રત્નસાર-દેવચંદ્રકૃતિ, પાના નં. ૫૪૮**

પૂ. કવિરાજશ્રી દિપવિજયજી મ. રચિત સોહમકુલ-કલ્પવૃક્ષ ગણધર દેવવંદનમાં દીક્ષા કલ્યાણકના દેવવંદનમાં આ મુજબ વર્ણન છે.




# સ્યાદ્વાદમય જૈન શાસન

૧. વિભક્તિના ભેદો-અર્થો નિક્ષેપા
૨. તીર્થસિદ્ધાદિ મુક્તાના પંદર ભેદો
૩. અવસર્પિણીમાં તીર્થોચ્છદકાળ
૪. સંસારીજીવના ભેદો-પ્રભેદો
૫. અજીવદ્રવ્યના ભેદો-સ્વરૂપ
૬. ક્ષેત્રલોકનું સ્વરૂપ-તેમાં રહેલ વસ્તુ-જીવો
૭. આર્ય-અનાર્ય દેશો-રાજધાની
૮. અતીતાદિ ત્રણ કાળનું પ્રમાણ
૯. અવસર્પિણી-ઉત્સર્પિણી કાળચક્ર-છ આરાનું માન
૧૦. કલ્પવૃક્ષોના નામ-પ્રાપ્ત વસ્તુના નામ
૧૧. સમય-આવલિકાદિનું કાલમાન
૧૨. નક્ષત્રમાસાદિ પાંચનું સ્વરૂપ-કાલમાન
૧૩. પલ્યોપમ-સાગરોપમ-પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ
૧૪. ઔદપિકાદિ છ ભાવોનું સ્વરૂપ
૧૫. સજીવ દ્રવ્યોના પારિણામાદિ ભાવો
૧૬. ધર્માસ્તિકાયાદિ અરૂપીદ્રવ્યોના ભાવો

શ્રી વિભક્તિ વિચાર પ્રકરણ
(દ્રવ્યાનુયાગ-સભાવનુવાદ)